રાજ્યમિત્ર'' પત્રનાં ગ્રાહકોને બીજી-ત્રીજી ભેટ

સરયૂ.

પ્રકાશક-અધિપતિ-રાજ્યમિત્ર.

રીચીરોડ-અમદાવાદ.

સસ્તામાં સસ્તુ સાહિત્ય! અત્યુત્તમ વાંચન!
વાર્ષિક માત્ર રૂ. ૨ માં ૧૫૦૦ ઉપરાંત પૃષ્ટ.

કથાકુંજ.

સામાજિક, ધાર્મિક ઐતિહાસિક અને ગુપ્ત પોલિસ ચાતુર્ય-દર્શક રસમય, સુનીતિ સદ્‌બોધમય અને ચમત્કારપુર્ણ નવલકથાઓ

દરેક પુસ્તક સંપૂર્ણ દર માસના પૃષ્ટ ૧૨૫ ના હિસાબે નવલકથાઓ. એક નવલકથાઓ ઉપહાર અને સુંદરચિત્રો

ચાલુ વર્ષની કેટલીક નવલકથાઓ.

૧ નવીન સંન્યાસી—બંગાલી સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રીયુત પ્રભાતકુમાર બેરીસ્ટરના સર્વોત્તમ અને સુબોધક ગ્રન્થનો રા. વ્રજવિહારીનો અનુવાદ પૃષ્ઠ સંખ્યા ૧૨૫ તૈયાર છે

૨ સમાજ—સ્વ. સાક્ષર રમેશચન્દ્ર દત્તની એક અપ્રસિદ્ધ કથાનો અનુવાદ પૃષ્ટ સંખ્યા ૨૫૦ (મેમા પ્રકટ થશે)

૩ ચીતોડપર ચ્હડાઇ—અથવા પદ્મિનીનુ અનુસંધાન—એક ઐતિહાસીક વીરરસપૂર્ણ નવલ કથા.

૪ શ્રી ગુર્જર વાર્તાવલિ—અનેક ગુર્જર ઐતિહાસિક તેમજ સામાજિક નવલ કથાઓનો સર્વોત્તમ સંગ્રહ.

વાર્ષિક લવાજમ—ઉત્તમ કાગળ-મનહર છાપ, આકર્ષક પુઠું રૂ ૨ ટપાલ ખર્ચ સાથે. પરદેશના ગ્રાહકોએ રૂ. ૨-૬-૦ નો પોસ્ટ ચેક મોકલવો.

"કથાકુંજ કાર્યાલય.
રાયપુર-અમ.

સરયૂ.

લખનાર,

કેશવલાલ હરગોવનદાસ શેઠ.

ઉમરેઠ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચીમનલાલ દલસુખરામ નાણાવટી.

અધિપતિ "રાજ્યમિત્ર".

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદ—પાનકોરના નાકે ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું.

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૪

કિંમત ૦—૮—૦

નિવેદન

જેણે મૂળ પુસ્તક જોયું નહિ હોય એને તો આ નવીજ કૃતિ લાગશે, છતાં અવલોકનકારનો ન્યાય નિરાળોજ; મતલબ કે બંગાળીમાંથી અસ્વસ્થ (ભાગી તૂટી) વસ્તુ ઉપાડી લઇ ઉપજાવેલી આ "વીરરસ પ્રાધાન્ય" કથાનો મૂળની સાથે કશોજ સંબંધ જળવાયલો, જોનાર જોઇ શકશે નહિ અને તેથીજ દોષ તથા નફાની જવાબદારી હોરવાનો વિવેક મને પોતાનેજ છાજતો માનું છું.

પ્રસ્તુત કથાને વિસ્તૃત કદમાં મૂકવાનો આશય છતાં દેશને લગતી ચાલૂ ચળવળ અને એને અંગે જન્મ પામતા પ્રતિકૂળ સંજોગના પ્રાબલ્યે, પાત્રમાંના વિચાર સંકુચિત અર્થે વેર્યા છે, છતા એટલામાંથીયે લખાણના સંક્ષિપ્ત રહસ્યને કળી જઇ, વાંચનારનું વલણ સંજ્ઞા માત્રમાં વળે તો કૃતિ ફળી માની શકું અને લીધેલી તક પણ.

કેશવ, હ. શેઠ.

સરયૂ.

(૧)

છેલ્લો મેળાપ.

" न जाणे जानकीनाथः प्रातःकाले किं भविष्यति. "

" પાછળ પાછળ આવો, દૃષ્ટિ દીવા ભણી રાખજો, કોઇ પૂછે તો કશું બોલશો ના, ઉત્તર હું આપીશ. "

" બધાજ ઘોરતા જણાય છે ! હર ! હર ! મોહાન્ધ રાજાના રાજ્યમાં આમજ અન્ધાધુની ચાલવાની, નહિ વારૂં ? "

" ધીમાં બોલો; જૂઓ, મન મારે તે રાજા નહિ, પણ મન જીતે તે રાજા; ને જેણે પોતાની મનેન્દ્રિયો પર કાબુ મેળવ્યો નથી એવા રાજા એ રાજામા લેખાય ? જવાદ્યો એ બધું આ ટાણે. " બોલનાર પુરૂષે હાથમાના ફાનસના દિવાની જ્યોત ઝીણી કરી આગળ ચાલતાં કહ્યું–

ધીમે પગલે પાછળ ચાલતી બાલિકા મનમાં બડબડતી હતીઃ–" શૂર ને ગુલામમાં કેટલો તફાવત ? જે હૃદયમાં દીવો

રાખી એના પ્રકાશે પન્થ બતાવે તે ગુરૂ, ને હાથમાં દીપક
" પકડી તેના તેજે પન્થ બતાવે તે ગુલામ ! આ ગુલામે મને
" અત્યારે માર્ગે દોરી, માર્ગે દોરી એટલુંજ નહિ પણ મારી આ-
" ધાર વગરની અભિરૂચિ અને અભિલાષા ફળવામા પૂરી મદદ કરી,
" અને મદદ કરી એટલું નહિ પણ હૃદયની ધારણા અમલમાં
" આણવા માટે એ એક પાત્ર ઉભો થયો ! ત્યારે મ્હારો એ ગમે તો
" પ્રભુ પથનો નહિ તો પ્રભુ રચિત સૃષ્ટિમાનો તો ગુરૂ ખરોસ્તો !
" નહિ તો કાળી અંધારી રાતે હું એકલી અથડાતી કૂટાતી અહીં કયારે
" આવત? ને કયારે ફાવત ? પણ હવે તો (ઊંચુ જોતાં–દૃષ્ટિ બધે
" ફેરવીને)—

" રાત્રી આ ઝણુઝણાટ જેમ કરતી, વેગે ઉડી જાય છે."
" નિદ્રાની મીઠી પાંખમા જન બધાં જંપે પ્રશાન્તિ વિષે"*

" (બાળાએ ઉંડો નિશ્વાસ નાખ્યો, ને બોલી) હા દેવ ! પણ
" કાળી નિશાથીદેશ દશા (દિશા)નહોતી સુઝતી ત્યારે એ અકારી લાગતી
" હતી, હવે રાત ફીટી વ્હાણું વાશે તે પણ મ્હને તો અણગમો
" ઉપજાવે છે ! કાંકે લાંબી નહિ થાયવાત, કે નહિ બેસાય ! આથી
" તો એ અંધારી ભય ભરેલી ને તમરાના ગીતવાળી રાતજ રૂડી
" હતી પણ હવે તો " રૂડી હતી " બોલીનેજ વિરમવાનું ! "

મગજ મગજના તાર જૂદા હોય છે–વાચક માત્રના સમાન વિચાર હોતા નથી, ને તેથી પોતપોતાના મત પ્રમાણે કલ્પનાના કિલ્લા બાંધી નાખે છે, આમ હોવાથી આ બાલા કે જેને પ્રભાતના પહોરનો અ-ણગમો અને રાતના પ્રહર રૂચિકર લાગતા હતા એના સંબંધે કોઇ

---

* પ્રો૦ મણિભાઇ.

ઉલટો મત કવચિત્ બાંધી લે એવી દે'શતે થોડુક તત્સંબંધી પ્રતિપાદન કરવું મને ઉચિત લાગે છે.

ચન્દની ઢળાયલી રજની રમ્ય હૃદયને રળિયામણી લાગે છે. પાદપને પાંદડે પાદડે દેવના દીવા દીપતા હોય એવી રીતે પથરાયલી ચન્દની ચિત્તને, નયનને, અને હૃદયને કુદરત પ્રતિના સ્નેહભર્યા ભાવે આકર્ષે છે; એમાં (ચન્દની) ન્હાતા રસઘેલાં હૃદયો સૂર્યોદયે જેમ પદ્મ વિકસીત થતાં હોય એમ પ્રફુલ્લ બનતા દિસે છે. અવનીનો આકખો પટ રૂપેરી રસથી રસાયલો જોવાને જોનાર અખંડ આતુર રહે છે, અને આ'વી રજનીએ ખાસ કરીને કોઇ રાસ ખેલશે, કોઇ વન ઉપવનમાં ફરવા ગયેલા અદર્યા (માડા)જ આવશે, ને કોઇ પોતાની માળમાંની અગાશી (આકાશીમાં) ઈઝીચેર જેવું કાંઇક નાખીને જાણે કાજળ અંજાવા આખ ધરવામાં આવે, એમ એ ચન્દનીનાં નૂર નેત્રમાં અંજાવા ચન્દ્ર પ્રતિ દૃષ્ટિ નાખી રહ્યા હોય એમ અનિમિષ જોયા કરશે—

" મધુર કોમળ ચંદની શી ખીલે !
તરૂવરો સહુ અમૃતને ઝીલે !
બધુ રૂપેરી રસે રસિયું વને !
પરમ શોભન લોભન લોચને !" *

કવિ આમ વિવિધ પ્રકારના કાવ્યોમાં એ રસને ઉતારશે–ઉતારી–કાવ્ય રસમાં એ રસ મિશ્ર કરી એ દ્વારા મઝા, મઠાશ અને આનન્દ અનુભવશે કોઇ ' દેવની લીલા ' માં ડુલશે, કોઇ કુદરતમા ખેંચાશે, કોઇ તત્સંબંધે વિવિધ વાર્તાલાપે ઝુલશે, તો કોઇ કઇ નહિ ને કંઇ રીતે પ્રકૃતિ અનુસાર ચન્દનીની મઝા માણશે ને માણનાર સર્વ

---

* રા. મધુવચ્છરામ.

લલિત લ્હાવ લેશે; હવે એજ ચન્દનીનો અણુગમો કોને હોવાનો ? ચન્દની ભલે સકલ મનરંજન કહેવાય; પણ એમાં યે અપવાદ તો હોયજ, ને તે અપવાદ, લોકે, તસ્કર તથા ઘુવડને માથે મૂક્યો છે- એમને અજવાળી રાત પર અભાવ છે ! અને એજ અભાવભર્યો ઉદ્ગાર બાળાના આનનથી ઉચરાતો વાચક વાંચે છે ! આનું કારણ અને અનુમાન, અનેક રીતે બન્ધાવું ન જોઇએ, કેમકે બાળા તે બાળાજ હતી, તે પવિત્ર હતી, વીર પૂત્રી હતી એ ચોર ન હતી, તે કુદરતને ન્હાનાર હતા, કુદરતી લીલાવલોકનની શોખીન હતી; એના વિચાર અજવાળુ પાડે એવા તેજ ભર્યા હતા, એને ગમતું પણ પ્રકાશમય જીવનમા વસવાનું, ઘુવડ જેવી એની મતિ નહતી, કે નહતી વૃત્તિ છતા તે પ્રભાત પર અણુગમો કેમ ધરાવતી હતી? વાચનાર ! એનું હ્રદય પ્રકાશ જોવા અધીરૂ ને ઉતાવળુ હતું, પણ ફરજનુ રોકાણુ ને દબાણ હતુ; એક ફરજે એને અણુગમો ઉપજાવેલો, બીજું ચન્દનીથી રસાયલા નિર્મળ ગગનમા રૂપાના ગોળા સમોવડ શશીને આચ્છાદિત કરનાર વારિથી શ્યામ ભાસતી વાદળીયોએ વાદળાને લીધે શુકલ પક્ષની નિશા ને કેવળ કૃષ્ણ રૂપ કરી નાખી હતી,.પેલા ફાનસવાળાને લઇ ઘેરથી નીકળી, તે વખતે બાલિકાને ચન્દની ઉપાડી એના આત્માને ઉંચે લઇ જઇ ચન્દ્ર કને રમાડતી હસાડતી ને લાડ લડાવતી હતી, પણ ધવલ ચન્દ્રિકા ! રૂપેરી રસ શી ચન્દ્રિકા વાદળાંને લીધે વિરમી ગઇ, સર્વત્ર શ્યામ રંગ પથરાઇ ગયો. અજવાળું માત્ર પાસેના પુરૂષની કનેના ફાનસમાંના દીવાનુંજ. ઘેરથી ગમન થયા પછી તો બાલકીને વાટમાં બહુ વિતેલું, પણ વીરાત્મજાને મન તે સઘળુ હાસ્યપદ લાગતુ ! એને મન તો "ડગલું ભર્યું કે ના હઠવું-ના હઠવું" આમ હતું; બાકી

વાદળીઓએ વેરેલો અન્ધકાર એવો ગાઢ હતો કે ભલભલાનાં ચિત ચલિત થઇ જાય ! જાણે કે તેજાસ્ત્ર સ્હામે વાદળીઓએ તિમિરાસ્ત્ર ફેંકી સઘળા પ્રકાશનો કેમ નાશ ન કીધો હોય ? આભાસ એવો થતો ! અથવા તો જોનારના નેત્રો પર અન્ધારી પીછોડી ઓઢાડી હોયની એવો ખ્યાલ મનથી તરી આવતો ! વ્યોમ વસુધા અને દિશામાંની જે જે વસ્તુપર દ્રષ્ટિ ફેંકવામા આવતી તે તે તમામ કાળાશને લીધે ઝાખાટ ભરી ઝાંખી કરાવતી ! કોઇ કોઇ તો જણાતીજ ના ! જોનાર પોતાની જાતને પણ બરાબર ભાળી શકે ના ! દિશાઓ સઘળી શાન્ત હતી, સૃષ્ટિમાં સર્વત્ર શૂન્ય ભાસતુ, ને કશોજ કલરવ કર્ણગોચર થતો નહિ, જો કંઇ પણ ધ્વનિ સંભળાતો હોય તો ઝમઝમાટ કરતી કાળી-અન્ધારી સાડી પરિધાન કરેલી રાત્રીને વધારે ભયાનક બનાવતા અનિલનોજ ! ઘરની બ્હાર નીકળવું એ અત્યારે કોઇ કાચા પોચાનું કામ ન હતું; પ્રસ્તુત વિષયનો પ્રસંગ જો કે ગ્રિષ્મ ઋતુના આરંભમાંનો હતો, છતા માવઠું થવાની ઘડીઓ ગણાતી હતી એટલે ભેગે ભેગી ઘનરાજ પણ એ વીરીની વિદાય વખતે મઝાક કરવાનુ ભૂલતો નહિ ! ઘનની ગાજવીજ, અને સાથે સાથે કોઇ કોઇવાર વિજળીના ઝબકારા થયા જતા હતા, જાણે કે પંદર વર્ષની બાલિકાને બ્હીવરાવવા મથતા હોય ! અથવા તો તેના મનોરમણીય સૌન્દર્યની, પોતેજ બ્હીતાં બ્હીતાં ઉતાવળે ઝાંખી કરવા આકાશમાથી ઉતરી પડતા હોય ! કે એની વીરતા, દ્રઢતા તથા ધૈર્યને ધન્યવાદ આપી તિમિર ભરેલી નિશામાં માર્ગદર્શક નીવડવાનું ચ્હાતા હોય ! પણ પળે પળે વિદ્યુત્ ડોકીઓ કરી જતી; હૃદયભેદક કાટકા અને ભયપ્રદ મેઘગર્જના પણ એવી થતી હતી કે વનમાંના કેસરીની ગર્જનાએ પાસેનાં પ્રાણીઓ મૂઠીઓ વાળી ન્હાસી જાય કાં તો

હોય ત્યાં ને ત્યાંજ ઠરી જાય, અને બધે શાન્તિભર્યો ભય દેખા દે, તેમ અત્ર પાદપ, પહાડ સાથે પૃથ્વિ ડોલાયમાન થવાની તૈયારીમાં જાણે ક્ષણભર શાન્ત બની ગઇ હોય એવી કલ્પના થતી'તી.

બાલિકા આ બધું અનુભવતી હતી, અનુભવતાં વિચારતી આગળ વધતી હતી, કુમળા બાપડા પંખીડા લપાઇને બચ્ચાં સાથે પોઢેલા હોય, તે આવી તોપ જેવા કારમા કડાકાથી નિદ્રાભંગ હોઇ ધ્રુજતે અંગે બહાર નીકળી કરૂણ ચીસ પાડતા, તે બાલિકાથી સહેવાતુ નહિ, છુટા જનાવર પણ પ્રાણી તોબાહ પોકરાવતાં હફાળાં જ્યાં ત્યાં દોડતા કોઇ ગુફા જેવું વિશ્રામ સ્થાન શોધતાં જેને જ્યાં જડ્યું, તે ત્યાં ભરાઇ જતાં બાલિકાને આ નિશ્વાસ નખાવતું, અને કલ્પના કરાવતું કે અન્તરીક્ષથી કોઈ પ્રચંડ આત્મા ગગનભેદી અવની પર ઉતરવાની તૈયારીમાં હોય! ચિતાર ચિત્તમાં એવો ચિતરાતો હતો.

ગુર્જરગડમાના જૈતપુરના સુવર્ણગઢ તરફ બાલિકા વળી, તે વખતે આછા આછા મોતીના ઝીણા દાણા શા છાંટા ગરવા લાગેલા—સૃષ્ટિમાં વૃષ્ટિની પધરામણી થવા માંડી હતી, બાળાના બળપૂર્ણ આત્મ પ્રભાવથી વરી જઇ હવે એના પર અમિદૃષ્ટિનું સિંચન કરવા માંડ્યું હોય! કારાગૃહ હવે બહુ દૂર ન હતું. એની લગભગ આવી પહોંચેલાં હોવાથી પેલા ફાનસવાળીએ એને " પાછળ પાછળ આવો " એમ કહ્યું હતું, દીવાની વાટ (બત્તી) ઝીણી કરવાથી હવે છૂટા પથરાયલા કટી સુધીના બાલિકાના શિર કેશથી જે એનું ભરાવાદાર વદન આંખ ઠારતું હતું, તે હવે સ્પષ્ટ સોહાતું ન હતું, માત્ર પરિધાન કરેલી શ્વેત સાડી, અને કમળદંડ જેવા કુમળા પણ બળપૂર્ણ બાહુએ ગ્રહેલી અસિ ઉપરાંત વીરીના ચો પાસ કરતાં ચળકીત ચક્ષુ, એટલામા અજવાળું—ખવતા ભાસતી હતી.

જોકે બાલિકા નીડર હતી, પણ સમસ્ત વિશ્વ ઘોરનિદ્રામાં આવિર્ભૂત હતું એટલે કારાગ્રહના કોટડા પર પહેરો ફરનારા પણ એજ સ્થિતિમાં હોવાથી વિલોલ નેત્ર ચારે બાજૂ ચાળવની આ બાલિકાના વેગને કળી જઇકોઇ એને જોઇ શકે એવો સંભવજ નહતો.

ન્હાના જંતુ પગ તળે દબાઇ મરી ન જાય, અથવા ભૂમિને બહુ ભાર ન લાગે એવા હેતુથી જાણે પોચાં પગલાં પાડતો હોય એમ ફાનસવાળો આસ્તેથી કારાગ્રહના પૂર્વ ભાગ ભણી વળતો હતો, પાછળ બાલિકાની ગતિ થતી'તી, રાણાએ કારાગ્રહનું રખવાળુ (રક્ષણ) અને રખેવાળ વગેરેની વ્યવસ્થા તો ઘણી કરેલી હતી, પણ મૂળે 'પોપાબાઇ' ના રાજ્ય જેવી અવસ્થાથી સઘળી વ્યવસ્થા વૃથા નીવડવા પામતી, આજ પણ એમજ બન્યુ. અર્થાત્ સઘળી ગોઠવણોથી અને અન્તરાયભૂત સ્થળોથી અણીપૂણી પાર ઉતરી ઉભય કારાગ્રહના દ્વાર આગળ આવી પહોચ્યા હતા.

" આ કેદખાનું, બાપા સાહેબ એમાં છે, તમે મળો, ને ફાનસ રાખો તમારી કને, હું આસપાસ તપાસ રાખવા ફર્યા કરીશ " કહી ફાનસવાળો ફાનસ મૂકી ત્યાંથી વિદાય થયા, બાલિકા કારાગ્રહ કને આવી, ફાનસ ઉંચું કરી જોયું તો તાળું વાસેલુ જણાયુ ! તરવારના એક ઘાએ તેને દ્વારથી જૂદું કર્યુ, જરાક ખડખડાટ તો થયો પણ અફીણીઆની પેઠે પાસેજ ઘોરતા પેરાવાળામાંથી કોઈ જાગ્યું નહતું. પછી, એક કમાડ આસ્તેથી અધખોલુ (અર્ધખૂલ્લું) કર્યુ–ચીંચરકો બોલ્યો, બાલિકાએ પાછૂ વાળી પેરાવાળા તરફ નજર ફેરવીને જોયું, તો તેઓ તો ઘેનમાંજ હોય એમ લાગ્યું, આથી બાલાને જરા હસવું આવ્યું " વાહરે રખેવાળો ! ભૂંડા રાજા ! " આટલુ બડબડી; દ્રષ્ટિ પાછી ખેંચી લઇ દીવાને જરા સતેજ કર્યો અને કારાગ્રહની અંદર

પ્રવેશ કીધો, ને પોઢેલા પિતાનાં ચક્ષુ ઢળેલાં જોઇ તેનાથી બોલી જવાયુ—" આપત્તિ છતાંયે શી મીઠી ઉંઘ ! "

"કોણ ? સરયૂ !" નિદ્રાધીન નહિ પણ વિચારમાં પડેલા પિતાએ પુત્રીનો રવ પારખતા પૂછ્યું-પૂછતાજ ઉઠીને બેઠાથયો હતો. ચક્ષુ સરયૂ પર ઢળ્યા હતા

" હા, પિતાજી ! " વધારે બોલવાની અપેક્ષા છતાં બાલિકા બોલી શકીના, અત્યાર સુધી વરસતી વાદળીમાંથી બિન્દુ ખરતાં હતાં, હવે પિતાનાં દર્શને દ્રવવા માંડેલા હૃદયમાંથી નયનદ્વારા બે ચાર મોતી ખર્યાં. ને તે પિતા ન જાણે એમ પહેરેલી સાડીના પાલવમાં ઝીલી લીધાં, પણ પિતા ન જાણે કેમ ? દીકરીનાં આંસુએ બાપના અન્તરને અન્તરથીજ પણ ઉંડી અપર કરી હૃદયને ભીંજાવી દીધું. બાપ પણ જરા ગળગળો થયો, ઉભયનો ઉભરો ક્ષણભર ઉભરાઇ ગયો. વીર આત્મા છતા કોઇથી તે દબાવી શકાયો ના ! કુદરતી ને કોણ દબાવી શકે છે ? આ કાંઈ કૃત્રિમતા ન હતી. પાછાં બન્ને સાવધાન થયાં, પુત્રીની જીભ પહેલી ઉપડી નહિ, પિતાએ પગરાણ માંડયું—

" હું સુખી છું, બેટા ! દીકરી ! ગમગિની શા માટે ? "

" મને ગમગિની થાય છે—મ્હારાથી રોઇ જવાય છે, બાપુ ! મને રોવા દ્યો. " બોલતાં બોલતાં સરયૂનો કંઠ રૂંધાઈ ગયો. પિતાએ એને અંકમા લીધી, અને પંદર વર્ષની સરયૂ અત્યારે બે વર્ષની બાલકી બની હતી એને શિરપર હાથ ફેરવતા પિતા આશ્વાસન આપવા લાગ્યા. " દૈવ પણ અનુકૂળ નહિ ? સત્ય તરી આવતાં કેટલો વિલંબ ! " ભાગ્યા તૂટયા શબ્દો સરયૂના વદનથી નીકળ્યા. " દૈવને કો દોષ દેવો ? દુષ્ટના વિશ્વાસે દંડાયો છું, દીકરી ! (પિતાનું ગંભીર

ગરમ થવા લાગ્યું) સિંહ અત્યારે શિયાળની સ્થિતિ ભોગવે છે એ પાત્રાપાત્રની કદર વગરના અવિચારી વિશ્વાસેજ; બાકી ભીમમલ જેવો મ્હારી આમ કંગાલ હાલત કરે એ સ્વપ્નેય ન માનવા જેવું છે (સરયૂને આ સાંભળી પાછૂ ઓછૂં આવી ગયુ.) જો પાછી ઘેલાં કાઢે છે? આવ મ્હારા લાડકા પૂષ્પ! મ્હારા મીઠા ફુલ! મારી કને આવ, વીરપુત્રીને આમ છાજતું હશે વારૂં? કાળજુ ઢાલ જેવુ કાં ન રાખીએ? (સરયૂ સ્વસ્થ થઇ, નીચું જોઇ ભૂમિ ખણુવા લાગી) જો! હવે ત્હારો ચ્હેરો કેવો આનન્દી લાગે છે! માથાના વાળની લટ મ્હો આગળ આવી ગઇ છે! જરા કોરાણે કર, બેટા! બોલ હવે શાન્ત છે ને? મારી કને વાતો કરી લે."

"શાન્તિ? બાપુ! શાન્તિ શી રીતે વળે? નિમકહરામ અમાત્યે દગો દીધો એ ભૂલવા ધારૂં પણ ના ભુલાય, એને ભૂલવા માટે તો હવે પિતાની કંઇ આજ્ઞા જોઇએ."

"આજ્ઞા માત્ર એટલી કે ઈશ્વર પરની અચળ શ્રદ્ધા દ્વારા સ્વધર્મપરાયણ રહેવું એજ; એમાં સર્વનો સમાવેશ થાય છે. વિશેષ શું? વિશેષમા એક સૂચન–ને તે સંક્ષિપ્તમાંજ, કે મ્હારા તરફની કાળજી કરવી નહિ, હું પોતે કેસરી છૂં, મને (વિશ્વાસે ભોળવાઇ જવાની) કરેલ ભૂલ બદલ રણયજ્ઞમા અસિવડે ખેલનાં મેળવાતી મઝાને સ્થાને આમ કોટડામા ભરાઇ રહેવું પડયું છે એ શિક્ષા મનને થવી જોઇએ, બાકી આત્મા મ્હારો આનન્દીત છે. તે કેસરીઆં કરવા ક્યારનોયે ગર્જી રહ્યો છે, પણ સઘળું સમયે, ને સરયૂ! "દૈવ અનુકૂળ નહિ" એવો ઉદ્દગાર ત્હારા વદનથી કેમ નીકળવા પામેલો! મને તો એ લજ્જીત બનાવે છે! તું નથી જોતી કે દૈવ અનુકૂળ ન હોય, તો આમ અનેક અન્તરાયો છતા નીડર અને નીઃશંક પણે સ્પષ્ટ વાતો ક્યાંથી થાત?"

"બાપુ ! એ ઉદ્‌ગાર અશ્રદ્ધા સૂચક નહીં, પણ દુઃખાદ્ર હૃદયે ઉદ્‌ભવેલો પ્રભુ પરની પ્રીતિ સૂચક છે, માનશો. ?"

"હૃ માનીશ, કેમ ન માનું ? મારી સરયુનું હૃદય અભિમનુ ભૂ પીનારૂ છે, પવિત્ર અને ન્યાયી છે, ને જો તેમ ન હોય તો દેવ આમ વાતો કરવાની દયા બક્ષે ના "

"વિશ્વાસઘાત કરનાર ક્રુર ભીરૂમલ જેવા થવાનું ચાહીએ તો અત્યારે જ અહીંથી ન્હાસી છૂટવાને માર્ગ મોકળો છે, પણ પિતાજી ! મને એથી જે મઝા પડે, એ કરતાં ઘણી મઝા તો દુષ્ટને દુષ્ટતાના ફળ સળવળતા ત્હમારા બાહુ બળે ચખાડી—શત્રુને સમરાંગણમા રોળીને વિજયી નીવડી રાજધાનીમાં આવતાં પડશે."

"વીર વરણ્ય હો દીકરા ! દેવ ત્હને મ્હારા હ્રદયમા ઉતરી સુભાશિષ દે છે, વીર આત્માઓએ તો સદા એમજ ઇચ્છવું જોઇયે, ભય પામી ને દાવ સાધતા ભાગી છુટે ભીરૂ "

"ભીરૂમલ જેવા."

' જવા દે એનું નામ, (સ્મરણમાં આવતા) હા; ઘણાયે ' સમય સૂચકતા ' વાપરવી જોઇયે એ ન્યાયે આવા પ્રસંગે પોતાનું રક્ષણ કરવા લલચાય છે, તથાપિ એક દૃષ્ટિએ જોનાર બાપલા સ્વાર્થી વ્યાવહારિક વર્તને દેવની આશિષ મેળવતા નથી. "હૃં અત્યારે તદ્દન મુક્ત છું મને કોઇ ન્હાશી જતા રોકનાર નથી." આવી ધારણાઓમા ' કોઇ ' ના સ્મરણે ઈશ્વર, અને ' ફરજ ' કે જે રોકનાર મૂખ્ય છે એમનાં તો વિસ્મૃણ કરે છે ! ધિક્ક છે એવાઓને."

"ખરૂં છે, પિતાજી ! આ તમે નથી બોલતા, તમારો આત્મા બોલે છે, બોલીને આત્મા—આત્મ બળનો પ્રભાવ દર્શાવે છે, તમે કહ્યા એવા કુભાન્ડિકોએ વિચારવું જોઇએ, કે જે

કાયદો પ્રજા માટે-પ્રજાના હિત માટે ઘડાય છે, તે કાયદો પ્રથમ તો પોતાના હિત માટે જ ઘડાય છે, માનો કે પ્રજાનું એજ રાજાનું હિત; પણ એમ નહિ સ્વીકારી, અને પ્રજાપર કાયદાનો બોજો નાખતા અગાઉ રાજા પોતાની મનેન્દ્રિયોપર કાયદાનો અમલ ન કરે એ રાજા નથી, પણ પ્રતિમા છે. નહિ પિતાજી ? ને હે ? એવા મૂઢને પોતે પોતાના કાયદાનો ભંગ કરે તે બદલ કશો જ સંકોચ ન થાય ? ”

“ સંકોચ થાય એવાનો રાજા (પ્રતિમા નહિ.) કહેવરાવવાનો અધિકાર પહોંચે છે ને એમની વાત તો આપણે નથી કરતા, એવા રાજાઓ સર્વોસ્થળે શાન્તિ અનુભવે છે ”

“ જેવી તમારામા હું જોઉંછુ. ”

“ ઘેલી ! મારામા કેમ ન હોય, કેદમા કાયા પૂરાયલી છે, ને વીર આત્માએ.ને કાયા કને માયા રાખ્યે પાલવતું હશે ? જાણે છે કે આત્મા મ્હારો સ્વતંત્ર છે. મુક્ત છે, સુખી છે. ”

“ બેશક ”

ત્યારે બોય પહેલાં કેમ અકળામણ કરતી હતી ? ”

“ મ્હારે મ્હોઢેજ બોલાવશો ? બાપુ ? રોતી'તી મ્હારા સ્વાર્થે, ને રોવરાવનાર તમારા પરની ભક્તિ ! વિઘ્નો તો અનેક આવે, ને વીરને મન તો જેમ વિઘ્ન વધારે તેમ તેની વીરતાનુ પ્રાબલ્ય વિશેષ; એથી ડરે તે ક્ષત્રીકૂળને લાંચ્છન લગાડનાર કહેવાય, એ ક્ષત્રીકુળ દીપક નહીં. હું આ સમજું છું, ને પિતાજી ! પૂજ્ય પિતાજી ! મ્હારા વિસામા રૂપ કલ્પ વૃક્ષ ! તમારી સેવાથી હું વિમુખ થવાની જાણી મને ઓછું આવી ગયું-માત વ્હોણી તમારી સરયુને મા યાદ આવી ગઇ, નિર્જન વનમાંના વાવાઝોડા ખમવાનું શિક્ષણ હવે પિતા વગર

કોણ આપશે ! એ સ્વાથ યાદ આવ્યો, કંઇક દુષ્ટની મુર્ખાઇથી તમારો દમતો ને દહતો દેહ જોવાઇ ગયો ને એવા એવાં પ્રયોજને નેત્રમાંથી પાણી વહેવરાવેલુ "પાણી વહેવરાવેલું" એ શબ્દ પૂરો બોલાયો પણ નહોતો, અને પિતા ગર્જી ઉઠયો —" એક મરણીઓ હજારોને બારે છે. જોઇશ તું કે સઘળાં સારાં વાનાં—"વાક્ય અપૂર્ણ રહેવા પામ્યું. ઝનૂનીને રાત છે કે દિવસ ! કે પોતે કયા છે ! એનું યે ભાન રહ્યું ના. વાક્યને ધીમી ગતિ આપતા સરયુએ પ્રત્યુત્તર વાળ્યો—"એક મરણીઓ હજારોને બારે એ ખરૂં છે, પિતાજી ! પણ એ 'મરણીઓ' શબ્દજ ભડકાવે છે ! મરણીઓ' એટલેજ પુનઃદર્શનની લોલુપતાથી મુક્ત થવું તે ! કેમકે 'મરણીઆ' માટે ઘણે અંશે સ્વર્ગ નિર્માણ હોય છે, ને જો તે ખરૂ હોય તો હું પિતાજી ! તમને પુન ન જોઇ શકું કદાચ ! પછી તો માત વ્હોણી છું, ને તાત વ્હોણી થઉં; ને જીવન નીરસ લાગે, છાયા વગર તાપમા તપવું, તે કરતાં હું અત્યારથીજ તમારી મદદમા રહું. બને તેટલી સેવા કરૂં, ને જ્યા જાઓ ત્યા સાથે આવું એ ઉત્તમ નહી ? મને હસશો ના."

"હુ હસીશ નહિ, પણ આ શબ્દો કોઇ નિર્બળને છાજતા છે, સરયૂ ! જે જીવનને તુ નીરસ માને છે, એજ જીવન સ્વાશ્રયે અને પ્રભુપરની અડગ શ્રદ્ધાએ રસાળ ન બનાવી શકે ? તું આ માનશે કે જ્યા સુધી સ્વધર્મને મનુષ્ય વિસારતો નથી, ત્યાં સુધી ધર્મના ઉત્પાદક દેવ તેને વિસારતા નથી."

"હુ માનૂ છૂ"

"ત્યારે ?"

"ત્યારે કાંઇ નહિ, અમુક ગુણ અમુક સંજોગે આચ્છાદિત થયેલો પણ હોય છે, મ્હારો આ ગુણ આપે વિકસિત કીધો. પિતાજી ! હું હવે પૂર્ણ નિર્ભય છું, શાન્ત છૂ."

"વાતમાં રાત વીતી જવા આવી છે, હવે ત્વરા થવી જોઇયે." (પેલા ફાનસવાળા પ્રતિહારે સંજ્ઞા કરી) "તો સરયૂ ! હવે આપણી વાતનો અન્ત આવવો જોઇએ, બસ; આવીજ ગયો છે; બેટા ! દીકરી ! આવ મને છેલ્લું આલિંગન આપ." (સરયૂને સોડમા લઇ છૂટી કરે છે)

"છેલ્લું ? પિતાજી ! છેલ્લુંજ ! ! આ શબ્દ અનાયાસે નીકળ્યો ? આમ જ છે તો મ્હારી એક યાચના.—"

" કહી દે, હું કોડ પૂરા કરવીશ, નીરાશ નહિ કરું. "

" એજ કે ભીરૂમલના નિમિત્તે મ્હારી હયાતિમાં આપ. અમૃતપૂરમાં જાવ; તો તે દુષ્ટના રૂધીરમાં આ કોરી ને કડકડતી અસિને સ્નાન કરાવું, પાન કરાવું, એના રૂધીરથી હું પિતૃતૃપણ કરૂ "

" કેવી પ્રચંડ પ્રતિજ્ઞા ! (પિતાએ જરા હાસ્ય કીધું.) સરયૂ ! આ અદ્ભૂત સાહસમા સર્વેશ્વર તને સ્હાય. થજો, મ્હારી તને ત્હારી માગણીમાં સહાનુભૂતિ છે, આજ સુધી ત્હારા આ મૃત્યુ લોકના પિતાનો ત્હારાપર હાથ હતો, હવે અમર પિતાને અંકે પડવાનું છે એ પિતા ત્હારૂં કલ્યાણ જ કરશે; સરયૂ ! જાસુસને થોડુંક ગગાને કહીને જર અપાવી ખુશી કરજે, જા હવે, જવું જોઇયે, મળાશે તો મળીશું, નહિ તો સ્વર્ગમાં ! "

પરાણે કોઇ દોરી જતુ હોય એવી સ્થિતિયે સરયૂ ઉઠી, પિતાને પ્રણામ કર્યા, પૂજ્ય ભાવથી, ભક્તિભાવથી, વાત્સલ્યતાવાળા પિતામાં ગરકાવ થતી સરયૂએ એક છેલ્લીવાર એમના સર્વાગ પર દષ્ટિ નાખી લીધી, અને આજ્ઞાધીન બાળા પછી ત્યાંથી વિદાય થઇ, થોડેક સુધી પિતાનાં ચક્ષુને ચોરતી ગઇ.

---

(૨)

" વીર મૃત્યુ. "

" શૂરવીર નર સંસારમા, શરણુ કદી નહિ થાય;
સિંહ ભલે ભૂખે મરે, ખડ મરતાં નહિ ખાય." *

બન્દીવાન બનેલા સરયૂના પિતાનુ નામ જયમલ હતું, ભીરુમલ તેનો સગો ન હતો પણ સંબંધી હતો, આ સંબંધ મોહાન્ધતાને અંગે વિશ્વાસુ જયમલ સાથે થયેલો હતો; સ્વાર્થ એ હતો કે ભીરૂમલ પોતાના પુત્રનાં લગ્ન સરયૂ સાથે થવાનું ચ્હાતો હતો; કુળમા અને રાજ્યમાં જયમલ કરતાં ભીરૂમલ ચઢીઆતો હતો એટલે આ ધારણા પાર પડવાની એને અપેક્ષા હતી, ગાઢ સંબંધ ઘણો કાળ રહ્યો, પણ ભીરૂમલનું કશું વળ્યું ના, કહ્યા કહેવરાવ્યા છતા મળવાનું મળ્યૂ ના. આખરે બીરૂ ભીરૂમલ જાતપર ગયો અને કાવત્રાં રચી જયમલના અમાત્યને પોતાને આધીન કરી પ્રપંચ જાળ પાથરીને જયમલને કેદમા નાખ્યો, તે એવા હેતુથી કે સરયૂ આપવાની કબૂલ કરે તો મુક્ત કરવો, નહિ તો રીબાવી પ્રાણ લેવા, પછી જયમલના મરણથી સરયૂને સ્વાધીન કરતાં કશી મુશીબત નડે નહિ ! ભ્રષ્ટાચારી ભીરૂમલની ધારણા આવી નીચ હતી.

ભીરૂમલનું કામ નામ પ્રમાણે જ નામીચું હતું, અર્થાત્ સમરસંમુખ યુદ્ધ કરી પુત્રી લેવાનુ તેના બ્હોળા રાજ્યમાં પ્રાબલ્ય નહતું, ને તેથી તે ક્ષત્રીકુળને કલંકિત કરી રહ્યો હતો, કેદમા પડેલા જયમલથી આ સહ્યું જતું ન હતું —

" ક્યારે હણી રિપુ તણાં શિર રોળી નાખું,
કયારે ચઢી સમર સન્મુખ, શસ્ત્ર ફેંકુ;

---

* કવિ, દા૦ એ૦ તારાપૂરવાળા

કેડું કદા સરવ કંટક રૂપ શત્રૂ ” *

* * *

સતત્ આવું સ્મરણ થયા જતું હતું, ખરૂં છે કે કૂળમાં ઉઠેલો અંગારો ટેકી અને શુદ્ધ વીરાત્મથી જોયો જોઇ શકાય નહિ, કૂળ દીપક તો એમ જ માનતા આવ્યા છે કે કુળાગાર કે જે ભૂમિને ભારકર્ત્તા હોઈ અન્યને અસત્ય દૃષ્ટાન્ત બેસાડનાર છે એવાનો સવેળા નાશ થવો જોઇએ, આમજ જયમલના મનમા હતું, પોતે કેદમાં છતાં તે, તેનું ઉછાળા મારી રહેલું ધીકધીકતું શોણિત શાન્ત કરી શકતો નહિ, એકલો એકલો એકાન્તે એકી ટસે લવ્યા કરતો કે—

“ કરો મ્હારા કંપે અરિ સરવ સંહાર કરવા,
ચહું ચક્ષુ મ્હારાં અરિ રૂધિરથી તૃપ્ત કરવા;
બધે—અંગે અંગે પુલક પુલકે—આગ સળગી,
સ્થિતિ એ કે આજે નથી રણ વિના અન્ય ગમતી. ”૧

ક્ષત્રીનીતિથી ભ્રષ્ટ ભીરૂમલ માટે એની આંખથી અગ્નિ ઝરતો હતો, એ બાયલા સ્વાર્થીની પાયમાલી થયેલી જોવા જયમલ-સિંહ તલપાપડ થઈ જતો, પણ પાછો પ્રતિકૂળ સંજોગને લીધે લાચાર બની મન મારી દુમો સમાવી દેતો

સુતા—સરયૂના મેળાપ પછી પણ જયમલસિંહની એજ સ્થિતિ હતી, આડકતરી રીતે કહીએ તો ભસ્મથી આચ્છાદિત થયેલા અનળને, નિમિત્ત સરયૂના વિચાર રૂપ વટોળિયાએ પાછો પ્રોજ્વલ કર્યો હતો, ખચિત ક્ષણમાં આશા, ક્ષણમાં નિરાશા, ક્ષણમાં વીરતા અને ક્ષણમાં શિથિલતા ભોગવતા ભલા રાણાની સ્થિતિ અત્યારે કફોડી થઇ ગઈ હતી. પ્રચંડ વાવાઝોડાંએ સાગરમાંનાં વિચાર વિચિ આમ તેમ

---

* પ્રો૦ મણિભાઇ. ૧ કાન્તા.

અથડાતાં, અથડાઇ ભાગી જતાં, વળી પુનઃપ્રકટતાં અને ક્રમ એ પ્રમાણે ચાલ્યા કરતો.

વાત અને વિચારમાં એવું પ્રાબલ્ય વસેલું હોય છે કે તે પ્રસંગે નથી લાગતી ક્ષુધા, નથી આવતી નિદ્રા કે નથી થતી તંદ્રા; નથી નિશ્ચયપર આવ્યા વગર પડતું ચેન, કે નથી જણાતો દિવસ કે રૈ'ન (રાત) આમજ રાત વીતી જવા આવી હતી, અરૂણદેવતાનું આવાહન થવાની ધીમે ધીમે તયારીઓ થતી જણાતી હતી, નિશાનારીએ તારા ટપકીવાળો શ્યામ સાળુ ઉતારવા માડયો હતો, નાટકનો કાળો પડદો ઉપડે ને પાછળની લીલા દ્રષ્ટિગોચર થાય તેમ અન્ધકાર આસ્તે આસ્તે વધી જતા હવે સૃષ્ટિનું અલૌકિક સૌન્દર્ય દૃશ્ય થવા લાગતુ હતુ. સોહામણો સમીર તરલ તરંગથી મૃદુ મૃદુ લહરીએ લહેરતો ઝીણુ, ઉંડુ ને મઝાનું ગાણુ ગાઇ રહ્યો હતો, અને જે સરયૂને પિતાને મળવાર્થે આવતાં જે વાટિકા જણાઇ ન હતી, તેજ વાટિકા એજ સરયૂને અતિ વિશાળ લાગતી હોવાથી કંટાળતાં કંટાળતા પણ સૃષ્ટિસૌન્દર્યની શોખીન સુકોમળ બાળા સૂર્યોદય સમયની સ્થિતિ અવલોકતી હતી—

"દક્ષથી તમ હણતો ચન્દ્રનુ તેજ હર્તો,
કમલ કરી વિકાસી ભૃગને મુક્ત કર્તો,
અતિશય થઇ તાતો વિશ્વમાં પ્રેરી પ્રાણ,
નરપતિ સમ અભ્રે જો ! ચઢે ભવ્ય ભાણુ !" §

ભીશ્મલના રાજ્યની હદ છોડી તે વખતે બરાબર સૂર્યોદય થઇ ગયો હતો, ને એની પ્રભા પૃથ્વિમાં પ્રસરાઇ ગયેલી હોવાથી પાસેના ફાનસવાળાના દીવાને કયારનો વિસર્જન કરવામાં આવ્યો હતો. આ-

---

§ કાન્તા.

ભળ જાસુસ ને પાછળ સરયૂ એ પ્રમાણે ઉભય પોતીના પૂર તરફ ચાલ્યાં જતાં હતાં, જોકે બન્ને મૌન તો નહતાં જ, ઉભયને કંઇ નાહ ને કંઇ વિચાર તો થતા હતા જ. વિચાર વગરની એક ક્ષણુ પણુ કોઈની જતી નથી, પછી તે વિચારમાં વજન કેટલું હોય છે તે જોવાનું છે, ત્યારે સરયૂ પણુ વિવિધ તર્ક તરંગમા તણુાતી હતી, વિચાર એના પિતા પ્રત્યેના જ હતા.

" હે ચંડી ! સર્વે પ્રમુખ અંગમાં વસો,
હે ઉગ્ર શંભો ! પિતુ અંગમાં વસો,
હે ઈન્દ્ર ! લ્હારૂં પિતુમાં દજો બળ,
સંહાર થાજો સઘળું રિપુ—દળ. " §

વિચાર શ્રેણીનાં વહન આ પ્રકારના હતાં–પિતૃ ભક્તિના ભાવ આ'વા હતા ! પરન્તુ આ પ્રાર્થના પ્રભુને પહોચે તે અગાઉ તો કારાગ્રહ આગળ કંઈ જૂદીજ ધમાલ ચાલી રહી હતી ! જ્યારે પ્હો ફાટયો ને પ્રભાતનાં માગલિક વાજાંનો ગગન ભેદી ઘોર નાદ ગડગડાટ કરતો લોકડિયાંની નિદ્રા વિદારવા લાગ્યો હતો, ઉષાની આછી કુમકુમ પિયળ અવનીના આત્મ બળને અજવાળવા માંડતી હતી, વિલોલ પંખીડાં વૃક્ષોની કુંજમાના પોત પોતાના માળામાથી બ્હાર ડોકીયાં કરી કલ્લોલ ધ્વનિથી સંસારિયાંનાં કર્ણ પૂરતાં હતાં, અને જોત જોતામાં સહસ્રરશ્મિ પોતાનાં તેજોમય કિરણુ આછાં આછાં અવનીપર વેરવા લાગ્યો, તેજ વખતે એટલે પ્રભાતના પ્હોરમાંજ (જ્યારે સરયૂ આ રાજ્યની હદ છોડી દૂર વધી ગયેલી તે સમયે.) પલટણુની ન્હાની ટુકડી અત્રે આવી પહોંચી હતી. એમાંનો કેપ્ટન કેદખાના આગળ આવ્યો, અને પાછળ સશસ્ત્ર

§ પ્રો૦ મણિભાઈ.

માણુસો પળતાં હતા, દરેક કેદખાના આગળ આવીને એકદમ અચબો પામતા થોભી ગયા—સ્તબ્ધ થઇ રહ્યા !

તરવાર વતી કારાગ્રહના દ્વારનું તાળું સરયૂએ તોડી નાખ્યુ હતું, તે વાચકને વિદિત છે, અને જ્યારે સરયૂ ત્યાથી વિદાય થયેલી, ત્યારે ઉંડા વિચારને લીધે તેણી ખુલ્લાં દ્વાર બન્ધ કરવાનું વિસ્મૃત થઇ ગઇ હતી ! બગાસાં ખાતા ગાંજાખોર પહેરાવાળાઓ પથારીમાથી ઉઠીને આ લીલા જોઇ ચકિત થયેલા—ગભરાઇજ ગયેલા બન્દીવાન (જયમલ)ને પૂછવાની કોઇની હામ ચાલી નહિ, તેમાના થોડાક ત્યા રહી એકાદ જણે ઠાકોર (ભીમમલ) ને ત્યાં આ ખબર પહોચાડી, ઠાકોરે કેટલાક માણસ મોકલ્યા, કે જેની કથા શરૂ છે, આ માણુસો સ્તબ્ધ થયા તેનું મુખ્ય કારણ તો એ હતું કે દરવાજા ખુલ્લા છતા બન્દીવાન અન્દર ભરાઇ રહ્યો છે ! એટલુંજ નહીં પણ તે કોઇ વિચિત્ર સ્થિતિમા બેઠેલો હતો—જયમલના હાથની બેડીઓ બાજૂપર પડેલી હતી, ફાટેલી યુગ્મ આંખ વિકાળ લાગતી હતી, બન્ને હસ્ત અદબ વળાયલા હતા, પગપર પગ ચઢાવી પ્રાણાયમ કરતો હોય એમ ટટાર બેઠો હતો, હોઠ પીસેલા હતા, તે અતિ ક્રોધાવેશમાં આવીને પીસ્યા હોય એમ લાગતુ હતું અને તદન સ્થિર હતો—અભાન હતો એની કને જવાની કોઇની હિમ્મત ચાલી નહિ, ફરજનો ઋણિ છૂટકે કે ન છૂટકે કેપ્ટન કપતા હૃદયે જયમલથી થોડેક છેટે પણ સ્હામો ઉભો રહ્યો, અલ્પ સમય તો કેવળ ઉભોજ રહ્યો. પછી પાછળના માણુસો આગળ બ્હાદૂરી બતાવવા તેનું કાળજુ શિયાળનું છતાં મોઢું સિંહનું કરી જરાક ગર્જ્યો:— " રાણાજીની આજ્ઞા છે કે તમને એમની પાસે લઇ જવા. " બસ; વિશેષ કોઈ કાંઇ બોલ્યુ નહિ, ને આટલાનો ઉત્તર સાંભળવા અથ-

વા શું બને છે તે જોવા આતુર ચિત્તે ઉભા રહ્યા. ઉભા રહીને કેપ્ટને પાષાણની પ્રતિમા કને વાત કરી હોય એવું બધાએ અનુભવ્યું, ને એ વાસ્તવિક હતું, તફાવત માત્ર એટલો હતો કે કેપ્ટનની છાયા પડતાં તદન અસ્વસ્થ સ્થિતિમય જયમલ કેંક વધુ દઢ (સ્વાભાવિક) થઇ ગયેલો, તેણે શબ્દ સાંભળી વિકાળ નેત્ર કેપ્ટન પ્રતિ નાખ્યું હતું; ઋષિની નજર પડતાં સગર રાજાના સાઠ હજાર પુત્રો ભસ્મ થઇ ગયા હતા, અત્રે કેપ્ટન મનમા ને મનમાં બળીને ક્ષીણલો બની ગયો હતો ! દૃષ્ટિ એવી દૈવતા ભરેલી દેખાતી હતી "સત્વર-ત્વરા થવી જોઇયે, આવો છો કે નહિ ?" પુન પગલું ભર્યું કેપ્ટને. જયમલ અત્યાર સુધી એકલો હતો, તે અતિ ગભીર વિચારમાં પડેલો હતો, દરમિયાન પ્રથમ તેણે પડછાયો જોયો, પછી શબ્દારવ સાંભળ્યો, ને વળી ફરીથી જે રવ થયો તે જરા ધ્રુરકેલી વાણીથી થયેલો, એટલે વીર હૃદય જાગૃતાવસ્થામાં આવ્યું હતું. " આવવું હોય તો અહીં આવે, હુ નહીં આવી શકું " ગુહાવાળા ધાઢ જંગલમાંથી સિંહની ગર્જના થાય, તેમ વિકાળ મુખ મુદ્રાવાળા જયમલે કેપ્ટનને જવાબ આપ્યો, કેપ્ટનનો જીવ હવે કેંક નીચો બેઠો હતો, જયમલનો જવાબ રાણાને જણાવવા સજ્ઞાપૂર્વક પ્રતિહારને વિદાય કર્યો, ને કેપ્ટન જયમલ કને વાતમાં ભળ્યો.

" પ્રાણદાતા પૂરપાલની આજ્ઞાનું ઉલંઘન કરનાર—"

"કોણ ? કોણ પ્રાણદાતા ? બીરૂમલ ! <u>ભડવા !</u> ફરી બોલ." કેપ્ટનનો "પ્રાણદાતા" શબ્દ કે જે અસ્થાને વપરાયલો હતો, તે જયમલના હૃદયમાં વિદ્યૂતની માફક સુંસરો પેસી ગયો. અતિશયોક્તિ ભરેલો અયોગ્ય શબ્દ સત્યાચરણી વીરપુરૂષ સાંભળી શક્યો ના; વાંચનાર ! એ શબ્દને તું ક્યાં સ્થાન આપશે ? તુલના કરતા અગાઉ

વિચાર જે કે ક્વચિત્ એ શબ્દ કેપ્ટનના મ્હોઢેથી નીકળવા ન પામ્યો હત, તો વીરનું વીરરસ પૂર્ણ શૂરાતનમય શોણિત અત્યારે જેટલું ઉછળી રહ્યું છે, તે ઉછળતા વિલંબ થાત ! માનો કે ગુંચળુ વળી શાન્તતાથી પડેલા કાળા મણિધરને છછેડનાર જ એ શબ્દ હતો— એનાજ પ્રતાપે પાછો આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો ! હતો—તે ગર્જના કરી રહ્યો, સ્વાર્થી ! બ્હીકણુ અરે બાયલો ભીરૂમલ શુ ! પ્રાણુદાતા ! ને તે ભેગો મ્હારોય પણ ' ! (આંખના ડોળા ભૂતને પણ ભડકાવી દે એમ નીકળી પડતા હતા !) સાભળ શેતાન ! (બોલતો બોલતો કેપ્ટનની ભણી ધપવા લાગ્યો કેપ્ટન દૂર ખસતો હતો—બીજા દિગ્મૂઢ બનતા હતા) એ મહાન્ધથી હું નથી ડરતો, એ હરામખોર હીજડાને માખીની પેઠે મસળી નાખવાની આ (છાતી ઠોકતો) અલ્મસ્ત હસ્તીમાં શક્તિ છે (સર્વ પ્રતિ) ચીઠ્ઠીના ચાકરો ! ત્હમે જ ન્યાય તોલો કે એક અસ્ત્રહીન અને વિશ્વાસે ફસાયલા સાથે ન્યાયનું કેવું વર્તન હોઇ શકે ? (ભીરૂ૦ને સમ્બોધીને)—

"ધિક્કાર ત્હને, ત્હે ક્ષત્રી લોહીને લજાવ્યું !
કરી પૂતરાજી પાજી ! લઢતા ન ફાવ્યું !
લઢવુ, મરવું, મારવુ, ફાડવુ ધર્મ ક્ષત્રીનો વિચાર !
છૂટો એકવાર મેલ, તો બતાવું ત્હને ખેલ.
કેવો લઢનારો છેલ, અરે બેલ ! ત્હે પળિયાંનુ નામ ડુબાવ્યું.—"*

લાવો અસિ, ને થાઓ સ્હામે એમ કરતા ઉભયનો ધર્મ જળવાવાનો સંભવ... ." "લાવો" બોલતાં બોલતા તો સ્તબ્ધ થતા શ્રોતામાંથી એકના હાથમાંથી અસિ ખૂંચી લીધી, અને એ એક 'મરણીઓ' અનેકને રણયજ્ઞમા હોમવા સજ્જ થઈ ગયો. સ્હામેના માણસો રાજાના

* કવિ મહાસુખરામ.

નોકર ન હતા પણ પોતાના જ હતા ને તેથી તેઓનાં ધડકતાં હૈયાં 'મરણીઆ' સ્હામે થવા એકદમ તો હામ ધરી શક્યાં નહિ, જયમલ્લને તો કાપણી જ કરવાની હતી. એટલે આગળ પાછળનો કશો જ વિચાર કરવા રોકાવાનું ન હતું ઋતુ શરદ—વર્ષામા કૃષિકારને ક્ષેત્રમાં લણતાં વરસાદનાં ફોરા પડે તે વેઠી લેવાં પડે, આમ જ અસિથી ખેલાતા પદ્ય વચ્ચે પસાર થનાર કે ધસી આવનારના ધડ જયમલ જૂદાં કરી નાંખતો—ઉલટા શબ્દોમાં કહીએ તો કૃષિકારની પેઠે કાપણી કરવા લાગ્યો, ને તેમ કરતાં વરસાદના ફોરાં રૂપ આજુબાજૂથી કવચિત્ ક્વચિત પડતા પ્રહારને પુષ્પ વૃષ્ટિ તૂલ્ય માનવા લાગ્યો, એક વીર પુરૂષે જબરૂં રમખાણ વાળી દીધેલું, ગજબ કરેલો, જંગ અજબ મચાવેલું, કોઇનાં માથા, કોઇના કર, કોઇનુ કાંઇ કોઇનુ કાંઇ જે સુદર્શન ચક્રના ઝપાટામાં આવ્યુ તે છેદાઇ દૂર પડતુ હતુ ! ફૂલ-ણુજી બીરૂ ભીરૂમલના 'પોપાંબાઇ' ના રાજ્ય જેવા પોલા રાજ્યમાંની ટુકડીમાંથી ભંગાણુ પડયું, કોઇ ન્હાઠા, કોઇ છૂપાયા, વળી કોઈ સ્હામા પણ થયા પણ તે સર્વને એકલો અનિરૂદ્ધ પહોચી વળતો હતો. કોઇને વીર ચઢે છે ત્યારે ત્હેની સ્થિતિ કોઈ જૂદા પ્રકારની બને છે. વાચકને અનુભવ હોય તો એવી જ સ્થિતિ અત્યારે જય-મલની કલ્પિ લેવાની.

નાટક આ પ્રમાણે ભજવાઇ રહ્યું હતું ત્યાં સન્દેશો સાંભળીને ભીરૂમલ બીજા કેટલાક લોકો સાથે આવી ચઢયો, જો કે આંગળી ચાટે પેટ ભરાતું નથી તો પણ કોણ જાણે કેમ, ભૂખ્યો હોય એમ ભીરૂમલ આ લીલા વિલોકીને ક્ષણવાર દિગ્મૂઢ બની મ્હોમાં આંગળી ઘાલી રહ્યો ! પણ આ વખત વિચારમાં વ્યતીત કરવાનો ન હતો, ને તેથી ઉતાવળા ઉતાવળા પણ સંકોચાતા હૃદયે બે ચાર સરદારોને

ઉન્હેરણી સહ સજ્જ કરવાની ઢીલ વાપરી નહિ; આ ખબર શૂરવીર બહદૈયા જયમલસિંહને પડી, તેણે દુષ્ટ ભીરૂમલને જોયે, ખચિત્ત એથી તો ઉલટી એના ક્રોધમાં વૃદ્ધિ થઇ અને એકદમ સ્હામેના સઘળા માણસોની સમર સંમુખ થઇ તે તરફ ધસી ગયો, ચાલાક ભીરૂમલ ચેતી ગયો ન હત તો ક્યારનાયે રામ રમી ગયા હત! પણ જયમલસિંહ તેની સન્નિધાન આવી પહોચે તે અગાઉ તો ભીરૂમલે પોતાના અગ્ર ગણ્ય યોદ્ધાની ઓથ લીધી, અને તાકી રહેલા એક અલમસ્ત સરદારે જયમલના શિરપર પાછળથી દાવ સાધીને જોરથી સાગ મારી, તે એવી જોરથી મરાયલી હતી કે વીરકેસરીથી પાછું વાળીને મારનાર સ્હામું જોઇ શકાયું ના! માથું ફૂટયુંને ઉષ્ણ લોહી વહેવા લાગ્યું અને હવે બધા એની નજીક આવવાની હામ ધરતા હતા! પણ એ પળે તો એના પવિત્ર, વીરઅમરાત્માને પરમાત્માએ મોકલેલો વાયુ-ગણ દિવ્ય દેશમા ઉપાડી ગયો!

મધપૂડામાં જ્યા સુધી મધ હોય છે, ત્યાં સુધી એટલે તે તદ્દન કોરો—નીરસ બની જાય ત્યા સુધી તો તેની આગળ હજારો માખીઓ રોજ પડીને પાથરી રહે; એ પ્રમાણે હવે ભીરૂમલનામાથી દામ વગેરે દિલપસંદ લૂટવાનું લોકોને દૈવત દેખાતું ત્યાં સુધી તેઓ તેને ફૂલાવી ફૂલાવીને માનની મ્હોટી શૂળીએ ચઢાવવાનું ચૂકતા ન હતા. આજે પણ એ નિયમે રાણા જયમલના મરણથી જાણે બધી બ્હાદુરી ભીરૂમલની જ હોય એમ એની પ્રશંસા નહિ પણ ખુશામત કરનાર બધા એની આગળ પાછળ વીંટળાઇ વળ્યા, ને ખોટાં માન ખાટી જનાર ભીરૂમલના વિજયનાં બણુગાં ફૂંકવા લાગ્યા.

પોતાના રાજ્યને નિષ્કંટક માનતો ભીરૂમલ સરદારો સહ પૂરમાં પ્રવેશ્યો, અને આખા સુવર્ણગઢમાં જયમલના મરણની શો-

કમય ખબર વાયુએ વેરી દીધી. આ સમાચાર, સાંભળનારનાં હૈડાં ભેદી નાખતો હતો, હૃદય દ્રવરાવતો હતો થોડાક અપવાદ સિવાય સર્વને ગમગિની જ ઉત્પન્ન થતી હતી, કેટલાક ભીરૂમલના ભૂંડા કામને અંગે એને તિરસ્કારવા પણ લાગ્યા. કેટલાક તો આ વાતને ગપગોળો પણ (જય-ના શૂરાતનના અનુભવી) માનવા લાગ્યા તથાપિ આખરે ખરી વાત છે એમ સાંભળી તેઓની ઉદાશીનતાની સીમા રહેતી નહીં, કરે શું ?—

"સત્તા આગળ શાણપણ આવે કદિ ન કામ;
જો ને ! ભાનુ કિરણથી મૂકે ચાંદલો મામ !"

(૩)

" બીજ રોપાયું. "

ભીરમલના મન્દિરમાં દીવાળી હતી, જ્યારે જેતપૂરમાં તો હોળીજ હતી ! હોળીની દીવાળી કરતાં જેટલી વાર લાગે છે, એટલી દીવાળીની હોળી કરતાં લાગતી નથી રાણા જયમલસિંહના મરણના સમાચાર સઘળે પહોચ્યા ન પહોચ્યાને મોહાન્ધ અને મદાન્ધ રાણા ભીરમલે પ્રતિહાર સાથે સરયૂને આ માઠી ખબરની કાળોત્રી મોકલાવીને ધીકતા અગારમાં ઘૃત હોમવા જેવું દષ્ટાંત બેસાડી, મ્હોટી ઉપાધી વ્હોરી લીધી.

પરંતુ પ્રતિહારના પ્હોચતા અગાઉ સરયૂને ક્યારનાય સમાચાર મળી ગયા હતા, અત્યારે તો તોફાને ચડેલા દરિયામાંની નૌકાની પેઠ એનુ હૈયુ હિચોળે ચડયું હતુ, ચિત્ત ચકડોળે ચઢયુ હતુ, અને અતિ અસ્થિર થતી નૌકાથી જેમ અન્દર બેઠેલા આદમી ભય પામી વ્યાકુળ થાય, તેમ અતિ વિચારના સમૂહે ઘડી ભય, ઘડી શોચ, ને ઘડીમાં ક્રોધીત બની જતી હતી, તે ક્રોધમા આવીને ભૂમિ પ્રતિ તિરસ્કારની દૃષ્ટિથી જોઇને કાંઇક લવી જતી —

ખાધા અર્જુન, કર્ણ, લક્ષ્મણ, સખા રામાદિ ઝાઝા જનો,
ખાધા ન્યાયસભા સુભૂષણ વળી દાતા અદાતા ગણો;
ખાધા વંશ ઉજાળનાર સુતને લ્હોયે રહી ભૂખડી,
ખેચે હાથ પસારી રોજ જનને પામે જુવાની નવી. " *

ક્રોધના અવેશમા આવનારને ઉંડી ચિકિત્સા કરવાની તકજ ક્યાં મળે છે ? મળતી હોય તો પણ તેને સાધવાને તે શકતજ હોતા નથી, ને તે પ્રમાણે સરયૂને આવે કાળે કાળ ચઢેલો હોવાથી ભાન-

* કાન્તા

હીન હોતાં શાન ગુમાવી દીધેલી એટલે ભૂમિની કદર કાંઇ ઉલટા રૂપમાજ તેણે કરી દીધી ! બાકી ભૂમિ ! ભલી ભૂમિ બાપડી સદા દુ:ખણીજ હોય છે, તે અસહ્ય ભાર સહે છે અને એની છાતીપર એના સુત ઘાતકી હોઇ એવી તો પ્રચંડ લાતો મારે છે કે તેઓ કપુત કહેવાઈ જનેતાની કુખ નાહક લજવાવે છે, કેવળ એટલુંજ નહિ પણ એવા નઠોર અને કઠોર હૃદયી કુપુત્રોનાં પાપ ઉલટા કોઇ પ્રાજ્ઞ અને સુજ્ઞ પુત્રને પણ નડે છે. અને તેથી એક કુભાન્ડિક અનેકને શાપ સમાન નીવડે છે. ખચિત, કોઇ વીર મહન્ત જ ભૂમિની કદર કરી કરવા યોગ્ય કર્તવ્યથી ભલી માડીને આશ્વાસન આપી શકે છે ને તેથીજ જ્યારે જ્યારે એવા પુરૂષો જનેતાને અંકે ઉછરે છે, ત્યારે ત્હેને (ભૂમિને) કંઇક વિશ્રામ સ્થાન હોઇ સુખ શાન્તિનો સમય મળે છે. બાકી એતો સદાય દુ:ખણીજ છે—દુ:ખણીજ દેખાય છે. હર ! હર !

"કહાવ્યુ છે કે હવે ત્હમે જેતપૂરની રાજકન્યા નથી, પણ "મહારાણા ભીરૂમલની રૈયત છો, તો રાજાઓને અનુસરતુ સદા "વર્તન રાખવુ એજ શ્રેયસ્કર છે, નમ્રતાથી રહેવાશે તો દહાડા સુખમાં "નીકળશે, ને ઉલટી રીતે ચાલતા પરિણામ ઉલટું આવશે, માટે "વફાદારી બતાવી રાણાનાં માનિતા થવામાજ મઝા છે."

પત્ર આપતાં પ્રતિહારે બેજીબેજી બોલી દીધુ, અને ધ્રૂજતા અંગે પણ દઢતા દર્શાવતો સરયૂથી થોડેક દૂર પ્રત્યુત્તરની રાહ જોતો ઉભો રહ્યો. વિકળ વાવાઝોડામા વળી આ પ્રતિહારની લહરી સરયૂની લાગણી દુ:ખાવામાં વૃદ્ધિકર્તાજ નીવડી, એનાથી ઉક્ત ઉક્તિ સાંભળી સહન થઇ શકીના. સરયૂએ સૂસરાં તીર છોડયાં:—"સરયુને અનાથ માનનાર કૃતઘ્નીને કહેજે કે ભીરતા દર્શાવી વિશ્વાસ-"ઘાતી હોતાં એણે કુળને કલંકનો જે કાળો ડાઘ દીધો છે, તે

"ડાઘ ટાળવાર્થેજ આ વીર કૂખે જન્મેલી જાયાનો જન્મ છે, ત્હેની
"કલંકિત છાયા તળે વસવા માટે નથી મારો માલિક કોણ! એ
"કુભાન્ડિક! અરે એવું બોલનારની જીભના ટુકડા કેમ નથી થઇ
"જતા! નીચ મ્લેચ્છના તુચ્છ ગુલામ! તુ કંપે છે કેમ? મને
"ખબર છે કે તું એક ચીડીનો ચાકર છે, તને કશી ઇજા મ્હારા
"તરફથી થશે નહિ, પણ જો હું જે તને સંભળાવું છુ તે અક્ષરશ.
"ત્યા ત્હારા મૂઢ રાજાને પ્રતિપાદન કરજે. કહે જે કે—ઇષ્ટદેવ રચિત
"આ સૃષ્ટિમા સરયૂનો કોઇ રાજા નથી, માલિક નથી, ઉપરી નથી,
"અને પાલક, રક્ષક, કે ઉદ્ધારક નથી. સર્વસ્વ મ્હારા ધર્મમાંજ છે,
"મ્હારો ધર્મ, અને મ્હારી ફરજ એજ મ્હારૂ સર્વસ્વ છે, ઇશ્વર
"મ્હારો મહાન પિતા પણ એમાજ વશ્યો છે, એની ઝાંખી જ્યારે
"જ્યારે હું ધર્મને ઉકેલુછુ, ને ફરજને અનુસરૂછુ ત્યારે ત્યારે કરૂછુ
"ને તે મને ઇચ્છા પ્રમાણે સલાહ આપે છે, તે મને પાળે છે. પોષે
"છે, રક્ષે છે ને જે જોઇએ તે બક્ષે છે. સિવાય કોઇની પરવા સર-
"યુને નથી, તે વૃથા શા માટે ફુલાઇ જાય છે? બીજુ કાઇજ નહિ
"તો માત્ર એકજવાર દુનિયા ના નકશામા એ એનું રાજ્ય જૂવે
"એટલે જ બસ. પછી માલમ પડશે કે એમા એના રાજ્યનો કેટલો
"કટકો છે, એના તાબામા કીડી સચરે એટલુજ રાજ્ય છે; ને તે
"પ્રતિત થશે, એ કેટલામા ઘુમે છે એ નીતન થશે. એ ચક્રવર્તિ
નથી એ પૂરી પ્રતિત થશે. બાયલાની પેઠે બેશી રહેનારનાં ચક્ષુ ખોલી
"માલ મીઠું આજનાર બ્હાદૂર શુરવીરો હજુ છુટા છવાયા છે, ને
"તે સમયે દર્શ દેશે, દર્શ દઇ કુભાન્ડીકોએ પવિત્ર ભૂમિને, નિર્દોશ
"કુળને અને અન્ય સત્ય તત્વને જે કલંક ચોટાડયું છે તે પોતાના
"આત્મ પ્રભાવે ભૂસી નાખશે. જા કહે જે કે સરયૂ તમારી પ્રજા

"નથી, એને કોઇ રીતે સજા કરવાની મહાન પિતા તરફથી રજા "પણ નથી. હજી નથી."

અનિમિષ સરયૂની સ્હામે જોઈ રહી માત્ર વાક્ય પૂરૂં થતાં ડોકું હલાવતો અદબ વાળી પગની આંટી મારી ઉંચી ડોકે ઊભો રહેલો પ્રતિહાર વિનય દર્શાવી ભયમુક્ત થતાં મનમાં રાજી હોઇ હવે વિદાય થયો. પાંજરામાં પૂરાયેલા ઉન્દરને ગામને સિમાડે ન્હસાડી મૂકતાં જેટલો આનન્દ લાગે એટલો એ ભાઇને લાગેલો.

"બળી રે આ નોકરી! પગાર થોડા ને પ્રાણ પાંજરામાં, નહિ લેવુ નહિ દેવુ ને નકામી આ તે શી વેઠ (પેટ કૂટતો) પેટ! પેટ! એક તું જ વેઠ કરાવે છે! ઘરનાં બૈરા છોકરાથી તું જ છૂટો કરાવનાર! તેમાં વળી આ તો રજવાડી ખાતું. "રાજા વાજાં ને વાંદરા," રીઝે તો રાજ આપે, નહિ તો માથુ કાપે એ વાળી વાત!" આવા આવા વિચાર વમળમાં વિચરતો પ્રતિહાર સુવર્ણપૂર જઇ પહોંચ્યો. વિચારમાં ને વિચારમાં વાટિકા પણ જણાઇ ના! ભીરૂમલને સઘળું નિવેદન થયું, એટલે તો કહેવુ જ શું? પાછી એના ભૂવનમાં દીવાળીને સ્થાને હવે હોળીના તણખા ઉડવા લાગ્યા! મૂળ તો ગુલામ અને તે વળી ઉંધી બુદ્ધિનો એટલે પ્રતિહારને સરયૂના શબ્દોમાં બોલતાં તો જોકે ન આવડે પણ એના ભાવાર્થમાં પણ ભૂ—નભ જેટલો તફાવત પડી ગયેલો. જે આવ્યું તે જૂઠા મુખે જ્યાં તો ભરડી નાખ્યું! ને તેથી ભીરૂમલના ભયમાં, ક્રોધમાં અને વ્યાકુળતામાં પુષ્કળ વધારો થયોઃ થવા દોઃ

તાપમાંથી આવીને બેઠા પછી સ્વેદ (પરસેવો) વળે, અને અનિલની આછી આછી લહરીઓ વહે તે વેળાએ તાપથી તપેલું શરીર સારી શાન્તિ અનુભવે છે ને એ રીતે અતિ ગુસ્સામાં આવેલી

સરયૂ હવે શાન્ત હતી, જાણે કે સઘળો ક્રોધ પેલા ગુલામને કેમ ન આપી દીધો હોય! બેશક, એવોજ ખ્યાલ આવે, કેમ કે પ્રતિહારે આપેલ પત્રમાંનું લખાણુ એવું બિભત્સ અને ન છાજતું હતું કે જે વાંચતાં પુલકે (રોમ–રૂવાટાં) અગ્નિ ઝરે! પણ સરયૂ તદ્દન શાન્ત મુખમુદ્રાએ તે વાંચતી હતી, વાંચતાં વાંચતાં વચમા વચમાં મૃદુહાસ્ય કર્યાં જતી–લખાણુને હસતી'તી. પત્ર આ રહ્યો–

" ચિરાયુષ્પતિ !

" તમારા પિતાનું અમારા નિમિત્ત થયેલુ મરણુ સાંભળીને
"અને મરણુ થવાનુ કોઈ બી કારણુ જાણીને જરા પણુ ઓછુ
' આણુશો માં; એમનુ મોત કાળ બળે થયુ નથી, પણુ અનેક
" દોશોથી યુક્ત હોતા થયું હોય એવી અમારી માન્યતા છે,
" માટે કર્મના ફલવાળું સત્ર સ્મરણુમા રાખી સઘળો શોક
" વિસારે પાડવો એજ વાસ્તવિક છે. સમસ્ત વિશ્વ કર્મના
" ફલ ભોગવે છે છતા–પિતૃભક્તિથી દિલ દુભાય તો એ
" ઘટતું છે, અમને પણ લાગી આવે છે પણ 'ગત શોચ
" નહિ, એ ન્યાયને વળગી રહી મન વાળિયે છીએ ..અમને
" ખાત્રી છે કે તમે અમારા હાથ નીચે રહી અમે જે પ્રગ-
" ણુા તમને સોંપીએ તે તમે સારી રીતે નિભાવો શકો એવા
" તમારામા ઉત્તમ ગુણુ અને શક્તિ છે ને તેથી અમારી
" અભિલાષા કહો કે માગણી–તમને અમારા રાજ્યમાં રાખ-
" વાની છે (જોકે હવે જયમલનું રાજ્ય રહ્યું નથી.) માટે
" નિશંકપણે નીડર રીતે અને વગર સંકોચે આ અમારા
" મતને અનુમોદનનો સન્દેશો આવેલ માણુસ દ્વારા પત્રથી
" પાઠવશો, સઘળી વાત સાનુકૂળ હોવાથી મન પૂરતા ભવ

" વૈભવ ભોગવી શકાશે, ને ભવિષ્યમાં પુત્રવધુ થતાં પટરાણી પદ પ્રાપ્ત થશે એ જૂદું.

" સુવર્ણગઢ રાજ્ય.
" સંવત્-૧૫૭૫ વિક્રમાબ્દ

લી ભલુ ઇચ્છતો
"ભીરમલ."

આ પ્રમાણે સરયૂ પત્ર પૂર્ણ વાચી રહી, હવે એને ચીરી ના ખવે કે શું કરવુ ! તે વિચારવા લાગી. સાથે સાથે ભીરૂ ભીરમલના કઢંગા લખાણને હાસ્યાસ્પદ સ્થિતિયે કરડી નજરે જોવા લાગી; એટલામા એને ગંગા સાંભરી, પત્ર લઈ તે ત્હેની કને ગઇ.

ગગા એ એની મા ન હતી, અપરમાતા ન હતી, પણ મૃતમાની સાથે નિકટનો સબંધ ધરાવનાર નિકટની—જિગરની વ્હાલી સહિયર હતી; સરયૂને ન્હાની મૂકીને મા મરી ગયેલી હોવાથી બાલકીને ઉછેરનાર પિતા સિવાય કોઈજ નહતુ; અને જયમલસિંહ આયા રાખવાના રિવાજની વિરૂદ્ધ મતનો હતો, તેથી તેના ઉછેરમા અનેક અન્તરાય નડતા હતા એ ગંગા જેવી નિર્મળ ગગાથી સહન થતું નહતું, ને તેણે પોતાની વ્હાલી સખીની એકની એક લાડકી દીકરી—કુમળી કળીના રક્ષણાર્થે લોકડીઆંની-દોરંગી દુનિયાંની દરકાર તજી બેધડક જયમલસિહને ત્યા રહેવાનું નક્કી કર્યું. તેણી વિધવા હતી તેથી શ્વસુર પક્ષ તરફથી હરકત નડે તેમ નહિ હોવાથી રહેવામાં સૂક્ષ્મ સૃષ્ટિનો ભોગી ભલો રાણો જયમલ આનાકાની કરી શકયો નહીં, ને મા જેવી માશી સાથે અને પિતાની છાંયમાં સરયૂ ઉછરવા લાગી—વાંચનારને ભ્રમમા નહિ ભરાવાની ખાતર વિદિત કરવું ઉચિત છે કે રાણો અને ગંગા ભગીરથ અને ગંગા સમોવડ નિર્મળ હતાં-એમનાં જીવનનાં વહન સ્વચ્છ રીતે થતાં હતાં.

એ ગંગા આજ જયમલના મરણ સમાચાર સાંભળીને શોક

સાગરમાં ડુબકાં ખાતી હતી, હેત ઘેલી ગંગાને એમાંથી કાઢનાર કોણ હતું ? સરયૂ બાપડી હજુ અનુભવી નહતી—અનુભવાર્થી હતી—માશીનો ચ્હેરો ફીકો અને હોશ કોશ ઉડી ગયેલા જોઇ પત્ર લઇને આવેલી માત વ્હોણી સરયૂ—તાત વ્હોણી સરયૂ સાડિયુવાળી વાળેલા હસ્તકમળની ડાબા કરની ચંપાકળી જેવી ત્હેની કોમળ ન્હાનકડી આંગળી પરવાળ જેવા અધર આગળ ટેરવીને માશી સ્હામે સૂક્ષ્મ દૃષ્ટિપાત કરી ઉભી અને કેટલીકવારે મૌન ગ્રસ્ત માશીને સંબોધી વીર રમણી જરાક બોલી—" ક્ષત્રી જાયાં ને તો આ'વી બાધા આકરી પડે માજી ! " સરયૂ ગંગાને માજી કહીને બોલાવતી. ગગાએ ઊંચું ભાળ્યું ને સરયૂને જોઇ, તેને સારૂં મનાવવાની મિષે પોતાનો આન્તર રોશ આન્તરમાં દબાવી બાહ્ય રીતે તે હસ્તે મુખડે મીઠો ભાવ દર્શાવતી સરયૂને બોલાવા લાગી. વાતો કરવાનું મન જણાવા લાગી, પરન્તુ સરયૂ તે સરયૂજ હતી, આન્તર ભાવને અને બાહ્ય ભાવને તે બોલમાથીજ કળી જતી, ને ગંગાની મુખ મુદ્રાજ કૃત્રિમ ઢાંક પિછોડો ઉઘાડો પાડતી હતી ! અનાથ બીચારી સરયૂને વિશ્રામ સ્થાન જોઇતુ હતું, તે પોતાના હૃદયનો રસ પ્રતિ હૃદય-પાત્રમા રેડી થોડોક ભાર ઓછો કરવા અહીં આવી હતી, પરન્તુ " ઘરના નીકળ્યા વનમાં ગયા તો વનમાં આગ ઉઠયા " જેવું એને જણાયું. રાજ્ય કન્યા ' ત્હારી આ દશા ? મને કે કમને માજીના ખોળામાં પેલો પત્ર નાખ્યો, ગંગાએ તે વાંચ્યો ના, ભીરૂના નામ પરજ ત્હેને તિરસ્કાર હતો એટલે ભાવાર્થ માત્ર સાંભળી લીધો, પછી ' શું કરવું ! તે વિષે સરયૂએ સવાલ કર્યો. " શું થઈ શકશે ? વ્હાલાં વેરી થયાં છે, દીકરા ! સેન્યાધક્ષ શત્રુ, અમાત્ય શત્રુ " ગંગા ગળગળી થતાં બોલી.

"આ શું બોલો છો માજી! મને વિસામો આપો—દિલાસો આપો, દઢ કરો, અરે ભલે બધા જ અરિ થતા, ને મંત્રીનું તો મ્હારાજ હાથે આજ કાલમા મોત માની લ્યો, માજી! હવે તો મંત્રી હુ, ને રાજા તમે.

"દિર્ઘાયુ હો બેટા! (સરયૂના શિરે હાથ ફેરવતા ગંગા બોલી) પણ હજુ તું બાળક છે, ત્હારામાથી બાલ્ય સ્વભાવના અંશ લય પામ્યા નથી. ત્હને રણુના વાયુ વાયા નથી ને કહે ત્હને યુદ્ધારભના કાર્ય સોપાય? મ્હારો જીવેયાચાલે?"

"ત્યારે, મા! રાજનો તાજ કરી આજજ હવે હુ માડી!
"તને છેલ્લા પ્રણામ કરી ચાલી જાઉં મને રજા આપશો? અહીં
"રહી હૂં જો કશુંજ ન કરી શકું એમ તને લાગતુ હોય તો પિતૃ
"પ્રતિજ્ઞાઓ પર પણ પાણી! પાણી ફરવાનું—હા.. ભૂમિ માર્ગ કા
"ન આપે? દૈવ! આ હૃ શું સાભળુ છૂ! હૂં જઇશ; માજી!
"જંગલમાં જઈશ, બનશે તેટલા યત્ને પિતૃ પ્રતિજ્ઞા પાળવા સદા
"સજજ રહીશ, ને આખર કશુંજ નહીં તો—જો જન્મીને અહી
"કોઇનેજ ઉપયોગી ન ઠરવાની હોઉ તો જંગલના પ્રાણીનો ભોગ
"થઈ થોડી ઘણી એમની ભૂખ ભાગીને જન્મ કૃતાર્થ કરીશ. ત્યાં
"પ્રભુ સેવા કરી કાળ ગુજારીશ. અરેરે! પંદર વર્ષની હૂં હજુ બા-
"ળક! મ્હારી બાલ્યાવસ્થા! ઓ પિતા! કને મ્હને કાં ન લઇ
"લીધી" સરયૂએ હૃદય ખાલી કરવા માડયું ને ગંગાનું હૃદય ભરાવા લાગ્યું, ઉકળતી આંતરીનો કકળાટ કોને કંપાવતો નથી? કોનું હૃદય દ્રવાવતો નથી? ગંગાને પણ ઓછું આવી ગયું, એનું હૃદય ઉકળવા લાગ્યું, ને તેની શેવાળ નયન દ્વારા બ્હાર નીકળવા લાગી. વયોવૃદ્ધ ગંગા થોડી વારે પાછી સ્વસ્થ થઇ તેને સમય

સ્થિતિને સંજોગનું ભાન થયુ ને અનુભવી ગંગાએ સરયૂને હૃદય સરશી ચાંપી આશ્વાસન આપ્યું-સાથે સરયૂએ ગ્રહણુ કરેલી પિતૃપ્રતિજ્ઞા પાળવામાં પૂરતી મદદ કરવાનું ગંગાએ બળ આપ્યું. આગળ જે પગલાં લેવાના છે એના યત્નો યોજવામા ઉભય ગુંથાયા.

---

(૪)

" પલાયન "

" સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે
યા હોમ કરીને પડો ફતેહ છે આગે. " *

જેતપૂરના દરબારમા આજ શાનો ધોધાટ મચી રહ્યો છે? વીર બાલિકા સરયૂ પિતૃસિંહાસન પર આરૂઢ થઇ છે અને ગંગા એની પાસેના એટલે જમણી બાજૂના ભાગ પર, તથા અમાત્ય ડાબી બાજૂના ભાગ પર ગોઠવાઇ ગયો છે, અને અન્ય સામંત, સરદારો તથા પ્રજાવર્ગ પોતપોતાના આસને ગોઠવાઇ ગયો છે. ભાટચારણો પટાવાળા, પ્રતિહાર અને દાસ-દાસી વર્ગ પણ ક્રમ પ્રમાણે યોગ્ય સ્થળે ઉભું રહ્યું છે, ત્યારે હવે રાહ કોની જોવાય છે? વાચનાર! ફોટોગ્રાફ લેવાને ફોટોગ્રાફર આવી ઉભો હોય અને જેમ બધા હાલ્યા ચાલ્યા સિવાય મૌન રાખી બેશી રહે એવો દેખાવ અત્ર દશ્ય થતો હતો, જોકે ફોટોગ્રાફ તો લેવાનો નહતોજ આજ્ઞા થતા થોડીવારે ભાટ ચારણોએ બે ચાર કવિત લલકાર્યા દરમિયાન ગંગાએ ગર્જના કરી-" રાજ્યના શૂરા સામન્તો! વીર લઢવૈયાઓ! મહાન યોદ્ધાઓ! અને મ્હારી રંગભીની-કેસરીઆં કરવાને કોડીલી પ્રજા! આજ મ્હારે તમને બે વાના સંભળાવવાના છે......ગંગા આટલું વાકય પૂરં કરે

---

* નર્મદ કવિ.

તે પહેલાં તો ત્હેને બોલતી અટકાવીને સરયૂએ વચમાંથી વાત ઉપાડી "જરા થોભો, મ્હને કહેવા દો, હું પૂછું છું કે " માશી ! આ "વિશેષણો ત્હમે તેઓને છાજતાં આપ્યા છે ? (ગુસ્સાના પૂર જોશથી) "અરે શૂરા, વીર, મહાન, અને કેસરીઆં કરવાને હોશ ધરાવનાર જો 'હયાતિ ભોગવતા હત તો અકાળે મ્હારા કેસરી પિતાનું મૃત્યુજ કાં "થાત ? અદ્યાપિ પર્યંત રાજ્યનું ખાઇ ખાઇને ખલાસ કરતા ખવાસ "જેવી બુદ્ધિને અધિન બનેલાઓના મ્હોઢાં તો જૂઓ ! જાણે મેશ "ચોપડાઇ ન હોય ! કુંભકરણની પેઠે ભરનિદ્રામાંથી હમણાંજ જાગ્યા "ન હોય ! હા...જે રાજાએ જીવતા સુધી પોતાની પ્રજાને પ્રાણની "પેઠે પાળી, પ્રજાના રક્ષણાર્થ જેણે કાયાની પરવા નહતી રાખી, "અને રામરાજ્યની પેઠે જેણે રાજ્ય ચલાવતાં રૈયતને વિવિધ અને "લલિત લાડકોડમાં રમાડેલી તેજ પ્રજા, સમયે શાણાને સ્હાય કરવા "મરવા પડી ! જે ભૂમિના અંકે ઉછરેલા પૂર્વજોના રૂધિર મૌ થીજ "જેનું પિંડ બંધાયલું તે આજ આમ બાયલા થતા નિહાળી મને "રોમે રોમે લાગી જાય છે ! જે ભૂમિનું જેણે અન્ન જળ અને "લુણ ખાધેલું, તે હરામ કરનાર હરામખોરો વળી, વીર શૂરા, કે "મહાન કયાંના !

"જેને ભૂમિનો ગર્વ નથી–ભૂમિ પ્રત્યેના ગર્વમાં જેણે પોતાના "સર્વ વાનાં હોમ્યાં નથી એવા નમાલા કેવળ નામના સરદારોને "માસી ! કશુંજ સંબોધીને કહો ના. જેને પોતાના કર્તવ્યનું, પોતાના "ધર્મનુ, અને મહાન પિતાના નિયમોનું ભાન નથી. અથવા ભાન છતાં "ગુમાનથી જે શઠતા વાપરે છે. એવાના આગળ માશી ! બેસ પાસે "બેશી ભાગવત ફુંકલશો ના જેને વફાદારીનો વિચાર નથી, જેના હૃદયમાં રાજ્યભક્તિ વસી નથી, જેનાં આત્મબળ વિકસીન નથી,

"જેને સ્વદેશ પ્રત્યે પ્રીતિ નથી, શ્રદ્ધા નથી, ભક્તિ નથી, અને "મન નથી એવા શુષ્ક સ્વાર્થી–હૃદયહીણુ પશુ જેવાઓને શો બોધ "કરોના. બસ? મ્હારી ભૂમિ ને મ્હારૂ રાજ્ય હવે પશુ વર્ગથી ભરાઇ "ગયું છે એમ માનો !"

"એમજ બેશક એમજ" શોકાતુર ચ્હેરે એક સામન્ત બોલ્યો.

ગંગા—"બીરૂમાં ખપાનાર મ્હારી વીરભૂમિના વીરો ! આ શુ સાંભળી રહ્યા છો ! કાને દાટા ઘો, જીવ કૈંક મૂકી આવો !'

સઘળા—"ભૂમિ માર્ગ કરે તો સમાઇ જઇએ પણ સરયૂબાનાં વેણુ સહ્યા નથી જતાં. યુદ્ધ આરંભો, અમે તૈયાર છીયે. અમે તમારા–તમારા બીજા કોઇના નહિ–તમારા છીયે.' ગર્જનાથી આખો દરબાર ગાજી ઉઠયો; સાબાશીના પોકાર સંભળાયા; ઉત્સાહભર્યા ભાવે ગંગાએ ગર્જન કીધુ–રાજપુત રૂખ દીપક–દીપકો ! (સાંભળો સાંભળો ના પોકારો થવા લાગ્યા) તાઢુ શીતળ થયેલુ તમારૂં શૂરાતનમય શોણિત ઉછાળા મારતું નિહાળી મ્હને હવે શાન્તિ મળે છે વિજયની કૈંક આશા પડે છે અને —

"યુદ્ધ આરંભો ! અમ્હારે મરવું છે, લઢવું છે (બસ–મારો કાપો–ના અવાજો થવા લાગ્યા.')

બારોટ:- ૧

ભૂમિને કરનાર ભાર બીરૂઓ હજાર વાર
મરણુ શરણુ થાય મરણુની પૂરવે !
પણુ જે સુભટ વીર રણધેલા શૂરવીર
એકજ વખત બસ મોત મઝા ભોગવે. *

---

* "Cowards die many times before their deaths;
The valeant never taste of death but once,"

'બરાબર બરાબર'ના પોકારો પછી ગંગા બોલી·—' વીર
"નરના મનમાં મૃત્યુના ડરનું ભૂત ભરાય એ સૃષ્ટિને તિરસ્કારવા
"યોગ્ય છે ! મરણના ભયથી પ્રાપ્ત કરવામાં આવતો કપાળમાં કાળો
"ડાઘ માત્ર પોતાનીજ હયાતિ સુધી નહિ, પણ પૃથ્વિની હયાતિ લગી
"કાયમ રહે છે ! તો વિજય વરમાળ પહેરી પૃથ્વિની હયાતિ સુધી
"વિજયીરૂપ કાં ન ગણાવુ ? વળી મરણથી ડરનારને મરણ મૂકે છે ?
"અવશ્ય, ડરનારને તો તે વ્હેલુંજ ઉપાડી લે છે ભૂત ન છતાં જે
"ત્હેનો ભય પેઠો તો તેને તે વળગવાનુજ."

સરયૂ,—"કેવી નમાલી કથા ! પણ મ્હને કહેશો કોઇ ? કે
"યુદ્ધના યજ્ઞમાં જ્યાંથી પગરાણ માંડયું, ત્યાંથી મરણને આમંત્રણ તો
"થઇ ચૂક્યું જ હોય, તો વળી પછીથી ભ્રાન્તિ શા વાસ્તે ? યુદ્ધમાં
"ચઢનારને ભય શાનો હોય એજ હું તો સમજી શક્તી નથી ! ભય
"શાને હોય ? તે પણ કળી શક્તી નથી ! યુદ્ધના રસનો સ્વાદ એ
"લ્હાવ, એ ભાવ, એ મઝા, એ આનન્દ ને એ સ્વર્ગનાં દિવ્ય વાદિ
"ત્રોના રવથી વિકસવા પામતા આત્માના પ્રબળ પ્રભાવનાં દર્શનની
"દિવ્ય મહત્તાદિના અનુભવ-તથા એ કતલના દિવસો જે અનુભવી રહ્યા
"છે એ તો "યાહેમ કરીને પડો ફત્તેહ છે આગે" ('મહારાણીનો
"જય' ના પોકારો) એજ સ્મરણમાં તન્મય થયેલા હોય છે, પોતે રણ
"યજ્ઞમાં ધાન્યાદિ વસ્તુઓની માફક હોમાય છે, પ્રાણની યાહુતીઓ
"આપે છે તે શા માટે ? (સાંભળો સાંભળોના અવાજો) યજ્ઞમાંની પ્રચંડ
"હુતાશનની ઉંચે ચઢતી જ્વાળા દ્વારા પોતાના અમરાત્માને પરમાત્માના
"નૂરમાં મેળવી દેવા જ. એઓની જો કાંઇ પણ આશા હોય, તો
"માત્ર આટલીજ; તો કૃતઘ્નતાના કલંકથી કાળા બનેલા ઓ સુભટો!
"કૃતજ્ઞતાનો એકવાર શેષ સ્વાદ ચાખો અને ચખાડો. સજ્જ થઓ

"શૂરવીર સરદારો તમારૂં શૌર્ય, તમારૂં બાહુબળ, તમારૂં આત્મબ
"અને તમારૂં પૂરાણું વીરત્વ પ્રકટાવો, કટાઈ ગયેલી અસિયોને રીપુના
"રૂધીરમા ન્હવરાવો, તમારો ટેક ક્યાં ગયો ? તમારી ખંત ક્યાં છે ?
"નહીં હઠવાની તમારી હેવા ક્યાં છે ? ધરાને ધ્રૂજાવે એવી તમારી
"વીરત્વ શક્તિ કેમ જણાતી નથી ? ઉઠો, જાગો, ભીરૂ થઇ ભાગો ના.
"આવેલા અવસરને હસ્તગત કરો, સમરાંગણમાં અડગ પગે ઊભા
"રહી વિજયી ઠરવાના સંકલ્પ કરો—કરશો કે નહિ ? ક્યારે કરો છો?
"(અત્યારે—આજના અવાજ) બસ, તો વિલંબ શા માટે ! કૂચ કર-
"વાની વ્યવસ્થા યોજો. તમારો વિજય છે; દેવીની આશિષ છે, તમે અણી-
"પૂણી પાર ઉતરશો, મ્હારી ખાત્રી છે. સત્યનો જય થવાનો, ઇશ્વરની
"આજ્ઞા છે (અમાત્ય સ્હામે કરડી દ્રષ્ટિથી) કેમ ? આરંભ કરવો
"કે નહિ ?"

સામન્ત.—સમય, સ્થિતિ ને સંજોગ સાનુકૂળ ન હોય ત્યાં સુધી......વધારે બોલવાનો વખત મળ્યો ના—બોલતોજ સરયૂએ અટકાવ્યો અને મ્યાનમાથી અસિ ખેંચી વજ્ર જેવું હૃદય રાખી છાતી કાઢી કાળમૂર્તિ સમોવડ આ વીરાંગના વદી.—"ચૂપ થા, મ્હેં વળી ત્હારી કા સલાહ માગી ! ચાન્ડાળ ! ત્હારા જેવાના નિર્બળ મતને લીધેજ રાજ્યની આ દશા થઇ છે. સરયૂએ આટલા શબ્દો તો વિદ્યુત્ વેગના જેવા ઘણા ઝડપથી કાઢી નાખ્યા હતા અને "ભોગવી લે ત્હારા દુષ્કર્મની સજા" એમ બોલતામા તો અસિથી એનું શિર ધડથી જૂદુ કરી નાખ્યું ! ગંગા અને અન્ય સર્વ વર્ગ સ્તબ્ધ થઇ ગયાં—ભારે ભયમા પડયાં.

સરયૂ;—"સેનાગણ સાવધાન ! ધ્યાન આપજો કે ખોટા ખુશા-
"મતખોરોની, ખટપટીઆઓની અને ભીરૂમાત્રની આવી જ પાયમાલી

"થવાની છે. સુભટો ! આપણા વિજયી ડંકામાં અપશુકનીઆળ આ
"શંકાઓ ઉત્પન્ન કરાવનાર ફાંસ હતી, ત્હેનો ન્હાશ કર્યો છે મને
"આથી કોઇએ ઘાતકી ધારવાની નથી તમે જાણો છો ? પૂજ્ય પિતાશ્રી
"રાણા જયમલ્લસિંહનુ મૃત્યુ કરાવનારજ એ ક્રુર પોતે હતો !"
(તોબાહ તોબાહના દિનગંરી ભર્યાં ધ્વનિ)

નાટક આ પ્રમાણે અત્ર ભજવાઇ રહ્યું હતું, તે દરમિયાનમાં કીલ્લાપર ઘેરો ઘાલી બેઠેના ભીરૂમલ્લના લશ્કરમાથી લઢાઇની તૈયારીનો તુમુલ નાદ સંભળાવા લાગ્યો, અને હર હર મહાદેવની હૃદયભેદક ગર્જના સાથે અહીંથી સઘળા યુદ્ધમાં ઉતરવા સજ્જ થઇ ગયા, ડંકા નિશાન ને શરણાઇ સાથે ઘેરા ગરગડાટનો રવ પવન વેગે સર્વ સ્થળે અથડાવા લાગ્યો અને અનેક ઉડુગણુની વચમા જેમ શશી વિરાજતો હોય તેમ શશીવદની સરયૂના રનારી ગગામૈયા સહુ પોતાના મરણીઆ થઇ પડેલા-કહો કે કેસરીઆ કરવા નીકળેલા બ્હાદૂર શુરવીરોની મધ્યમા બ્હાર નીકળી

ભીરૂમલ્લ પોતે તો બ્યડળ જેવો હતો, પરન્તુ તેના મત્રી રૂપ જામાત્ર (જમાઇ) અભયસિંહ એક ભદ્રવીર હતો ને તેણે ગોઠવેલી વ્યૂહરચના એવી અટપટી હતી કે જેમા ચ્હાય તેવો કળાકુશળ પણ સપડાઇ જાય ! સરયૂએ એ રચનાને બરાબર જોઇ લીધી, અનેપોતાને યોગ્ય-અનુકૂળ વ્યવસ્થા ગોઠવી લીધી બાદ યુદ્ધનો આરંભ થયો.

જેને માટે આ સઘળી ધમાલ-અને જંગ મચાતું હતુ, તે સરયૂ રણુમા ઉતરી છે, અને એની કને વરવાની અભિરૂચિ જે ધરાવે છે એ અજીતસિંહ (ભીરૂ૦ નો પુત્ર) પણ રણમાં ઉતર્યો છે. મોહ શું નથી કરતો ? એક બાળાને માટે હજારો નિર્દોશ જાનની વારી ! વગર વાંકે હજારો પ્રાણુની પાયમાલી ! હર ! હર ! અ.

જીતસિંહ કે જેણે સરયૂના સૌન્દર્યનું અલૌકિક અને અનુપમ વર્ણન ચારણોને મ્હોંડે સાંભળેલું તે આજ એને જોવા અતિ આતુર હતો, અને રાહ જોયા કરતો હતો તે હવે સરયૂને જોવાનો સમય નજીક આવ્યો. મધ્યસ્થળે અરબી અશ્વ પર સશસ્ત્ર આરૂઢ થયેલી છૂટાં કેશવાળી અને વિદ્યુત જેવી ચળકતી અસિથી જેના હસ્ત શોભી રહ્યા છે એવી, શશી વદની પંદર વર્ષની યુવા–વીરાંગના–સરયૂની ઝાંખી કરતાં અજીતસિંહના અશ્વને આગળ આણ્યો.

અજીત તે અજીત જ હતો. ત્હેનુ નામ ત્હેની લઢવાની કુશળતાએજ આપેલુ હતુ, થોડી અતિશયોક્તિ બાદ કરીએ તો બીજો અજીત જ જાગ્યો હો! સ્હામા તેવાને ગોથુ ખવરાવી દઇ પોતે વિજયી નીવડતો પણ આજ એના એક મોટો અપવાદ આવ્યો હતો, પોતાને વરવા જે ઇચ્છા દર્શાવે છે એનાથી સરયૂ અજ્ઞાત નહતી તે અજીતસિંહને ઓળખતી હતી, ને તેથી ચતુર ચપળા, પોતાને માન જોવાજ આવે છે, એમ ચેતી ગઇ કે ત્વરિત્ સમય સાધી યુક્તિ રચી વાચનાર! અજીતસિંહ સ્હામે એણે નહતું નાખ્યુ અસ્ત્ર કે નહતો કર્યો અન્ય દગો–પ્રપંચ માત્ર કટાક્ષ નાખી મોહાસ્ત્રીએનુ કાળજુ વીંધી નાખ્યુ એજ! ને તે કેવળ એકજ વાર–એકજ દૃષ્ટિપાતે અજીતના હાથ નીચા પડ્યા, તેની વીરતા સરયૂનાં નયને હરિ લીધી પુરાણા ભાટચારણોએ ખરૂંજ ગાયું છે કે—

"તીર લગો ગોલા લગો, લગો અસિકા ઘાવ,
નયન ફીસકો મત લગો, જાકો નહિ ઉપાવ."*

ખરેખાત, રામબાણ એવા વિકાળ ગણાતા કે તે પાછા પડેજ ના, જ્યાં જાય ત્યાં સુંસરા નીકળી જાય! પરન્તુ જો માત્ર તે બાણુને

---

* પ્રકીર્ણ.

જોવાંજ હોય, તો જોઇ શકાય, જોવામાં કશી ઉપાધિ વળગતી નથી. તથાપિ સુન્દરીનાં નયન-શરમાં એવુ તે શુ ન્હેહુ હશે કે તે જોતાંજ જોનાર નિર્માલ્ય બની જતા હશે!

ભીરૂમલ તરફ લઢવૈયામાં અગ્રગણ્ય તરીકે મૂખ્ય આધાર બે જણુ ઉપર હતો, એક અભયસિંહ, અને બીજો અજીતસિંહ, તે પૈકી એક તો હારી બેઠો છે! બીજાને જોર અજમાવવાનું બાકી રહ્યું.

સરયૂ જ્યારે રાણા જયમલની છેલ્લી મુલાકાત લેવા નીકળી હતી, ત્યારે તે દિવસ માવઠાનો હતો, ને તેથી ગગનમાંની ઘનઘોર ઘટા બહુ બીહામણી દિસતી હતી, સિવાય મેઘ ગર્જના, વરસાદના કાટકા, વિદ્યુતના ચમકારા, કાળી અન્ધારી રાત્રીનો ભય ભર્યો દેખાવ, અને આછો આછો વરસાદ એ બધુ ભારેખમ હતુ આજ વળી બીજી રીતનું માવઠું વરસે છે વિદ્યુત ચમકારને સ્થાને અસિઓની અથડા અથડી, વરસાદના છાંટાને સ્થાને ઘવાતા સૈન્યમાંથી વહતુ રૂધીર, ગર્જના અને કાટકાને સ્થાને શરણાઇ વગેરેના તુમુલ નાદ અને અન્ધકાર તો આજે પણ હતો! યુદ્ધ ભારે જામ્યુ, તેનુ લાણું વર્ણન કરી પાના ભરવાં તે કરતા સક્ષિપ્તમાજ વિદિત કરવુ એ ઉચિત જાણી ત્હેનું ટુકમાંજ ભાન કરાવાની તક લીધી છે, ભિન્ન પ્રકૃતિવત્ વાચકની એટલા પૂરતી ક્ષમા

જો કે સરયૂ તરફના સૈન્ય કરતા ભીરૂમલનુ વિશેષ હતુ, પરન્તુ તે સૈન્ય સરયૂનાં માણસો જેવું મરણિયુ થયેલું નહતું, ને તેથીજ સરયૂના વિજયના ચિહ્ન જણાવા લાગ્યાં ગંગાએ પણ ઘણું કરેલુ, એણે અભયસિંહ તથા ભીરૂમલને હફાવી દીધા હતા, ને તે ત્યા સુધી કે પોતાનો પરાજય થશે એવી ભ્રાન્તિથી સંધીનું કહેણુ મોકલવા ભીરૂમલ લલચાઈ ગયો હતો, પણ સરયને તો ન-

હતી અપેક્ષા સંધિની, નહતી ક્ષમા યાચનાની, નહતી રાજ્યની, કે નહતી અન્ય માત્ર, એને તો પિતૃ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની હતી, ને તેથી કતલની રાત માની યાહોમ કરીને રણયજ્ઞમાં અડગ પગે ઝઝૂમી રહી હતી, વીરાંગનાની કોમળ કાયાપર ઘણાં શસ્ત્રોનો વરસાદ વરસતો હતો, પરન્તુ ત્હેને તે પેલા માવઠાના વરસાદ પેઠે ગણકારતી નહતી ! હયાતિ ભોગવે છે કોઈ એવી વીર બાલિકાઓ ? એ સ્ત્રીયો કે જેણે ભીરૂમલના સૈન્યને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવ્યુ ! ભીરૂમલના સૈન્યમાં ભંગાણુ પડવા માડયું, ને આવુ જોઈને હવે તે ચમક્યો, અને અભયસિંહને સંધિનો વિચાર દર્શાવ્યો.

શબ્દોમા પણ ઓછી આકર્ષણ શક્તિ હોય છે ? જો ત્હેને યોગ્ય સ્થાને મૂકવામાં આવે, અને સમય પ્રમાણે બોલવામાં આવે તો તે રડતાને હસાવે છે, હસનારને રડાવે છે ને ટુંકમા કહીએ તો કાષ્ટ પુતળાવત્ મનને નચાવે છે—હચમચાવી નાખે છે. આ પ્રમાણે ભીરૂ ભીરૂમલ માટે બન્યું. એક વીર યોદ્ધા (અભય૦) ના મ્હોંમાથી નીકળેલા વજ્ર જેવા શબ્દોએ ભીરૂમલના ભીરૂ હૃદયનો વિચાર ભાંગી નાખ્યો અને નવી જાગૃતિ ઉત્પન્ન કરાવી; કે જે જાગૃતિએ સરચૂનો પરાજય કરાવ્યો !

વાંચનાર ! વ્હેમાઇશ ના, સંકોચ ધરીશ ના, કે શોક કરીશ ના. તાપ અને છાંયડાનો ક્રમ ચાલતોજ આવે છે, જે રીતે સરચૂનાં માણુસો મરણીઆ થયેલા, તે રીતે હવે ભીરૂમલનાં થયા એટલે તેના આગળ એક ચતુર્થાંશ ભાગ કેટલો કાળ ટકી રહે ? સરચૂનાં માણુસ માર્યા ગયા—હો કે રાજ્ય કરજ પૂર્ણ રીતે અદા કરી સ્વર્ગે સંચર્યાં, રણમા આગળીને વેઢે ગણાય એટલા માણુસો આગળ સરચનું શું ગજુ ? હજુ તો એને પિતૃ પ્રતિજ્ઞા પાળવાની હતી,

અને તે પૂર્ણ થતાં પૂરવે તેનું મોત ન થાય તે બદલ એને ખાસ કાળજી રાખવી ઘટતી હતી; એને આ બધાનો વિચાર આવ્યોજ હશે પોતાનાં માણસ માર્યાં ગયાં જોઇ અનેક વાદળાં વચ્ચે જેમ ઘડી ઝબૂકી વિજળી અલોપ થઇ જાય, તેમ તે ક્યા ગઇ? અથવા તેનું શું થયું? તે કોઈ કળી શકયું ના! “ સરજૂ ગઇ ” એ રવ ગંગાના કર્ણે અથડાતાં, માયાને પત્થરપર પટકનાર કંસની, તે ઉ-ડી જતા જેવી સ્થિતિ થઇ હતી, તેવી ગંગાની થઇ ગઇ, અને સમય જોઇ વળી અહીથી તે સહી સલામત છૂટી કયાંઇ ભરાઇ ગઇ તે ત્હેનું સદ્‌ભાગ્ય ! અગાઉ અલ્લાઉદ્દીનના વખતમા પદ્‌મિનીના માટે થયેલા પ્રચંડ યુદ્ધની કથા એવી છે કે જ્યારે અલ્લાઉદ્દીન વિ-જયી નીવડી નગરમા પ્રવેશવાની તૈયારીમા હતો, ત્યારે તે ખબર જાણી પદ્‌મિની-ત્હેને અધીન નહી થવા, અને મરણ પર્યંત પોતાનું શિયળ જાળવવા ચિતા ખડકી બળી મૂઇ હતી ! દરમિયાન અલ્લાઉ-દ્દીન આ બનાવ જોઇ નીરાશ થઇ હાથ ઘસતો પાછો ગયેલો—સર-જૂએ કવચિત્ આ પ્રમાણે તો ન કર્યું હોય ! ગમે તેમ હોય, પણ હમણા તો અત્ર—અને સર્વત્ર ભીરૂમલનો જય ગવાયો, જેતપૂરની લક્ષ્મિ લૂટાઇ અને સઘળે શૂન્યકાર ભાસવા લાગ્યું.

(૫)

"સ્વપ્નું."

મધ્યાહ્નકાળ હોવાથી અગ્નિમૂર્તિ રૂપ સહસ્ત્રરશ્મિ બરાબર માથા પર આવી રહ્યો હતો પ્રભાકરની પ્રખર પ્રભાને પોતાના મહા બાહુ વડે પવન સર્વત્ર ફેલાવી રહ્યો હતો, ને તેના તાપથી પૃથ્વિ બળીબળી થઈ રહી હતી મંજુલ ફૂલ વેલી વગેરે ઘટાદાર વૃક્ષોની ઘાડી ગુફા—કે જેમાં લપાઇ રહેવા છતાં શુષ્ક થઈ જતાં હતાં જાણે અગ્નિ જ વરસી હોય કે દૂરના ભાગમાં દવ લાગ્યો હોય અને એની ઝવાળા નજીક નજીક ધપતી ધપતી આવતી હોય એમ લાગતુ હતુ, આ વે વખતે ન હતી કોઇની અવર જવર (આવ જા) કે ન હતી દેશી વિલાયાત ને વળી વગડામાં ? ! સૂર્યનો તાપ શિર પર જેટલો તપ ॥ તેટલોજ ભૂમિપર પગ મુકવામા આવે તપતો 'તો ! આ'વા ઉન્હાળાના મધ્યાહ્ન કાળે વાતી ઉન્હી લૂ થી વ્યાકુળ બનતી એક બાળા ચન્દ્રેનરાજના અફરવતી પ્રાંતનો સીમાડો ઓળંગીને અરણ્ય તરફ અશ્વારોહણ કરી રહી હતી, બાળા કોઇ વિસામા જેવુ શીળુ' સ્થાન શોધતી હતી, કેમકે એનો નિમકહલાલ અશ્વ હવે એક પણ ડગલુ આગળ ચાલવાને તદ્દન અશક્ત હતો, હાંફ તો માતો ન હતો, મોઢામાથી ફીણ નીકળતું હતું, ચક્ષુ તરી ગયાં હતાં, આકખુ અંગ નર્યા પરસેવાથી (સ્વેદ) પલળી ગયું હતુ અને રવાલમા એનાથી ચલાતુ ન હતુ; બાળા આ સ્થિતિથી અજ્ઞાત ન હતી પણ કરે શું ? વિશ્રામ સ્થાન શોધતા શોધતાંજ એક માઇલ નીકળી ગયો ! પછી વળી એક જૂનો વડ આવ્યો, તાપથી તપ્ત થયેલી, તૃષાથી વ્યાકુળ બનેલી, અને ક્ષુધાથી શિથિલ જણાતી બાળા અશ્વને આશ્વાસન આપવા નીચે ઉતરી, લગામ ડાળિયે

તાણી બાંધી, અને કોમળ કર વડે થાબડતાં હૃદયની કોમળતાએ પોતાના એ સંકટના સાથીરૂપ અશ્વને પંપાળવા લાગી, પંપાળતાં પંપાળતા પાણીની ભાળ મટે ચારે પાસ નજર ફેરવવા લાગી, પણ આશ નિષ્ફળ નીવડતી હતી ! જેમ પાણીની આશા નિષ્ફળ હતી, તેમ અશ્વની પણ નિષ્ફળ હતી નર અશ્વ અસ્વસ્થ સ્થિતિયે ધમ લઇને ભૂમિ પર પડયો. પડવાના જુમ (જોમ) માં લગામ પણ તુટી ગઈ હતી, ધબાકો સાંભળીને બાળા ચમકી, તેના તરફ મન વાળ્યું પણ તે શુ જૂવે છે ? આંખો ફાટી ગયેલી, અને શ્વાસ બંધ થયેલો ! નર અશ્વ રહાય તેટલો શ્રમ પડે તો પણ જરા આળોટી તરત ટટાર થઇ જાય, તે આજ લાંબી મુદ્દત ભૂમિ પર પડી રહ્યો છે એ શું સૂચવે છે ? બીજુ કાઇજ નહિ એનો પ્રાણ એના દેહમા ન હતો

ભલો અને નિમકહલાલ મિત્ર-અશ્વ ! જાણે માલિકને બળાત્કારેય કોઇ વિસામાનુ સ્થાન શોધી આપવાની ઘડી સુધી-માલિકને માટેજ એટલો કાળ દેવ કને વધુ જીવવાનો માગી લીધો હોય તેમ પોતાના સ્વારનું શ્રેય ઇચ્છી, એને સુખી જોઇ, પોતે છેલ્લા પ્રણામ કરી વિદાય થઈ ગયો ! !

અનાથ બાળા હવે અઘોર રાનમા એકલી પડી, અશ્વના મરણથી એને બહુ ઓછું આવી ગયુ, ને તે એના એકલા પડવાથી નહિ, પણ એના પ્રતિના હેતથી-વ્હાલથી એની નિમકહલાલતાથી, હજુ વગડાની વાટ કાપવાની બાકી હતી, રાજધાનીમાં પહોંચવાને બે માઇલ રહ્યા છે; ને પાછળ શત્રુનો ભય ભારે હતો, તેથી એને ત્વરાથી ચાલવુ જોઇતું હતું, પણ ક્ષુધા, તૃષા, નિદ્રા અને તાપથી એ એટલી તો ગભરાઇ ગઇ હતી કે બે માઇલ તે અત્યારે એને બાર માઇલ જેટલા લાંબા લાગતા હતા. જાણે બધુ આઘું આઘું

જતુ હોય એમ ભાસતાં અકળામણ આવી જતી ! પણ એ સઘળું મૂંગે મુખે સહી લઇને ધૈર્યથી વિચાર કરવા લાગી. જે વૃક્ષ આગળ એ ઉભી હતી, ત્હેનાથી થોડેક છેટે બીજા બે વૃક્ષો અને એની આગળ એક આંબાવાડિયું આવેલુ હતું, બાળાએ તે જોયું, વન વગડામા આંબાવાડિયુ કયાંથી ? બાળાને આવો વિચાર થયો, પણ એ વિચારને ગુંચવાઇ ગયેલા હૃદયમા સ્થાન મળ્યું .ના, ઉતાવળે પગલે બાળા તે ગમ ગમન કરવા લાગી-ગઇ, અને જોયું તો વળી ન્હાનીશી તલાવડી પણ જણાઇ ! દઢતાવાન દેરી હવે સતેજ થઇ, ધૈર્ય મળ્યુ અને જરાક મ્હો મલકયું. દષ્ટિ ગગન ભણી ફેંકી જાણે દેવનો ઉપકાર ન માનતી હોય ! અથવા એની અગાધ લીલાએ તન્મય ન થઇ હોય ! અનુમાન એવું થતું હતું.

પછી આછા વપરાટવાળા ન્હાનકડા સરોવરિયાના નિર્મળ જળમાં વળેલી લીલ બે હાથ વડે આઘીપાછી કરી મ્હો પખાળી બે ઘૂટડા પાણી પીધુ, એટલે મ્હોમા અમિ આવી, સુકાઇ ગયેલો કંઠ અને ઉકળેલું હૃદય તાઢુ પડયું, આથી તપીગયેલું આકખુ અંગ શીતળ કરવા એ લલચાઇ, અને પાસેનો વિશાળ રૂમાલ પ્હેરી-પહેરેલું વસ્ત્ર બદલીને બાળાએ સરોવરિયામા સારી પેઠે સ્નાન કર્યું, ખચિત્ત સ્નાનથી સઘળો શોક, તનનો-ને મનનો જરા વિસારે પડયો. આંબાવાડિયા પર બે ત્રણ વાંદરા કૂદતા હતા, આથી બાળાને લાભ થયો, ત્હેની ક્ષુધા ટળવાના સાધન રૂપ તે નિવડયા ! પરિપકવ થઇને નીચી લચી ગયેલી થોડીક કેરીની સાખો નીચે ગરી પડી. વાંદરાનો ઉપકાર માની જાણે તે લેતી હોય તેમ બાળાએ ખોળામાં વીણી લીધી. ને ખાધી. આમ્રરસ તો બીજું અમૃત છે. અમૃત આરોગી શીતળતા પામેલી શાન્ત બાળાના નયનમા હવે નિદ્રાદેવીએ વાસ કર્યો.

સરયૂએ ત્યાંની શીધી છાંયામાં શયન કર્યું.

સરયૂને ઘસઘસાટ ઊંઘ આવી ગઇ. માત વ્હોણી સરયૂને, તાત વ્હોણી સરયૂને ખરેજ, અનાથ સરયૂને નિદ્રા દેવીએ બાથમાં લીધી, તથાપિ ત્હોયે તેને તાઢક તો નહતીજ વળી; સરયૂ નિદ્રાધીન છતાં-નિદ્રાધીન થતાં સુધી છેક પિતાના મૃત્યુનું, પિતાની પ્રતિજ્ઞાનું અને પ્રતિજ્ઞા પાળવા અર્થેજ કેવળ રાજ તજેલું, પોતાની પ્રિય ભૂમિ અને પ્રજા તજયાં તથા ગંગા જેવી ગંગાની માયા તજી અને રણુના લ્હાવાથી અતૃપ્તિ વળેલી તે સઘળાનુ સતત્ સ્મરણ ચાલ્યા કરતું હતું, ને તે સ્મરણે સરયૂ નિદ્રાધીન છતા સ્વપ્નાધીન થવા પામી. સ્વપ્નાએ એના હૃદયને હચમચાવી મૂક્યું.

નાટકનો પડદો (Drop scene) દૂર ખસી જાય તેમ પ્રથમ તો સરયૂએ સ્વપ્નમાં સર્વત્ર અંધકાર દૂર થઈ ત્હેને સ્થાને આછો આછો પ્રકાશ જોયો, અને પ્રકાશ પડતા ત્હેને કુમ્ભીપાકનાં અને યમદૂતોની સજા ભોગવતાં કેટલાંક મર્ત્ય પ્રાણી માલમ પડયા. વાંચનારા હવેની હકીક્ત સઘળી સ્વપ્નમાંનીજ સમજવી, અને સરયૂના વાત વિચાર પણ સ્વપ્નમાંનાજ માનવાના છે.

"અરિસા જેવા અમલ અન્તઃકરણ વાળી વીરાત્મજા છતાં
"મ્હારા માટે આ સ્થાન! મને અહીં કોણે આણી? ને હું આ શું
"જોઉં છૂ! શિવ! શિવ! આ યમદૂતને હાથે દડાતા—દયા ઉપજાવે
"એવા જીવ તો મ્હારી ભૂમિનાજ ભાસે છે! આ બધુ શું છે! હું કશું
સમજી શકતી નથી!"

સરયૂ ઊંડા વિચારમાં પડી, અને થોડી વારમાં નીચેના ભાવાર્થનું સુત્ર એના કાને અથડાયું:—

' Sow truth, if thou the truth would'st reap
Who sows the false shall reap the vain
* * * *
Sow sunbeems on the rock and moor
And find a harvest home of light." *

"શું ત્યારે, હું જોઉ છું એ લોકોએ ખોટાં બી વાવેલાં !—ને હું પણ દુરાચરણીજ ! એમસ્તો ! નહિ તો અહીં શીદ આવવાનું હોય ! હા...દૈવ ! આ બધું શું છે ! મારના ભારથી કારમી ચીસો પાડતાં આ જીવોનાં દુખ હું નથી સહી શકતી ! એમને કોણ છોડાવે !"

"ધર્મ" કંઇકથી ધ્વનિ આવ્યો.

"ધર્મ ! ધર્મ તું આવાં બાપડાં ગરીબડાંને છોડી ક્યાં રમણે ચઢ્યો..."

"મે એમને તજ્યાં નથી, એમણે મને તજ્યો છે." (ધ્વનિ)

"ઓ બાપ ! બાપુ ! મ્હારી કને તો આવ, મને તો કંઇ સમજાવ! "તું કયા છે ? જ્યાં હો, ત્યાંથી આવ, ને મને, આ બધાથી માહિત કર; ' આ કુમ્ભીપાકની દુર્ગંધ હું નથી જીરવી શકતી." બોલતા બોલતા બાળાએ આસપાસ નજર ફેરવી; અને એક બાજૂથી દિવ્ય તેજો-મય છાયા તેના તરફ આવતી જણાઇ—તે ધર્મજ હતો. "નમ-"સ્તે દેવ ! ગુરૂ ! પિતા ! પ્રાણ ! મિત્ર ! વન્દન ત્હને રાજા ! હજાર વાર નમસ્કાર ! " છાયા સઘળુ સાંભળી રહી, જરાક શિર નમાવ્યું ઉત્કંઠિત્ સરયૂ આગળ બોલી "મ્હને કાંઇ કહેશો ?"

---

* અંગ્રેજ કવી Bonar ના How to live નામના કાવ્યમાથી

"સરયૂ! ત્હારે શું જાણવું છે? શું સાંભળવું છે? જે ઇચ્છા હોય તે કહે હૂં સમજાવીશ. છાયાએ પૂછ્યું.

"તે બધું પછી, પહેલાં તો મ્હને અહીંથી કોઈ બીજે ઠેકાણે "લઈ જાઓ, મ્હારાથી આ દુર્ગંધ નથી સ્હેવાતી,–ને–ને મને બીજી "જગાએ લઇ જાઓ તે પહેલાં યે આ પીડાતા, રીબાતા ને દુઃખે "મુમરાણ કરતા બાપડા રોતા ને કકળતા જીવોને મારથી મૂકાવો, "એમને જ્યારે સુખી જોઇશ ત્યારે જ હું, મને જ્યાં લઈ જશો ત્યાં "સુખી થઇશ, નહિ તો નહિ; દેવ! મ્હારા નોધારાના આધાર! "આટલું પ્હેલું કરો." એ હાથ જોડી કરગરતે મુખડે અને કંગાલ ચ્હેરે છાયાને આજીજીથી વિનવવા લાગી.

"ધર્મનું કામ ધર્મ કરે, ને કર્મનું કર્મ સરયૂ! આ ન્યાયથી "વિરુદ્ધ મ્હારાથી કશું કરી શકાય ના, કરવા જાઉં તો હું મ્હારા "રૂપથી પલટાઈ પાછો આજ દશાને પામું, હૂ આ લોકોને મારથી "શી રીતે મૂકાવું? મ્હને એઓએ અધિકારજ નથી આપ્યો, મો "કશામાં ગણ્યો જ નથી, અને જેને એ જીવો ચ્હાતા હતા, તે "અત્યારે હજુર છે જો ઝીણી દૃષ્ટિથી પેલી દૂર દૂર કર્મની છાયા "દેખાય છે! દેવી! પણ એ કર્મ સ્વાર્થી છે, ને એ સ્વાર્થીએ જ આ જીવોની તું જોઉંછૂ એ દશા આણી છે."

"આ દશાથી મુક્ત થવાનો કોઈ માર્ગ નથી?"

"છે."

"તે કહો."

"જો મ્હારૂં સ્મરણ કરે તો હૂં ત્યાં જાઉં ને એમને મારથી "મૂકાવું; પણ વગર સ્મરણે તો મ્હારાથી કશુ બની શકે ના."

"અરે ભૂંડા! (સરયૂએ નિસાસો નાખ્યો) ભૂંડા જીવ ત્યારે એટલું કેમ ભૂલી ગયા હશે!'

"તે ભૂલ્યા નથી, પણ પેલા કર્મે ભૂલવ્યા છે.'

"એક વાનું બની શકશે? હૂં ને તમે તો નિરાંતે વાતો કરી એમની ચિન્તાઓ કરીએ છીએ ને એ બાપડા તો છૂંદાયાં જાય છે, તો જ્યાં સુધી એટલો થોડો કાળ મને તૃપ્તિ મળે ત્યાં સુધી એમને વગર સજાએ એમને એમ રાખી શકાય? આટલું બને વારૂ?

"તે ત્હારા હૃદયને (Conscience) ત્હારે પૂછવાનું છે."

"હૃદય અત્યારે મ્હારૂ નથી–મ્હારી આ સ્થિતિમાં હું એને કશુ જ ના પૂછી શકું? આપજ કહો."

"શું?"

"તે લોકોને થોડીવાર વિસામો મળે?"

"મળે; જો ત્હારામાં મ્હારૂ પ્રાબલ્ય હોય તો."

"કહો ને? નથી? હું અધીરી છું–આતૂર છૂ."

"છે–પણુ."

"સ્પષ્ટ કહો; 'પણુ' શું? મ્હારામા શું શું છે?"

"ધર્મ, અને એને અંગે કર્ત્તવ્યની ઉચ્ચ અભિલાષા–તથા કર્ત્તવ્ય કરવાની અભિરૂચિ."

"છતાં કુમ્ભિપાક કેમ?"

"એટલે અંશે ધર્મના નિમિતે કરાતી કૃતિમાં ખામી આવેલી તેથી."

"તે કઇ?"

"હૂં નહિ કહી શકું."

"ત્યારે બીજું કોણુ કહે શે? અરે રે! (જીવો તરફ દૃષ્ટિ નાંખતાં) આ બાપડા તો હજુ તોબાહ અને ત્રાહ ત્રાહ પોકારે છે! દેવ! મને બીજું કોણુ કહેશે?"

"મારા સિવાય કોઇ અન્ય."

"પણ કોણ ?"

"કોની કનેથી જાણવું છે ?"

"એમ ! હું જે ઇચ્છું તે આવે ? તો તો તાત ! (યાદ આવતું હોય તેમ.) મા'રા સ્વર્ગે ગયેલા પિતા જ મને મળે—એ બધું કહે."

"તો તે મળશે, અહીંજ મળશે."

"ના; હું ત્યાં—એમની કને—(વિચારતી) પણ પ્રભો ! પાછી ભૂલી ! આપે મ્હને કહ્યુ હતું કે મારી ભૂલ્યે મ્હને અહીં આણી છે. હું ત્યાં—ત્યારે તો ન જઇ શકું ! ! હર ! હર ! દેવ ! એમને ત્યારે, અહીંજ આણશો ? આવા દુર્ગંધાવાસે ! એમને અહીં કોણ દોરે છે ?"

"તું નહિ તો ત્હારા નિમિત્તે કર્ત્તવ્યમાં પેલી પડી ગયેલી ખામી.'

"સ્વામી ! હદ થઇ, હવે વાત પર વળિયે; મ્હારું હું નિવેડીશ, પણ હમણા તો આ બાપડાંનું કાંઇ થવું જોઇએ; હું પૂછુંછું કે જ્યારે મ્હારામાં તમે કહો છો એમ ધર્મ અને તેને અંગે કર્તવ્ય નિષ્ઠાના તપનું તેજ છે, ત્યારે તો તમારા મત પ્રમાણે તેઓને થોડી વાર વિસામો મળવો જોઇએ."

"મળે, પણ અમુક સરતે; સરત એ કે જેટલો વખત વિસામામાં વ્યતિત્ થાય, તેટલો વખત એઓને વધુ વેઠવું પડે !"

"આ સૃષ્ટિમાં તો રજે રજનો હિસાબ લેવાય છે ! અરેરે ! "ત્યારે તો પાછું એકનું એક—અરે બેવડું દુઃખ, વિસામો લે, "તે ભાગની સજા પછીથી થાય, ને જે થનાર હોય તે; એટલે એનો એજ બેવડોમાર ! પણ આપણી વચ્ચેની વાતચીતના પરિણામમાં એમના દુઃખનોજ અંત આવે તો ! સરયૂએ જરા પ્રસન્ન થતાં પૂછ્યું.

" એવી આત્મ શ્રદ્ધા છે ? "

" છે "

" તો ? "

" તો આ કાળ જેવા ઊભેલા યમદૂતોને આજ્ઞા કરો."

ધર્મની આજ્ઞા થઇ, અને પાપી પ્રાણીઓને યમદૂતોએ વગર ઈજાએ બાજૂપર લઇ જઇ બેસાડયા. એને થોડીવાર થઇ નહતી અને ધર્મની સાથે સરયૂના સંભાષણની શરૂઆતમાંજ બીજા બે સખ્સોને એક દૂત મારતો મારતો આ દરવાજા આગળ ઘસડી લાવતો આવી પહો-ચ્યો, અને એ કારમી ચીસોથી વાતનો આરંભ કરનાર સરયૂનું ધ્યાન તે તરફ ખેંચાયું. આ બે જણને ઘસડી આણનાર—બે જણ પર અમલ કરનાર દૂત સરયૂના હાથથી મરાયલો એનો અમાત્ય હતો. સરયૂએ એ ઓળખ્યો અને એકદમ વિસ્મીત્ ચિત્તે ચમકીને બોલી ઉઠી —આ તો અમાત્ય ! (એના તરફ ફરીને) અરે દુષ્ટા-ત્મા ! અહીં પણ એનો એજ રહ્યો, લોકને બિચારાને દમનાર દુભાશિયો .. "

" સરયૂ ! હવે એ તમારો અમાત્ય નથી. અમાત્ય હતો ત્યાં સુધી આવી રીતનો ઠપકો આપવાને તમને હકક હતો. ધર્મે કહ્યું.

" ઓ માડી ! મારથી મૂકાવો મરી ગયા બાપ " બે જણે બુમો પાડી

" આ લોકોની વાત પણ જાણવાની મને જીજ્ઞાસા છે. ને જે રીતે યમદૂતોને અટકાવ્યા તે રીતે (અમાત્ય તરફ આંગળી કરીને) આમને ન રોકો ? " ધર્મની આજ્ઞા થઇ. અને બાજૂપર અમા-ત્ય અને બે જણ ઉભા રહ્યા.

" આ લોકો કેવાં કર્મ કરીને કુમ્ભિપાકને પામ્યા તે મ્હારે

હવે જાણવું છે; આચારેથી (અનુમાનથી) એટલું તો લાગે છે કે આ અમાત્ય કરતાં ઘણાં કાળાં કર્મ કરેલાં હોવાં જોઇએ—અમાત્ય સંબંધે તો મ્હને અનુભવ છે એટલે એટલું તો ખરૂં જ કે હું જેનાં કર્મ અતિ નીચ ધારતી, તે જ્યારે અહીં જમાદારી ભોગવે છે ત્યારે ત્હેના કરતાંએ નીચાં કામ કરનારા હોય ખરા !

"સરયૂ ! આમાં તમારી સમજફેર થાય છે."

"એટલે જો અમાત્યથી ઓછા અપરાધી બીજા હોય .."

"એમજ છે."

"તો અમાત્યને જમાદારી કાં અપાય ? રાજ ? મ્હને તો અન્યાય ભરેલી વ્યવસ્થા લાગે છે" ધર્મ કંઇ બોલ્યા નહિ

"અન્યાય બાપુ હડહડતો અન્યાય ! ન્યાય તો મર્ત્યલોકની અદાલતોમા, આ તો ધર્મને નામે ઓળખાતો અધર્મજ છે." અમાત્ય પાસેના અને યમદૂતના ટોળામાંથી બે ચાર દોડતા આવીને કરગરતે મુખડે કહેવા લાગ્યા. ધર્મ અને સરયૂ સાંભરી રહ્યાં.

"મહાન તેજોમય–દિવ્ય પ્રદેશના સુર સન્તોમાં અન્યાય હોય નહિ પણ અધૂરા અને સાંકડા હૈડાના મનુજની સૂક્ષ્મ નહિ પણ સ્થૂલ દ્રષ્ટિજ એમ જોઈ શકે એતો મ્હને વાસ્તવિક લાગે છે" સરયૂએ લોકો સ્હામે ફરીને કહ્યું.

"જેને તમે તેજોમયને દિવ્ય સ્વરૂપી દેખો છો એજ આ ધર્મ અમને કાળ સરીખડાં દર્શન દે છે ! એક તો એજ અન્યાય દેખીતો" એક જણ બોલ્યો. ધર્મ જરાક હસ્યા, સરયૂએ એમના સ્હામે લોકોના શબ્દોથી દયા ભરેલી ઉપજેલી લાગણીએ જોયુ અને કહ્યું—

"બીચારાંનો કાંઇક નિકાલ થવો જોઇએ, મૂર્ખ મનુના બોલવા ચાલવા સ્હામે સાગરશા સાધુઓએ શા જોવાં ! ! ને અમાત્યના

સંબંધમાં તો દેવ લોકની યોજના હું નથી સમજી શકતી. સમજાવશોજી."

"મહાન પિતાની સઘળી પ્રજા પૈકી યોગ્યતાના પ્રમાણમાં સંસારમાં નિમાયલા મ્હોટાને, ન્હાનાને ન્હાની સજા કરવાનો હક્ક બક્ષાયલો હોય છે. અમાત્યને એના બુરા કર્મની સજા ઇશ્વર તરફથી જે મળે-મળવાની હતી તેનું તમને સ્મરણ ન થયું અને પૂરેપૂરી સજા સરયૂ! તમારાજ હાથે થઈ, હવે ઇશ્વર એને હદ ઉપરાંત શી રીતે સજા કરે? નિમિત્ત પૂરૂ ત્હમેજ વ્હોરી લીધું ને પછી ઇશ્વરને માથે બોજો નાખવો એ કોના ઘરની વાત? કંઇ સમજાય છે?"

"સારી રીતે, જો મ્હારા હોદ્દા પ્રમાણે મ્હેં એને 'વધ' સિવાયની કોઈ પણ સજા કરી હત, તો તેને અહીં અધૂરી સજા પુરી કરવી પડત, એમજ ને.?"

"હા; અને મરતા સુધી એની દુષ્ટ વાસના રહેલી તેનું પરિણામ તો ત્હમે અહીં જૂઓ છોજ"

"કુમ્ભિપાકના જમાદાર તરીકે સ્થાન મળ્યું તે?"

"હા."

"ત્યારે તો આ બીજા લોક બાપડા સંસારમાં સજા નહિ પામેલા, તે અહીંજ પૂરા ઝૂદાવાના?"

"કરેલું ભોગવવું પડે."

"શુ કપાળ! ન્યાયજ કયાં થાય છે? બોલવા દે તો બધું બતા..." અપરાધીઓમાંથી એક જણુ કકળી ઉઠ્યો, ધર્મ-સરયૂની દ્રષ્ટિ એક થઇ, લોકો શું કહે છે તે સાંભળવા સરયૂએ ધર્મની રજા મેળવી અને પેલા આગળ આવીને બોલતા જીવને કહેવાનું છૂટથી કહેવા સૂચવ્યું. એ જીવ એક ગ્રંથકાર હતો, ને ત્હેની કને એક

લૂંટારો હતો, બીજો શિક્ષક, તથ ત્રીજો વૈદ્ય હતો. ગ્રંથકારે કહેવા માંડયું.—"હૂં ગ્રંથકાર છું; સાચુંજ કહી નાખું છું કે પેટ લાગેલું "ને બીજો ધંધો આવડે નહિ એટલે ગ્રંથકાર થયેલો-એ ધન્ધો "મને થોડી મહેનતે વધારે કમાણીનો લાગેલો, ને હતું પણ એમજ; "બે ત્રણ ગ્રંથો અમુક કોટિની લોક રૂચિને અનુસરીને મ્હેં લખ્યા "ને એમાં સારી પેઠે પૈસાની પ્રાપ્તિ થઇ, પછી તો ઉત્તેજન મળ- "તાં આડું અવળું, ઉંધું ચતુ; ખરૂં ખોટું અને હિત હાનિના "વિચાર વગરનું લખી લખી પુસ્તકોનાં કદ વધી માત્ર મોટી કિ- "મ્મતે વેચાય એ હેતુથી પ્રગતિ વધારવા માંડેલી, એમ કરતાં "કાળ આવ્યો અને અહીં આ દશામાં મને નાખનારે નાખ્યો. શા કારણે ? તે હૂં તો કશું સમજી શકતોજ નથી. જો પુસ્તકો લખવામાં "મેં પાપ કર્યું હોય તો મને સરકાર દંડયા વગરજ રહે કેમ ? "હા; હિત હાનિનો વિચાર નહિ કરેલો એ અપરાધ ખરો, પણ "એટલા ન્હાના ગુન્હામાં મ્હને આ (લૂંટારા સ્હામે આંગળી કરી "ને) લૂંટારાની બરાબર નહિ પણ વધારે સજા વેઠવાની એ ઓછો "અન્યાય! આ લૂંટારાનો જન્મ જ ધાડપાડુને ત્યાં થયો હતો, જ "ન્મથી તે લૂંટારો હતો. ને મરતાં સુધી લાખ્ખો જણની લક્ષ્મિ "મારી કૂટી, લૂંટી લેવામાંજ મંડયો રહેલો. હવે એનાં પાપ ને એની સ્હામે મ્હારો નજીવો ગુન્હો સરખાવવો ઘટે છે!" ધર્મ મૌન રહ્યા. સરયૂએ પૂછ્યું.—"લૂટારાની વાત તને કેમ જ્ઞાત થઇ?"

"એજ મ્હને મ્હેતો હતો—ખોટું હોય તો પૂછો એને, પાસેજ ઉભો છે."

"ખરૂં હશે, પણ ખરામાં ખોટું એટલું કે એણે બા- "પડે ભોળે ભાવે પોતાની વાત વિદિત કરી, તેના પરિણામે એને

"ફસાવવાનું આદરી બેઠો છે ! કેમકે તુલના કરવાનું કામ ત્હારૂં ન "હતું; વારૂ; મર્ત્યલોકમાં સરકારની દૃષ્ટિએ ત્હારાં સૂક્ષ્મ પાપ ન "ચઢ્યાં હોય તો એ સજા ન કરી શકે એ તો સંભવિત છે ને તેથી તૂ "કાંઇ નિર્દોશ ગણી શકાય ના, પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપને કળનાર "આ દેશમાં તો કશીજ ભૂલથાપ થાય નહિ; હવે પ્રશ્ન એટલો રહે "છે કે સામાન્ય રીતે જોતાં લૂંટારો વધારે ગુન્હેગાર જણાતાં છતાં "ત્હને વધારે સજા શાથી ?" આનો ખુલાસો તમારો ન્યાય તોળનાર —ધર્મરાજા પાસેથી જ સાભળીએ." સરયૂએ કહ્યું.

સર્વ પોતાની સ્હામે ઉત્તરની અપેક્ષા રાખતા જોઇ રહેલા જાણી ધર્મે ટુંકમા પતાવ્યુ " ગ્રંથકાર પોતાની ભૂલનો કબુલ કરે છે જ, પણ તેને તે નજીવી ગણે છે. હવે નજીવાં બીજનુંજ કેવું " મહાભારત પરિણામ આવે છે એ જાણીતી વાત છે. આ લુટારાએ " મરણ પર્યંત હજારોને રોવરાવેલા એ ખરૂં, પણ મરણ પછી " લોકોને તેના તરફના નુકશાનની બીતી રહે એવું એ કશું કરી " ગયો—મર્ત્ય લોકમા મૂકી ગયો નથી, જ્યારે ગ્રથકારે પોતાના દુષ્ટ " વિચારો પાસે નહિ આણતાં ગ્રથમાં ઉતારી તે સસારમાં રાખતો " આવ્યો છે, કે જેથી જ્યાં સુધી પુસ્તકની હયાતિ હશે ત્યાં સુધી " હજારો લોકો અવળા માર્ગે દોરવાયા જશે! અર્થાત્ મરતી વેળાએ " એણે મર્ત્ય લોકમાં વાવેલ બીજ કાળ બળે ફાલશે ને વૃક્ષ થઇ " ફળશે, તે પછી અજ્ઞાત બીચારા શ્રમિત મુસાફરો ત્હો છાયામાં " બેસશે ને કોઈ ક્ષુધાતુર હશે તે ફળ ખાશે ખાનાર અને છાયામા " બેસનાર બધાનો અત્મા 'વિષ'થી વટલાશે હવે એ સર્વ કાર-" ણનો કર્તા કોણ ? સરયૂ! આટલાજ પૂરતી એને વધુ સજા " સંભવીત છે." પવનથી પીપળાનું પાન હાલે તેમ ગ્રંથકાર

ધ્રૂજવા લાગ્યો અને યમદૂતો સ્હામે વારેવારે દ્રષ્ટિ કરી ભયના માર્યો ગભરાવા લાગ્યો બોલ્યા સિવાય સરયૂ જરા કરડી નજરે ત્હેના સામે જોઇ રહી ધર્મની છાયાએ આગળ ચલાવ્યું;—

" એજ પ્રમાણે આ બે જણ માટે બનેલું છે (બે પૈકી એક " વૈદ્ય અને બીજો શિક્ષક હતો) કેવળ વિત્તની લાલસાવાળા આ " તૃષ્ણાળુ વૈદ્યે ગમે તેવા દરદીને માટી જેવી દવાને ભસ્મના નામે " ઓળખાવી ફી ચઢે એ ઇરાદે લાંબા દહાડા સૂધી દરદીના દરદને તે " બેદરકારીથી મટાડતો નહતો, અને એમ છતા પણ તૉર, શેખાઇને ' ભભક ભર્યા તેજમાં બીચારાં કકળતી આંતરડીવાળાં રોગી જનોને " તાણી નાખતો. આજ તેથી એ આ સ્થિતિ ભોગવે છે; શિક્ષકે ' એના જેવા ઉઘાડા પડીને અધમાધમ કર્મ કર્યાં તો નથી, પણ " સૂક્ષ્મ દ્રષ્ટિએ તે પુષ્કળ પાપી ઠરે છે, પેલા વૈદ્યે લોકોના બાહ્ય " દરદ મટાડવામા બેપરવા રાખી છે, ત્યારે ચ્હા'ણે અભ્યાસીઓના " અન્તર દરદ ટાળવા શ્રમજ લીધો નથી, પગાર મન પૂરતો મ- ' ળવા છતાં પોતાને ઘેર ખાનગી (tuition) ભણવા આવનાર " ઉપર જ ઉપર ચોટિયું ધ્યાન આપનો અમે એના પરિણામે " ઘણાના હૃદય વિકસિત થવા ન પામેલાં હોવાથી બીચારા છતી આંખે " અન્ધાપો વેઠી રહ્યા છે ! ધારે તો એક શિક્ષક હજારોનાં હૃદય " કેળવી તેમાંથી ઘણા શિક્ષકો તૈયાર કરે, અને ધારે તો " બોથડ બુદ્ધિ રાખી ઘણાંનાં જીવન ધૂળધાણી કરી નાખે; " સરયૂ ! શિક્ષકનામા એવું પ્રબળ છે-ખૂબી છે, જે વૈદ્યમાં નથી, " અને તેથીજ ફરજનો બોજો જેટલો વૈદ્યને શિર ઝઝૂમે છે તેનાથી " ઘણો શિક્ષક ને શિર રહ્યો છે. વસ્તુસ્થિતિ આ છે." ધર્મ કહી રહ્યા પછી સરયૂનો વારો આવ્યો.

"અં હં હં. તોબાહ! અન્દરખાનેથી તો કાંઇ જૂદીજ કથાઓ નીકળે છે! આતો મોઢાં મોળાં ને મનમાં કાતરડા જેવું જણાય છો રાજા! જવાદ્યો એ બધું. બીજાનું પણ આવું ને આવુંજ પોગળ હશે, મ્હારે તે નથી સાંભળવું. આજીજી એટલી કે હવે એમને હદ થઇગઇ છે."

"એક વાર છોડો, અમે ફરી આવું નહિ કરીએ. અધૂરાં કરજ વાળવા માટે અમને ફરી ફરજ બજાવવા, હતા ત્યાં મોકલાવો માજી!" વગેરે પોકાર ઉઠવા લાગ્યા. સ્ત્રીજાત સરયૂને દયા આવી અને ધર્મને વિનવવા લાગી પૂર્ણ પશ્ચાતાપ થતો ત્રિલોકી ફરજ અદા કરવાના કોલકરારે ધર્મે સર્વેને મુક્ત કર્યા. યમદૂત પોતાના સ્થાનકે પહોચ્યા, જીવ જીવમા ભળ્યા અને અહીં માત્ર છાયા (ધર્મની) અને સરયૂ બે જણ રહ્યાં. સરયૂએ કહ્યું.

" હવે બાકી રહ્યુ મારા વિષે "

"તે તમારા પિતા કહેશે. જો એ આવે, તો હું હવે જઇશ, એનાથી ત્હને તૃપ્તિ મળશે." કહીને ઝબકતી વિદ્યુત વાદળીમા ભરાઇ જાય તેમ છાયા અલોપ થઇ ગઇ. શાન્ત સ્વસ્થ અને સજ્જતાએ પિતાની છાયાને આવવાની રાહ જોતી સરયૂ નિશાની વાળી દિશાએ દૃષ્ટિ રાખી રહી. પ્રથમ ત્યાથી ધ્વનિ નિકળવા લાગ્યો.—

" Stern Daughter of the voice of God !
O duty ! if that name thou love
Who art a light to guide a rod
to chack the erring and reprove " *

ધ્વનિની સાથેજ જયમલ્લસિંહની છાયા સરયૂથી ત્રણ ફીટ ઉંચે ઉભી રહી અને ઉતાવળે ક્હેવા લાગી:– "સરયૂ! સાંભળી લે,

* Wordswarth.

"જે પ્રતિજ્ઞા ત્હારે પાળવાની છે, તે માટે પ્રસંગ મળ્યા છતાં પ્રતિજ્ઞા
"પાળવાના હેતુને ગૌણુ રાખી શત્રુને પોતાના હાથેજ મારવાવાળી
"ઇર્ષ્યાના પ્રાધાન્ય ભાવે દાવ ન મળવાથી તું ન્હાઠી, ને કર્મ કરવાની
"તકને ગુમાવી. કવચિત્ રણમાં પ્રતિજ્ઞા ન પૂરી થાત ને તે પૂર્વેજ મૃત્યુ
"થાત તો પણુ તે ફરજને અંગે ઉત્તમ હતું-અથવા પ્રતિજ્ઞા પણુ
"પાળી શકાત. જો આત્મશ્રદ્ધા હત તો તથાપિ તેમાંનું કંઇ કર્યું
'નહિ અને દ્વેષના ઉંડાં મૂળને અંતરમાં રાખી પૂરપાલકની ફરજને
"વિસારે પાડી રૈયતને અનાથ બનાવી રઝળતી મૂકી તું ત્હારા એક-
"લાનું અમુક હિત જાળવવા નીકળી પડી એ અધર્મનું કાર્ય આચર્યું-
"ગણાય. ત્હારી ફરજ એ હતી, મારવું કે મરવું, તે છતાં અને
" આત્મબળ છતાં ત્હેને પેલા દ્વેશ વાળવાના સ્થૂળ સ્વાર્થના ભાવે
" વિકસાવી શકીના. અને અજમાવી શકી ના; અને એનાજ પરિ-
" ણામે તું આ સ્થળ જોઉંછું ને અનુભવુછું. સંતાનના છાંટા
" પિતૃને પણુ અડકે છે તે પણુ અનુભવાય છે હવે હું મ્હારા મૂળ
" સ્થાને જઇશ. જ્યાં સુધી મને પ્રતિજ્ઞાથી તર્પણુ કર્યૂં નથી ત્યાં
" સુધી મારી સ્થિતિ કફોડી છે. માટે હવે ઉઠ, સાવધ થા, ધર્મ-
" રૂપ ઢાલ, અને કર્મરૂપ કોદંડ હાથમાં ગ્રહી ભૂલ્યા ત્યાંથી ફરીથી
" ગણી લે. હજુ સમય છે—તક છે તેને વિચારમાં બેશી રહીને
" કે શોચ કરીને ગુમાવ ના. હું જાઉંછું" છાયાં અલોપ થઇ,
અને તે સાથે સરયૂનું સ્વપ્ન પણુ પૂરુ થયું; જાણે નાટકનો એક
પડદો ખસી બીજો દશ્ય થાય તેમ કુમ્ભિપાકની વિષમ વાટિકાના
સ્થાને, હતી તેની તે ભૂમિ, એ ન્હાનું શુ સરોવરિયુ, એ આંબા-
વાડિયું અને એ સરયૂ વૃક્ષની છાયાવાળી જગાએ સુતેલાં રહ્યાં. ફેર
માત્ર એટલો પડયો હતો કે આ વખતે સવિતાનારાયણુ પશ્ચિમ

તરફ ઉતરી ગયા હતા, ને તેથી ગગનમા ગુલાલ વેરાયું હોય એવા રંગ દેખાતા હતા.।

સરયૂની આંખ હવે ઉઘડી છે, તે જાગૃત છે, પણ સુનેલી છે. અને જાણે અનુભવેલા સ્વપ્નમાંની વાતોથી અફસોસ સાથે ઉંડા વિચારમાં પડી ગઇ હોય એમ અનુમાન થતુ હતું.

(૬)

મહુન્ત મઠમાં ગંગા.

"સાચી દેશની સેવા !
એના ગુણ ગાવા કેવા ?

રૂડી દેશની સેવા !
બનાવે દેવો જેવા ?

વ્હાલી દેશની સેવા !
આપે પ્રભૂ શું સેવા !

મીઠી દેશની સેવા !
દીઠી ચ્હાવા ને સ્હેવા !

રૂડી દેશની સેવા !
એ તો મોઘા દે મેવા !

દૈવી દેશની સેવા !
ના રોકો દ્યો વહેવા !

પામો દેશની સેવા !
અનેરા લ્હાવ લેવા !

જેઓ ચ્હા'તા ના સેવા !
એ રહે એવા ને એવા. સાચી."

ભજનની ધૂનમાં તન્મય બનેલા, પ્રચંડ 'યોગ' સાધક મહા અલ્મસ્ત સાધુ લોકનું ટોળું પૂહાડી પ્રદેશના વગડાનાં કોતર, ખાણો, અને ઉંચા નીચા ઢાળ પડતા ડુંગરા ઓળંગતું અને ભેખડો ભાગતું આગળ ચાલતું હતું; સાધુના સર્વાંગમા 'દેશની સેવા' "વ્હાલી દેશની સેવા" એના એજ રણુકાર સંભળાતા હતા—અર્થાત્ 'દેશની સેવા' ના ભજનમય બધા બની ગયા હતા, અને 'દેશની સેવા' નો એઓનો હૃદય ધ્વનિ અનિલલહરી સર્વ દિશામાં ફેલાવી રહી હતી, જંગલનાં ઝેરી અને ઝુલ્મી જાનવર, તરૂ, પક્ષી તથા તમામ વનસ્પતિ 'સેવા' મય બની ગયેલી સાધુજન અનુભવતા હતા. પણ એ અનુભવમાંથી એક શવ (શબ) વત પડેલી સ્ત્રીએ એમને પોતાની તરફ વાળ્યા !

સાધુમંડળ શવવત્ સ્ત્રીની કને આવ્યા, અને આશ્ચર્ય, શોચ, સંકોચ ધૈર્ય તથા સ્હેજ ભયભીત થતા થોડીવાર તો અન્યોન્ય-સ્હામસ્હામે જોવા લાગ્યા. પછી એક જણે સ્ત્રીના પગના તળીઆંએ હસ્ત અડકાડતાં કહ્યું — "પગ તો તાઢા પોયણાં જેવા છે !" બોલીને બધા સ્હામે જોઇ રહ્યો.

"ને-ને પણ ઝીણો શ્વાસોચ્છ્વાસ થાય છે" બીજાએ જોતાં જરા હિમ્મતથી કહ્યું. "ત્યારે એ મડદું તો નથીજ, એને આપણે ઉપાડી લ્યો, મહારાજ યોગાનંદ સ્વામીની પર્ણકૂટિમા લઇ જઇએ ત્યાં ત્હેની સારવાર થશે." એક જણ આગળ પડતો ભાગ લેનાર બોલ્યો. "મને લાગે છે મૂર્છા આવી છે એને" : વિચારમાં પડીને બોલતો હોય તેમ એક જણ બોલ્યો. "એમજ હશે." બધાએ ટાપશી પૂરી, અને સાધુ મંડળમાંના બે લઠ જેવા વેરાગીઓએ સ્ત્રીને ઉપાડી અને ખાંધ ઉપર મૂકી સર્વ ત્યાંથી આગળ ચાલ્યા.

મહન્ત યોગાનંદનો મઠ ચિત્રકૂટ પર્વત પર આવેલો હતો, અને એ મઠ-'યોગમઠ' નામથી નામાંકિત હતો. અહિંના કાર્યવાહક તરીકે સ્વામી યોગાનંદ હતા, અને એ યોગ્ય (અધિકારી) સાધુનેજ અત્ર સ્થાન આપતા; સ્થાન આપતા પૂહેલા જેમ લશ્કરી નોકરીમાં રહેનારને અંગ હૃદય અને છાતીની પરીક્ષા આપવી પડે છે તેમ મઠના અધિકારી થનારને યોગાનંદની પરીક્ષામાથી પાસ થવું પડતું; પાસ થનાર યોગાનદના મઠમાં રહે, અને ન થનાર પર્વતમાની કોઇ પણ ગુફામા પર્ણકુટી બાંધી અપૂર્ણ-પોતાને પછાન વિષયનું સ્વામી (યોગાનંદ) શિક્ષણ આપે તે નિયમીત શિખે એવો ત્યાનો નિયમ હતો.

વાચનાર ! તને જ્ઞાત છે એ સાધુઓ પણ યોગાનંદના યોગ-મઠમાં પરીક્ષા આપી, રહેવા આવનાર હતા. તે સર્વ પેલી બેભાન સ્રીને લઇ ચિત્રકૂટ પર્વતપર ચઢવા લાગ્યા, અને વચ્ચે વચ્ચે "રાણા જયમલસિંહનો જય-મહારાણાનો જય" એમ પોકારતા હતા.

પર્વત અતિ ઉંચો હોવાથી જાણે તે ગગનને ચુમ્બન કરવા ઉભો કેમ થયો ન હોય ! સાધુમાનો કોઇક એવી કલ્પના કરતો, કોઈ પર્વતપર ખીલી રહેલી લીના રંગની લીલી વનસ્પતિ તે જાણે પર્વતે પરિધાન કરેલુ વસ્ત્ર હોય એવા વિચારો ચલાવતો, પ્રભાતનો પહોર હોવાથી સહસ્રરશ્મિના રશ્મિથી ડુંગરનાં મૂળમાંથી ઉંચે ચઢતો ધૂમસ તે જાણે ડુંગરના ઉદરમાંથી કોઇ ગગન વિહારી ગાદલું બનવવા રૂ ના ઢગલા ખેંચતું હોય એવી કોઈ કલ્પના કરતું, અને જેમ જેમ પર્વત પર ઊંચે ચઢતા ગયા, તેમ તેમ પવન પૂષ્કળ વાવા લાગતો ને તેથી શિખરવાસી દેવલોકમાનો એ વાયુકુમાર સર્વને આતિથ્ય સત્કાર કરતો ભેટતો હોય અને એમને આગળ (ચાલીને) દોરતો હોય એવી કલ્પના કોઇ કરતું ! આ પ્રમાણે અનેક પ્રકારની કલ્પના

કરતૂ સાધુમંડળ સૃષ્ટિસૌન્દર્ય જોતાં, અનેક પ્રકારના સંકલ્પોના કિલ્લાઓ બાંધતું બાંધતું, વરસતા ધૂમસમાં થઇ, સૃષ્ટિસૌન્દર્યના દર્શે દેવની આઠ્ઠી ઝંખી કરતાં શિખરની લગભગ આવા પહોંચ્યું; અને સ્વામી યોગાનંદના મઠ ભણી વળતાં નીચેની ગઝલ એઓના કંઠે અથડાવા લાગી —

અમે તો યોગીઓનાં બાળ!
અમારો રામજી રખવાળ!
અમારી નહિ દિલે દરકાર હમારી ભૂમિને માટે.!

ભલે બ્રહ્માંડમાં નહિ સ્થાન!
ભલે જૂદો જણાતો જાન!
અમે તો યોગમા મસ્તાન હમારી ભૂમિને માટે.!

પૂરાણા સન્ત જે શિરછત્ર-
ની અંગે લગાવી ભસ્મ!
ધરી કંફની ફરૂં થઇ મસ્ત હમારી ભૂમિને માટે.!

જગાવીશું પૂરવના લેખ!
લગાવીશું જગે 'અહાલેક'!
ભલો ધારી ફકીરી ભેખ હમારી ભૂમિને માટે.!

ગુરૂના મંત્ર મોઘેરા!
ઉકેલીને બધી વેળા!
ફૂંકીશું સુત્ર હોઇ ચેલા હમારી ભૂમિને માટે.!

ગીતાને ચિત્તમાં ચોઢી!
પ્રભુ શું પ્રીતડી જોડી!
જગતનાં વિષને ઘોળી પીશું બસ ભૂમિને માટે.!

બગીચો   દેવનો   બ્હોળો !
અનેરો   ને   અમોલો   આ !
સદા   એ   રાખશું   લીલો પ્રભુ પધરામણી માટે !
અમે   તો   ઋષિના   કુમાર !
સદા   સ્વધર્મમાં   ન્હાનાર !
અખંડ રસ પી અને પાનાર અહો આ જન્મને સાટે. !
—અમે તો જોગીના—

ઉપર પ્રમાણે ગવાતા ગાનના તાનમાં ગુલતાન બનેલું સાધુ મંડળ ' યોગ મઠ ' ના મંડપ આગળ આવી પહોચ્યું હતું અને સ્વામી યોગાનંદનાં મંડળો વચ્ચે પરસ્પર ' નમસ્તે ' ના પોકારો ચાલી રહ્યા હતા. પણ જયઘોષ, સમાગમ તથા ' નમસ્તે ' નો વિવેક–સાધુ મંડળે પેલી બેભાન સ્ત્રીને મંડપની બહાર સુવાડી રાખીને આદર્યો હતો–અગર જો કે તેઓ તેને વિસ્મૃત તો નહતાજ થયા, પરન્તુ પરસ્પર એક રૂધીરના બન્ધુઓ–સાધુઓના સમાગમથી મળતી મઝા અને અનુભવાતા અનેરા આનન્દ આગળ વ્યતિત થતો વખત અને તેથી ગણાતા વિલંબનું એઓને ભાન રહ્યું નહતું, અને કેટલેક અંશે એ'વી વૃત્તિ સ્વાભાવિક પણ કહેવાય જ.

દરમિયાન પાસેની ખીણોમાથી ભ્રમણ કરતા કરતા સ્વામી યોગાનંદ મઠ આગળ આવી પહોચ્યા અને મંડપના મુખ આગળ જ મુર્છીત સ્ત્રીને પડેલી જોઇ ! યોગાનંદ ત્હેની સન્નિધાન આવ્યા અને પગની આટી મારી, એક હાથ કેડે દઇ, બીજા હાથની આંગળી, વધી ગયેલા વાળ વાળી દાઢી આગળ ટેકવીને તિક્ષ્ણ દષ્ટિથી વિચાર કરવા લાગ્યા; પરન્તુ આમ શાન્તતાથી વિચાર કરવાને એમને લાંબો વખત મળ્યો નહિ કેમકે સ્વામીના આવ્યાની ખબર

સાંભળીને સર્વ મંડળ ત્હેમના તરફ સ્હામું વળ્યું અને જોત જોતામાં વ્યોમમાં શશીની આગળ પાછળ અનેક તારાઓ ફરી વળ્યા હોય તેમ પગમા પહેરેલી પાવડીઓવાળો, હસ્તમાં ગ્રહેલા દંડ કમંડળવાળો, લાંબી દાઢી અને લાંબા કેશની (વાળેલ) જટાવાળો, ગેરૂવાળી પરિધાન કરેલી કફની વાળો અને યોગથી અતિશય નૂરમય દેખાતો મહા બલીષ્ટ યોગાનંદ શોભતો હતો. તેણે સર્વને ઉદેશીને પૂછયું:—આ બાઇને અહીં કોણે આણેલી? એ બે ભાન છે!"

"જી; અમે લાવ્યા છીએ, અહી આવતા માર્ગમા બીચારી બેભાન થઇને પડેલી તે. ..." નવા આવેલા સાધુ મંડળમાંથી એક જણ આટલું બોલે છે એટલામા તો એ સ્ત્રીના વદનથી કંઇક ઉચ્ચાર ઉચરાતા સભળાયા—"હા ભૂ...મિ !" એક એકના સ્હામું જોવા લાગ્યા.

"જાણે એને અમે પૂર્વે જોઈ હોય એવો ખ્યાલ આવે છે —ને કંઠ પણ કોઇકને મળતો..." નવા સાધુ મંડળમાથી એક જણ વિસ્મીત ચિત્તે બોલતો હતો એટલામા વળી પુનઃ સ્ત્રી બબડી:—" "સરયૂ ...."

બસઃ આટલો એકજ શબ્દ પણ તે સાધુ મંડળને પૂરતો હતો.

"આ તો પરિચિત લાગે છે ! ' એ કે આશ્ચર્યતાથી કહ્યું.

"ને હૂં ધારુંછૂં એ પણ હોય " બીજો બોલ્યો

સ્ત્રીને હવે મુર્છા વળવા માડયાના ચિહ્ન જણાતાં હતા, એટલે એને યોગાનદે અલગ લઇ જઇ એની સારવાર કરીને શુદ્ધિમાં આણવાની સાધુગણને આજ્ઞા કરી, અને એ લોકો બાજૂપરના ખંડમાં લઇ ગયા. આ તરફ નવા આવેલા સાધુ મંડળના આવાહનનું પ્રયોજન પૂછાયું, અને દષ્ટિ પડતાં એક સાધુએ એ સન્યાસી બાવા

(યોગાનંદ) ને બેસવા માટે વ્યાઘ્રચર્મનું આસન આપી આપ્યું, પોતે ત્યાં એટલે મંડપના મૂખ આગળ જ્યાં છૂટી જગ્યા હતી, ત્યાં બેઠા, ને એમની બેસવાની સાથે સઘળા પણ બેઠા. પછી વાર્તાલાપ શરૂ થયો.

" આ મઠના સંબંધી સઘળી માહિતી તો હશે જ."

" જી. "

" તો ત્હમારે મઠમાં રહેવા વિચાર છે ? "

" જી. "

" સઘળાને ? "

" જી. "

" આશય શો છે. "

" જે આપનો—આપની આજ્ઞાનુ સાર..."

" દેશ સેવાનો ? "

" જી "

" બધા ક્યાંથી આવો છો ? "

" જેતપૂરથી. "

" યુદ્ધમાંથી પાછા પડીને કેમ આવેલા ? "

" તેમ નહિ, પણ સરયૂ બા અદૃષ્ય થયાં, ને ત્હેની સાથે ગંગા માતા પણ પલાયન કરી ગયાં. અમોએ મરવાની આશાએ ત્હોય લઢયા કરેલું, પરન્તુ પછી અમને બધાને ઘેરી લઇ કબજે કર્યા; પછી લઢવા ।। તે લોકોએ ના પાડી ને અમને—અમારી બહાદૂરીથી ખૂશી થયેલો હોય એમ દર્શાવતો રાણો ભીમન એના રાજ્યમાં અમને સર્વને મન પૂરતા પગાર આપી રાખવા લલચાયો; અમે ત માન્યું ના. એકવાર જેનું લૂણ ખાધું છે, ને જેની છાયા તળે

વિસામો લીધો છે એને ભૂલાય ના. ને તેથી અમે કોઇએ એ જીત પામેલા બીર—ભીરૂમલ્લની લાલચથી લલચાયા ના. ને જ્યાં સુધી કાયામાં પ્રાણ છે ત્યાં સુધી ગયેલું જેપૂર ગમે તેમ કરી પાછું મેળવવા મથ્યા કરવું, તેમજ સરજૂ આના દર્શનના ભાગ્યશાળી બનવું એ અમારો આશય છે, ને તેની મદદ માટે અહીં પગલાં માંડયા છે "

"ને તે ફરજથીજને."

"જી, ના, ફરજનો ખ્યાલેય નથી. પણ અમને તો અમારી ભૂમિ પ્રત્યે જે પ્રેમ છે એ પ્રેમે જ ભક્તિના ભાવે આપના મઠમા દોર્યા છે-સ્વામી! જોઇએ તે પરીક્ષા કરી લ્યો. ને અમારો સત્કાર કરશો."

"પરીક્ષા તમારા હૃદયે કરી આપી છે, વિશેષની અપેક્ષા નથી; "પ્રિય આત્માઓ! તમે પ્રજા હોઇ જે ઝાઝું કાર્ય માથે વ્હોરી લીધુ "છે તે જોઇ મને મહા મોદ થાય છે, તમારા જેવા માટે આ નવા "પ્રકારના સન્યાસી બાવાના નવીન યોગમઠમાં સદાકાળ સ્થાન છે "જ. સ્વયં સેવકો અત્ર પણ તૈયાર થાય છે જ, સમયે તમે કથા "સાભળજો. અને વખત આવે કેસરીઆ કરવા માથી પડજો. એજ "આશિષ, એજ આજ્ઞા, ને એજ અંતિમ આશા "

વાંચનાર! સાધુમંડળીને તો તુંે ઓળખી લીધું, હવે જરાક 'યોગમઠ'ને જોઇ લે-અત્ર આરેખમ ધર્મનો ઉપદેશ અપાતો નહતો, કે અમુક યોગીને અમલ કરવા જેવા 'મઠ'ને વાડા રૂપ બનાવેલો નહતો, અને નહતો 'રાજદ્રોહ' શિખવાતો, પરંતુ આ મઠ, દેશ સેવકો તૈયાર કરવાર્થે યોગાનંદે સ્થાપેલો હતો, અને અત્ર ભૂમિના ગભિર ગૌરવનું શિક્ષણ યોગાનંદ દ્વારા અપાતું હતું, આમાં આગળ પડતો

ભાગ લેનાર યોગાનંદ હતો એતો સ્પષ્ટ છે તો પણ તે પોતે પોતાની પ્રભૂતાનું કે આગેવાન (Monitor) પણાનું નિમિત્ત ન્હોરી લેવા જેટલી ત્હેની ક્ષણિક માન યશ ખાટવાની બુદ્ધિ નહતી, તે પોતે સારી રીતે સમજતો કે સ્વમાન, નાત જાતાભિમાન, પંથાભિમાન અને સર્વ પ્રકારના સ્થાનિક અભિમાનને તિલાંજલિ આપનાર જ ભૂમિ-જનતા પ્રત્યે ખરો સ્નેહ, ખરી લાગણી અને ખરૂં અભિમાન રાખી શકે છે; બીજા તો માત્ર બોલકણાજ હોય છે। યોગાનંદની આ ઉચ્ચ ધારણા અને ભાવનાએ એમને પૂજ્ય બનાવી દીધેલા, ને સર્વ કોઈ સ્વામી કે, ગુરૂ કહેતા, તથાપિ તે તો આપ્તજનોને સદા એમજ ઠસાવતો કે—ગુરૂ કોઇ દેવ કે મનુષ્યજ હોય એમ નથી; 'ગુ' શબ્દ स्त्वन्ध कारेऽस्ति, અને 'रु' શબ્દ रतीन रोधकः અર્થાત્ 'ગુ' એટલે તિમિર, અને 'રૂ' એટલે (ત્હેનો) નાશ કરનારઃ તિમિરને-અજ્ઞાન રૂપ અન્ધકારને નષ્ટ કરે તેજ ગુરૂઃ યોગાનંદની આ વ્યાખ્યા એમના આપ્તજનોને એમ દર્શાવતી કે કોઇ પણ પદાર્થ સમયે ગુરૂ હોઈ શકે છે—જગતજ મનુષ્યના મહા ગુરૂ છે, વળી દૃષ્ટાન્ત દેખાડવામા આવતું કે દત્તાત્રય જેવા સમર્થ સ્વામીએ પણ ચોવીસ ગુરૂ કરેલા, ને તે માત્ર મનુષ્યને નહિ, પરન્તુ રમકડાં, કૂકડાં, શ્વાન, ગીધ અને એવાં પ્રાણીઓને।

વગેરે વિવિધ રીતે મઠમાંના સાધુમંડળને ઉંડો બોધ આપતા, પરન્તુ તેથી પરિણામ એ આવતુ કે યોગાનંદના એવા નિખાલસ અને માન યશની નિસ્પૃહાવાળા હૃદયના ઉદ્‌ગારથી મંડળની ત્હેમના પ્રત્યેની પૂજ્યવૃત્તિમા નિરંતર વૃદ્ધિ થતી જતી'તી। અને એ સ્વાભાવિક હતું.

ત્યારે એવા અનુકરણીય ચારિત્રવાળા પ્રશંસનિય, પૂજ્ય,

સમર્થ અને પવિત્ર જનેનાને લાડીલો સન્યાસી બાવો યોગાનંદ નિયમિત રીતે સમય થયો એટલે મઠમાં કથા સમ્ભળાવવા બેઠો, અને શ્રવણ કરવા ઉત્સુક એવાં ઉત્કંઠિત મંડળ, આગળ પાછળ સ્વ-સ્થચિત્તે વિંટળાઇ વળેલાં હતાં, નવા અને જૂના મંડળની મધ્યમાં શોભતા રામનો ખ્યાલ અણાવતા યોગાનંદે અન્નૂરી રહેલી હતી, ત્યાંથી કથાનો આરંભ કર્યો.—

"કાળ કાળ કરે શું તું, કાળ કોણે કર્યો કહે;
"કાળ આવી ઉભો રે'શે જોડીને હાથ આગળે.
"કાળ વસ્તુ ઘડે ના ને વસ્તુ તે કાળ ફેરવે;
"વસ્તુને સાધવી તેથી નિશ્ચે એ વીરને મળે.
"કાળને કહે કશી સત્તા ! વસ્તુ સાપેક્ષ કાળ તે;
"વસ્તુને ફેરવ્યા સાથે કાળ તો ફરતો જશે.
"ખરા વીરનરો પોતે કાળને ઉઘડો કરે;
"ધર્મની ખડ્ગ ધારે તે કાળને વેતરીરણે."*

"આત્મ પ્રિય સ્વજન ! ઘણે ઠેકાણે 'દેશાભિમાનનાં' તૂત'-"વાજાં વગડે છે; પરંતુ એ વાજાં વગાડનાર આત્મામાં સ્વભૂમિના "ગૌરવનો ગર્વ હોતો નથી; માત્ર વાદિંત્રના ધ્વનિમાંજ હોય છે ! "બારિકાઇથી ચિકિત્સા કરશો તો ત્હમને પ્રતીતિ થશે કે એવાં બ-"ણુંગાં સાંકડા હૃદયથી અને ઉછાંછળા વિચારથી માત્ર પોલંપોલ ફૂકાયલાં " હોય છે, તેઓનામાં ધર્માભિમાન નથી હોતું, પણ ધર્માન્ધપણું " હોય છે ! અને યદિ એ કોટિનાં મનુષ્યને તારવી કાઢવાં હોય " તો તમારે જોવું કે વગર વિચારે અને વગર તપાસે અન્ય પ્રજા " માટે કેવળ ભૂલ ભરેલો મત બાંધી બેસે છે; પોતાની પ્રજાને

---

* ક્ષાત્રપાળ પ્રતાપ.

" માટે મિથ્યાભિમાન રાખે છે, અને એ પ્રકારનું અભિમાન કાર્ય
" માં (અમલમાં) આણીને દર્શાવાતું નથી, પરન્તુ વૃથા વાર્તાલાપ,
" બડાઇ, અને છૂટે મુખે ઝનૂની શબ્દો ભણી જવામાં સમાયલું
" હોય છે ! કિંવા પોક મૂગીને રોવામાં, અંગના ચાળા કરવામાં,
" નીરાધાર બની આધાર માગવામાં, બુમો પાડવામાં, વાવટા અને
" નિશાનો ફરકાવવામા, અને નગર્મા લાંબા લાંબા રાગડા તાણ-
" વામાં તથા ઘણા કાળથી નાશ થયેલા દુ:ખ અને દાદ મળેલી
" ફરયાદોની અખંડ ધમચકડ મચાવવામાજ માત્ર દેખાય છે !*
" આત્મ બન્ધુઓ ! એવા અભિમાનના એક પણ અંશ આપણા
" એક પગ [illegible] પૂ[illegible]) ન સ્પર્શ[illegible] દેવો જોઇએ નહિ,
" [illegible] અભિમાનનો [illegible] છે ત્યાં તે ભૂમિની
" [illegible] આપણે [illegible]
[illegible]
[illegible] દેશ[illegible]
[illegible] તમે [illegible] કરી [illegible]"

કથની [illegible] તત્તરીમા સન કાઇ શાન્ત હતું, તે વ-
ખત એક દિશાના [illegible] દેશ સેવાનો દિનકર ઊગ્યો

* અસ્તોદયમાથી ફરવીને.

"દિસે છે: માતૃ પૂજાનો યુગ મંડાગો દિસે છે, ને યુગનો પ્રાણુ ત્યે-
" તક મહિમા ઠામ ઠામ ઝળહળે છે;* વીર પુત્રો ! દિર્ઘાયુ હો;
" ત્હમારી જાગૃતિ મારા જીવનમાં મીઠો રસ રેડે છે; હવે દેવની
" આજ્ઞા છે, ને મ્હારીયે અભિલાષા છે કે મચ્યા રહી, સપ સ્થા-
" પી, પ્રેરણા થાઓ, દેહ-દેહીની સેવા સાધો, અને જનેતાની કૂખ
" દિપાવો-મ્હારા કુળ દિપક નર રત્નો ! દેવ તમને તેજ બક્ષશે
" ત્હમે તે ઝીલજો, પીજો પાજો ને અવનીને અજવાળજો "

શિથિલ થયેલ જ્ઞાન વૈરાગ્યની માડી ભક્તિ જેમ હર્ષા-વેશમાં આવીને સુભાશામય આશિષનો છંટકાવ કરતી હોય તેમ પવિત્ર ગંગા મૈયાએ કર્યું. વાંચક ! મૂર્છિત સ્ત્રી તે ગંગાજ હતી; અને એ શુદ્ધિમા આવ્યા પછી સજ્જ થઇ સઘળી કથા શ્રવણ કરતી કોરાણે બેઠી હતી તે મંડળમા આવી ઉભી હતી તેવી કાન્તિની સર્વને ઝાંખી થઈ અને બધા નમી પડયા-ઢળી પડયા, રગી પડયા.

ગંગા જરા ગળગળી થઇ, અને નમેલ યોગાનંદના મસ્તિષ્ક પર હસ્ત મૂકી સર્વને આશ્વાસન દેતી બોલી—પ્રિય પુત્રો !-હુ તમને પુત્રો કહીનેજ સમ્બોધીશ. ત્હમારી ભક્તિ અને ત્હમારૂં વીરત્વ મ્હારાથી અજ્ઞાત નથી; હવે પાછો તાપ જઇને ત્હેને સ્થાને છાયડો આવશે. શોચ શા માટે. "

"હા ! ભલી ભૂમિ ! વિધાત્રીએ ત્હારા ભાગ્ય લેખ આછા કુમકુમેજ લખ્યા લાગે છે" યોગાનંદનો ઉદ્દગાર નીકળ્યો.

"ત્હમે જાણો છો ? ઉષાની આછી પીયળમાથીજ દિ પ્રકટે છે. દષ્ટાન્ત સમીપ છતા ડરવું કે ના હિમ્મતવાન થવું શા માટે" કરોછો તે કાર્યમા મચ્યા રહો, સૌ સારા વાનાં થશે.'' ગંગાએ

---

* ઈન્દુકુમારમાથી—છાયા:

દિલાસો દીધો પુનઃ બોલી-સરયૂનું શું થયું હશે ? એની શોધમાં નીકળેલી હું અનેક કષ્ટથી પીડાતી માર્ગમાં બેભાન થઇને પડી હતી, મને પછી ભાન નહતુ."

યોગા--તે જ્યા હશે ત્યાં પ્રવૃત્તિ-પ્રગતિમાજ હશે. એ દેવી હયાત છે, ને રિપુના રુધીરથી પિતૃ તર્પણ નહિ થાય, ત્યા સુધી તેનું અવસાન થવાનુ નથી એ નિશ્ચિત વાત છે; મૈયા ! જ્યારે જ્યારે મ્હને એને જોવાની અપેક્ષા થાય છે ત્યારે સઘળે જોઈ શકુછું ને વાતો પણ કરૂ છૂ "

"તે હયાતજ જોઇયે, હુ એટલુંજ માગું છું. તો-યોગાનંદજી ! અહીં ત્હમે ત્હમારૂ કાર્ય કર્યા જાવ, ને હૂ તમે બતાવો તે માર્ગે વિચરી એને મળુ; મળ્યા પછી પાછા સર્વ સાહિત્ય સજ્જ કરી ગયેલી ભૂમિ હસ્તગત કરવાનો આરંભ કરીએ."

યોગાનંદે સરયૂનો માર્ગ બતાવ્યો અને ગંગાએ સર્વની પાસે વિદાયગીરી લઇ ગમન કીધું.

(૭)

" વાદળાં. "

"મળ્યાં વાયરે વાદળાં વાયે વિખરાઇ જાય ! "*

વાટાઘાટમા, પરસ્પરના કરની આગળી મેળવેલા હાથ હલાવતા હલાવતા બે સરદારો વગડાઉ વાટિકા કાપતા હતા.

"ભલા માણુસ ! હાથમાં આવેલો હીરો તો ત્હેંજ પડાવ્યો; ભલા માણુસ ! આરે આવલું વહાણ તો ત્હેંજ ડૂબાવ્યું. ભલા માણુસ ! તૈયાર બનેલા પાક ઉપર ત્હેંજ તલપ મારી–કાગડાની પેઠે."

આમ 'ભલા માણુસ' ઉપર ચઢેલી વાત 'કાગડાની ઉપમા' થી અટકીને તેની સાથેનો બીજો બોલ્યો —

"કોણ હું કાગડો ? મ્હને કાગડો ?"

"ભલા માણુસ ! કાગડો તો જે હુશિયાર–બાહોશ–ચકોર ને એવો એવો હોય એને કહેવાય છે. ત્હને કાગડો ન કહું તો નર છતાં કોયલ કહીને નારી બનાવી દઉં ? પણ ભલા માણુસ ! કહે, ખેલ બધો ત્હેં ન કચળાવ્યો ?"

"કેમ ? શી રીતે ?"

"અમે એટલું એ આપણને ધમકાવત, ધમકાવીને ચમકાવત, ને ચમકાવીને સંતાપત; ત્હોય તું જાણતો નહતો ? કે એ અબળા જાતિનું કાળજું કેટલું ? બહુ તો ધમકાવી, ચમકાવી, ને સતાવીનેજ રહત કાઇ એથી વિશેષ કરવા એની છાતી ચાલે એવું ધારવું એ તો મિથ્યા ભ્રમ."

"ચતુરજને કાંઇ આંખો છે ? તીખુ ને તમતમતું–તાજું ચકચકતું ખંજર તો કાઢીને તૈયાર ઉભી'તી ! ! "

---

* લોક વાક્યાવલી

" તે શું આપણુને મારત ? આપણા હાથ નહતા ? "

" એટલે ? ધારો કે આપણુને મારવા આવત, તો આપણે સ્હામા થાત ? "

" બેશક. "

" અને પછી ? "

" પછી શુ ? તું શું કહેવા માગે છે ? "

" પછી ત્હમે ત્હેને ભોગવી શકત ? જેના સૌન્દર્યથી ત્હમે..."

" ને તુ નહિ કે ? "

" આપણે બેય —જેના સૌન્દર્યથી આપણે મોહિત થયા, ને એ સૌન્દર્યને ભોગવવા લલચાયા, એના પરતો ઘા પડવાની વાતો થાય છે; ત્યારે પછી તે સૌન્દર્ય તો દડમા રગદોળાત ! સમજણુ પડે છે ? ને વળી—મ્હને તો એમજ ભાસ થયેલો કે એણે આપણુને મારવા કે સતાવા ખજર નહિ કાઢેલું, પણુ પોતાના શિયળના સરક્ષણાર્થ પોતાનીજ છાતીમા મારવા તૈયાર થયેલી ! મોટાભાઇ ! મ્હને તો આમ સમજાયલું ! ને તેથી ખરૂં પૂછાવો તો વાત બધી જતી કીધી. "

" પોતાની મેળે મરવાનું ગમે એ કેવી કઢગી કલ્પના ? "

" મોટાભાઇ ! પોતેજ કઢંગા છો—ત્હમે એને કેવી કલ્પો છો ? બીજી કોઇ નહિ, પણુ આપણા મહારાણુાના હજારો યોદ્ધાઓ વચ્ચે દારણુ યુદ્ધ મચાવવામા યશસ્વી ગણાઇ વીરી નામથી ઓળખાતી, ને જેની દષ્ટિ માત્રથી રાણુાનો ફટાયો કુમાર અન્દર ને અન્દર બળીને ખાખ (રાખ—ભસ્મ) બની જવા પામ્યો હતો અને હથિયાર સબળાં હસ્તથી ઉતરી ગયા હતા. એ વીર બાલિકા સરયૂ ! સરયૂ હતી

એ જાણ્યું ? કે જેની દૃષ્ટિએ લગાડેલી લગનીથી ફટાયા કુમારે આપણને શોધ માટે મોકલ્યા છે ”

“ સરયૂ! સરયૂ એજ હતી ? તો સવેળા કહ્યું કેમ ના ? આપણે સન્દેશો પૂહોચાડી કુમાર કનેથી ઇનામ ખાટી જાત તે ? ”

“ સંજ્ઞા કરેલી, પણ મોટાભાઇ ! મન તમારૂં તે સરયૂમાં હતું, એટલે કહેલું ધૂળ પર લીંપણ થયેલુ ! ”

“ હજુ પણ સમય છે, સરયૂ આટલામાંજ ફરતી હશે, આપણે તે દરમિયાનમા શહેરને સિમાડે પોચી જઇશું, ને કુમારને ખબર કહીએ તો ? ”

“ તો ખાય નમ મોટાભાઇ ! બેસી રહો, લાળી ફાળ ભરશોમાં, રાજકાજમા માન ખાટવાની લાલસાઓ તો ધુમાડામાં બાચકા ભરવા જેવી છે, શું સમજ્યા ? “રાજા, વાજા ને વાદરાં, રીઝે તો રાજ્ય આપે ને ખીજે તો શિર કાપે ” સરયૂનો સન્દેશો પૂહોચાડવામાં જે બોજો ત્હમારે—અરે ભૂલ્યો આપણે વ્હોરવો પડશે, તે અસહ્ય છે; મને અગાઉ વિતેલું તે હૂ જાણું; તે કરતા છાનામાના ‘ પતો નથી ’ એ શબ્દો વાપરી બેસી રહેવું એજ પોપાબાઇના રાજ્યમાં તો ઉત્તમ છે; ત્હમે જાણોછો ? લાકડાના દેવને શાની પૂજા સંભવે ? વ્યભીચારી, દુરાચરણી ને કદરહીન અન્ધ રાજમા ‘ વફાદારી ’ તો ગધેડા પર અંબાડી જેવી શોભા આપે છે ! માટે જવાદો એ બધું, એ બીચારી, જોયું'તુ ને ? કેવી દેવ જેવી દેખાતી'તી ! એની આંખો કેવી નિર્મળ હતી ! ! જરાયે કામનો વિકાર હતો ? પછી કમળાવાળો ગમે તેમ દેખે. એનો ચ્હેરો, એની વાણી, એનો ઉપદેશ ને એનું સઘળું યે કેવું નિર્દોષતાથી–પવિત્રત્વથી પ્રપૂર્ણ દેખાતું'તું ! એ બાપડીએ આપણું શું બગાડેલું કે નાહક સતાવીએ ? કે સતાવવામાં સહાનુભૂતિ દર્શાવીએ ?

"કોઈએ કોઈનું બગાડયું હોય તો દાવ લેવો ખરો કે ?"

"નહિં. કહેવાનો હેતુ એ હતો કે જો કંઇ બગાડયું હોય, તો કોઇને તેવું બ્હાનું કાઢવાનું પણ મળે! તથાપિ આતો તે પણ નથી! એજ એની પવિત્રતા તરી આવે છે."

"વારુ; ત્યારે હવે ત્હારા આ ટાયલાંમાં તું રાજ તરફની ફરજ ચૂકતો નથી? રાજા ગમે તેવો, પણ તેના નોકરે તેની સેવા અદા કરવી એ તેની ફરજ નથી?"

"કાનની બુટ પકડીને કબુલ કરીશ, ને મોટાભાઇ! આજથીંજ એટલે સહીસલામત સરયૂને જતી કીધી, તે ઘડીથી ને તે પળથીજ હું હવે તે ભીરૂમલનો નોકર નથી–બોલ! હવે કાંઇ?"

"એટલે?"

"એટલે કે કોઇ બીજો માર્ગ પકડીને આજીવિકા ચલાવીશ; ખટપટીઆ, લુચ્ચા, લપટ, ને નફટ રાજની નોકરી પરથી એ સરયૂ માતાએ મને અભાવ ઉપજાવ્યો છે, એટલુંજ નહિ પણ એ આદર્શ દેવીના દર્શનથી મ્હને એવાજ સ્મરણ થાય છે કે હડકાયલા કૂતરા જેવી નોકરી છોડીને શાન્ત અને સરલ જીવન ગાળતાં હું મ્હારી પત્નીને સરયૂ જેવી બનાવી ત્હેની કને ક્યારે સંસારમાં સ્વર્ગીય સુખ ભોગવવાને તૈયાર થાઉં? દેવ! અખંડ સૌભાગ્યવતી રાખો એ સરયૂને; કે જે દેવી દ્વારા મ્હારા ચક્ષુ આજ ઉચ્ચ વાટિકા વિલોકવા ભાગ્યશાળી નિવડયા છે."

"વાહ! વાહ! શા વિચાર? શા મહાત્મા બની ગયા!! વારૂ; ત્યારે રામ રામ; અમે તો જઇશુ, ને સરયૂનો સન્દેશો કહેવાના; સાથે થોડુંક ત્હમારૂંય પણ." (ફર દીધો.)

"બે ધડક; એના હાથમાં મરણથી વધુ સજા નથી; ને તેનો તો મને ડરજ નથી, પણ મોટાભાઇ ! ધ્યાનમાં રાખજો કે મ્હારા આ વિચારો રાણાને વિદિત કરતા તે મને બોલાવીને ઉલટ તપાસ દાખલ કશુંક પૂછશે તો હું સાચુ સાચુંજ સઘળુ કહી દેવાનો; ને ત્હેમાં સરયૂ પ્રતિ ત્હમારી મતિએ કરેલી ગતિનું વિવરણ તથા છેવટ તે ન માને તો સરયૂને મારવા સુધીની કથા પણ ન્યાયને અંગે મ્હારે કહેવાની જવાબદારી છે. અગાઉથી તમને આ સુચવવાનું પ્રયોજન એ કે 'મિત્રતા' ના ભ્રમમા વ્યર્થ તમે ભરમાઇ જાવ ના, સત્ય આગળ અસત્યના છોડાવ ની મિત્રતા કાંઇ વિશેષ નથી."

પેલા મોટા ભાઇના હોંશ ઉડી ગયા ! તે બોલ્યો —

"અંહંહંહં—કહ્યું છે કે બગડે બે—બે થાય કે બગડે."

"એવું બોલો મા; મ્હારા મે'રબાન ! આ ત્હમારો ભાઇબંધ એકલો હતો ત્હોય કારસ્થાન સઘળું કથળી ગયેલું ! પણ હવે આશા વળી નવી બન્ધાય છે—ત્રણ જણ થયા એટલે"

ઉપલા બે સરદારોની વાતો સાંભળતો કનારાને માર્ગે થઇને તેમની પાછળ ચાલ્યા આવનાર એક આદમીએ તેઓની નજીક આવી પ્હોંચીને કહ્યું બન્ને જણે તેના સ્હામે ફરીને આશ્ચર્યતાથી જોયું ત્રણે જણ ત્યાં ખમચ્યા અને ત્રીજાએ બોલવાનું શરૂ કર્યું:—

"જરાકે શંકા આણશો ના, કે સંકોચ પમશો ના; હું પણ તમારામાંનો એક છું, અને મ્હારે તમારી સાથે કાંઇક સ્વાર્થ છે"

"સ્વાર્થની પહેલાં ઓળખાણ આપતા ?" પેલા "ભલા માણસે" કહ્યું. ચંન્દ્રેશ નગરનો અમાત્ય ! અને સરયૂપરનો આશક; મારા શબ્દોપર વિશ્વાસ રાખો તો ત્હેની પાછળ આવો બનેલો. કહો; હવે મ્હને કહેશો ? સરયૂ ત્હમને જમણા ક્યાંથી......"

"સરયૂના સમાગમના સ્થાન માત્રથીજ આપ અજાણ્યા લાગો છો; બાકી બીજી સઘળી કથા તો ત્હમે પાછળથી સાંભળતા આવ્યા છો"

"ખરેખર."

"તો જેટલી અમારી કથા તમે જાણી, તેટલી તો ત્હેના પ્રત્યેની ત્હમે ત્હો"

"હું; પણ પાણી વલોવવા જેવું તો બનશે નહિ ને?"

"જેટલી છૂટથી અને નિખાલસપણાથી ત્હમે અમારી કને વર્તના જણાશો, તેટલો હક અમે તમને પણ આપવા બન્ધાયલા સમજી લ્યો."

"બસ, એટલુંજ; ને તમે ગળા સુધી ખાત્રી રાખો કે આ ભાઇ જેમ ધારતા હતા કે સરયૂ દુખમા પડે, તેવું મ્હારે ત્યાં કશુંજ નથી."

"મૂળ વાત પર આવવુ જોઇએ."

કબુલ કરી અમાત્યે પોતાનુ પોત પ્રકાશવા માડયુ.—

"તેના મરણ પામેલા પિતાનું વેર અને ઋણ વાળવાના દૃઢ
"નિશ્ચયવાળી સરયૂ 'વખાની મારી' સ્થિતિ વત્ રખડતી રઝળતી
"અમારા ચન્દેલનગરમા આવેલી, અને અમારા પૂરપાળને મળેલી;
"તથા મદદ માગીને લડાઈનો આરંભ કરવાની તૈયારીઓનો વિ-
"ચાર પણ દર્શાવેલો, પણ એ ભોળી કુંવરીને ખબર ન હતી કે
"અમારૂ ખંડીઉં રાજ્ય ભીરમલના તાબાનું હતું; કીર્તિના લાલચુ
"રાજાએ સરયૂના શબ્દોમા હાજીહા ભણી, ને તે ભીરમલના બહા-
"લેસરી થવાના હેતુથીજ; મતલબ કે વિશ્વાસઘાત કરીને ભીરમલને
"એનો શત્રુ સોંપી દેવો!

" તોબાહ ! થૂ છે એના મ્હોઢાપર–હાં પછી ! "

પછી ! પછી મ્હારાથી તેવું સહન ન થયું ! "

" કેમ ! "

" સરયૂના રૂપની દયા આવેલી."

" કે મોહ થયેલા ? "

" જે માનો તે; ને–એટલે મેં સરયૂને ખાનગી રીતે આ બાતમીથી વાકેફ કરી; સરયૂએ જોકે ઉલટો મ્હને ઝખવાણો પાડ્યો ને એણે તો 'મરવું કે મારવું–મને મરણનો ડર નથી–' વગરે શબ્દોના ફટકાથી મને ફટકાવી દીધો .."

" વાહ વીર બાળા !–વારૂ પછી ? "

" પછી તો ઓડીઆ સાપને બે બાજૂના મરા જેવું બન્યું ! સરયૂ કદાચિત્ રાણા આગળ ચાડી કરે તો મારૂં મોત, ને બીજી બાજૂ જે ખબર કરી હું મારો તેને ઉપકાર ગણાવીને તેને અધીન કરવાનું ધારતો હતો તે ધારણાની બ્હારી બન્ધ. "

" રે અન્ધ કામ ! " હું પછી"

"પછી તો ખરેખર અન્ધપણુ જ લીધું કાંકે તે વગર બીજો ઇલાજ નહતો; મધ્યરાતે યુક્તિથી સરયૂના ઓરડામાં પેઠો, ને તેને ભર ઉંઘમાંથી જગાડી; પણ તોબાહ ! હૂં મારો વિચાર અને સંજ્ઞામાં કે આંખમાં સમજાવું તે પૂર્વેના તો ત્હેણે એકદમ બ્હારીએથી હફાળા હફાળાં ઉડીને પડતું મૂકયુ ! "

"ધન્ય શિયળ સંરક્ષણી !"

'વારૂ તમે ત્હેની પાછળ કેમ ન મૂકયું?"

"જીવ કોને વ્હાલો ન હોય? શી એની વાતો કરોછો મહેરબાન."

"જીવ વ્હાલો ? કોને ? સ્વધર્માને! સત્યાચરણીને ! ફરજ અને

વિશુદ્ધ સ્નેહના સ્વરૂપને જીવ વ્હાલો નથી હોતો અમાત્યજી

" એ વાતને શો સંબંધ છે ? મેં મ્હારી કથની કહી દીધી છે, હવે એનો ઉત્તર આપશો?"

" આશા નિષ્ફળ છે. "

" હૈં !!" અમાત્યની આંખો ફાટી.

" શાન્ત થાવ, અને અમારાપર રોશે ભરાશો મા કહું તે સાંભળો, સરયૂને બ્હારીએથી પડતુ મુકયે કેટલો કાળ થયો છે?"

"અરે ચાલ્યોજ આવુંછું ને."

"અને અમને પણ એમજ લાગેલું, ને તેથીજ તમને નિશ્ફળતા મળવાની કહું છૂ, કેમકે સરયૂને અમે તો ત્રણ દિ પર એક આંબાવાડિયા આગળ સુતેલી જોયેલી; ને હવે તમારી વાત પરથી તો એ તાત્પર્ય નીકળે છે કે અમારાથી જાગૃત થઇને છંછેડાઇ, અને અમારાથી સ્વતંત્રપણે છૂટયા પછીજ તે ચન્દેલનગર તરફ વળેલી. અલબત! એમજ હોવુ જોઇએ; જ્યારે તમે વાત કરોછો આજની."

" અરે અબઘડીની. "

" તો, પણુ . રામ! રામ! તમે બાવા બનો, હું નોકરી છોડી એક અપૂર્વ ગૃહસ્થાશ્રમી બનૂં, ને આ અમારા મોટા ભાઇ બને રાજ્યમિત્ર!!

' ત્હમે એક અપૂર્વ ગૃહસ્થાશ્રમી બની, સંસારમાં સ્વર્ગીય સુખ ભોગવવાની ધારણા ધારશો તો તે પાલવશે, તેમ હું રાજ્યમિત્ર બનીશ, તો તે મ્હને પણ પાલવે; તથાપિ આ અમાત્યજી બાવા બને તે તો વિચિત્ર વેશ; અને વગર વિચાર્યું સાહસ ખેડયું ક્હેવાય, કેમકે બ્હારીએથી પડતું મૂકેલી સરયૂ બચી કે ગઇ! તે કોને માલમ!

" હા, દૈવા શું સાંભળૂં છૂ આ ! "

પેલા મોટા ભાઇના શબ્દોથી અમાત્યના હોંજા ગગડી ગયા. ત્રણે ઉંડા વિચારમાં ઉભા હતા, અને "હા દૈવ" વાળું વાક્ય તો એજ વગડાઉ વાટને તરૂ છાંયે સોડીયું. વાળી ઉભેલી એક સ્ત્રી મનસ્વી બોલી'તી.

વિચાર વમળમાં ગુંગળાતા ત્રણ (ટીખળ)ને સ્વલ્પ સમય થયો નહતો એવામાં તો વળી એ ત્રણ વાદળાંમાં એક ચોથું વાદળુ અથડાયું!

"હરામખોરો!"

વાંચનાર! આ શબ્દ પેલી સ્ત્રીનો નહતો, કોરાણે રહીને સ- ઘળી ચર્ચા શાન્ત ચિત્તે શ્રવણ કરનાર જો એ સ્ત્રીને હમણાં આ વાદળાં ભેગી ગણવામાં આવે, તો બધા મળીને હવે કુલ પાંચ વાદળાં ભેગાં થયાં કહેવાય; પણ હમણા એનો અગ્રગજ ભલે રહી, 'હરામખોરો' કહી ધમકી આપનાર તો એક તરુણ ઘોડેસ્વાર હતો. ને તે પેલા ત્રણ જણની લગોલગ આવ્યો એટલે અશ્વ ઉપરથી નીચે ઉતરી પડયો હતો. તેણે પોતાનું ભાષણ ત્રિપુટીને સંબોધીને આગળ ચલાવ્યું:—

સરયૂની શોધમાં મોકલેલા તે આ ત્હમે મારા વફાદાર સા- દારો!! ને સરયૂની બાતમી મેળવી આપી મ્હને ત્હેની સાથે મેળાપ કરાવી આપવાનો પત્ર લખી મ્હારા સુવર્ણગઢથી મ્હને ખાસ તેડા- વીને મશ્કરીને પાત્ર બનવનાર ખડીઆ રાજાનો આ ચાડીઆના મ્હોઢા જેવો અમાત્ય!! હા....દુષ્ટો! ત્હમારા સઘળા વિચારો 'અને- હને' (જેમ તેમ અને જેવા તેવા) મેં જાણ્યા છે, હું ત્હમને તેના બદલામાં સંપૂર્ણ સજા કરીશ.

"કોને!"

અમાત્ય અને પેલા 'મોટાભાઈ' તો અવાક્ પીપળાના પાનની પેઠે ધ્રૂજતાજ રહ્યા, પરન્તુ પેલા "ભલા માણસે" બોલવાની છાતી ચલાવી—ને પૂછેલું.

" ત્હમને " (ફટાયા કુમાર અજીતસિંહે આવેશથી ઉત્તર આપ્યો.)

" માફ કરશો, અમને બધાને સજા કરવાનો આપને શો હક છે?

(ઉભય વચ્ચે ચકમક ઝરવા લાગ્યા !)

' અધિકાર ? મ્હને કેમ નહિ ? અરે ચાન્ડાલ ! મ્હેં હે ચઢાવી ફટાવી દેનાર ત્હાર. માબાપને પણ ત્હારી સાથે આ ચળકતી અસિથી ઠાર કરવાનો રાજ્યને અંગે મ્હને હક છે બોલ શું કહે છે ? "

" કહેવાનું એટલું કે તરવારને મ્યાનમાજ મૂકી રાખો ! 'ચા-

"ન્ડાલ ' જેવા તુચ્છ શબ્દો ઉચ્ચારતા ચાન્ડાલ ક્રોધ ની આન્તર

"ભરાયલું છે એવા ઓ રાજકુમાર ! ત્હારી અસિથી, ત્હારી ધમ-

"કીથી ત્હારી પદવીથી ને ત્હારા કૃત્રિમ તેજ પ્રબળથી હું તદન

"નીડર છું, હું પણ એક ગરાસિયો છું, ને જો ત્હેં વાત બધી

"સાભળી હોય તો મારો વિચાર નોકરીથી મુક્ત થવાનો ને ત્હારાથી

"અજ્ઞાત નહિ હોય બોલ ! તું મને શું કરી શકશે હું ત્હારો

"તાબેદાર હવે નથી, કે નથી તા'રી રૈયત થવા ચ્હાતો ! તો ત્હને

"જરા પણ મારૂં અપમાન કરવાનો શો હક છે ? લ્યો ખેંચું છું

"આ કમરમાં કસેલા મ્હારા તમંચા પર ! યાદ રાખ જે કે વગર

"અપરાધે કનડનાર કાં તો અસિથી વધ કરનાર વધની પહેલાં

"સાબીત (સજ્જ) તમંચો યોગ્ય ન્યાય આપશે. "

ગરાસીઆને પેલા બે જણ ઘણુંએ દબાવતા, ને બોલતાં રોકી વફાદારી દર્શાવતા, તથાપિ તે ન ગણકારતાં બેધડક અજીત સ્હામે સવાદમાં ઉતર્યો.

ત્હારી જીભ કાપી નાખીશ, ત્હારા ટૂકડે ટૂકડા કરી નાખીશ. અને જો હવે એક પણ શબ્દ મ્હારા સ્હામે બોલ્યો તો ઘડીમાંજ હતો નહતો થઇ જઇશ." અજીત. બોલ્યો.

"આકળા ને ઉતાવળા મ થાવ; મ્હને ક્હો તો ખરા કે આટલા બધા કોના પર ઝઝૂમો છો ' કોણ છે અહીં તમારૂ ? ત્હમારી અસિ સિવાય ? ને તેતો તમંચા આગળ એક ઢકણાની ગરજ પણ નહિ સારે !"

"મ્હારૂ આખ્ખું રાજ્ય મ્હારી કને છે અને અહીં પૂછતો હોય તો આ બે ઉભા મ્હારા તાબાના માણુસો" (અમાત્ય તથા 'મોટા ભાઈ ! ')

"તે ત્હારા છે ?"

"હુંકારનાર લૂગુલરામ હીજડા ! ત્હારે તે જોવુ છે ? સાવધાન ! પકડો એના બે હાથ ને કરવા દો મ્હને ઘા."

ક્હેતામાં તો 'રાજેશ્રી' ! (!) ના વ્હાલા થઇ દોશ મુક્ત ઠરવાની ઇચ્છ વાળા બન્ને જણે એના હાથ કબજે કીધા, તમચો કડીમાં હતો તે કુમારે છીનવી લીધો અને જેમ શંકરનું ભસ્મકંકણ શંકરનેજ બાળવા ઉપયોગમા આણેલુ તેમ આ ગરાસિયાનો તમચો ગરાસિયાનેજ ઘાયલ કરવા કે પ્રાણ લેવાની તૈયારીમાં આવ્યો; ત્હેણે છૂટવા, અને છૂટીને યોગ્ય યુધ્ધે અજીતને મારવા ઘણા બાથડિયાં માર્યાં પણ તે નકામાં હતાં. તૈયાર તમચો હવે ત્હેના સ્હામે છોડવાને કશીજ વાર નહતી. તે વખતે અજીત બોલ્યો.

"બોલ ત્હારૂં કોણ છે હવે ?

"મારૂં તે મારી કનેજ છે. હું તે જોઇ શકું છું, ત્હને દુષ્ટાત્માને ત્હેની ઝાંખી નહિ થવાની નીચ ! મ્હને તું મારી શકશે !

અરે મ્હને કહેવાદે કે મિથ્યા મન વાળવાનાજ એ બધા તો ઉપચાર છે. બાકી જેની માયા મૂકી છે એવા આ સ્થૂળ શરીરને તું ભલે ગમે તેમ કાગને ગીધની માફક ચૂથ્યાં કર; નહિ તો આત્મા મ્હારો તમંચાના ઘાના સ્પર્શના સાથેજ પરમાત્માના પાદારવિંદમાં મળી જવાનો છે ! તું તે * અસ્ત્રથી નહિ છેદાનાર આત્માને કશુંજ કરી શકવાનો નથી. "

" દુનિયા જોશે કે કરૂં છૂં કે નહિ" કહીને જેવી ચાપ દબાવે છે તેટલામાંજ ત્હેની પાછળથી "ખબરદાર!" કહીને તમંચા વાળો ત્હેનો હાથ નીચો પડાવી ખાલી ભડાકો કરાવી દીધો અને યોગ-મઠથી નીકળી ચૂકેલી ગંગા કે જે બાજૂપર રહી સઘળું સાંભળનાર ઓની સંજ્ઞાથી વાચનારને જ્ઞાત છે, તે ત્હેના સ્હામે કાળ જેવી કરડી નજર કરીને પોતાનો બે અવાજી તમંચો ત્હેના સ્હામે ધરીને કાળ દેવી શી ઉભી રહી—બધાજ વિસ્મય પામ્યા. ને ગંગાએ ગર્જના કરી.

" માત્ર એકજ વખતનાં દર્શનથી સુકુમાર સરયૂના શિયળ
" નૂરથી જીતાયલા નામના અજીત ! તું ત્હેના સૌન્દર્યથી બળીને
" ભસ્મના પૂતળા જેવો બળહીન બની ગયેલો છે; તે આવા વીર
" રાજપૂત સરદારની સંમુખ શું લઢી શકે ! સત્તા હતી તો જેટલી
" ત્હે સ્વતંત્રતા લીધી, તેટલી ત્હેને આપીને બળ કેમ ન અજમા-
" વ્યું ! બાયલા સ્વાર્થી ! રાંડી રાડનું કામ આદરી હાથે કરી
" વધુને વધુ કાં કૂળને લજ્જીત કરે છે ! હું વનદેવી ત્હને
" જે ધારૂ તે સજા કરી શકૂ—ને હવે હુંજ ત્હને પૂછૂંછૂં કે બોલ !
" ત્હારૂં અહીં કોણ છે ? "

પેલા બે સેનાનોએ રાજપૂતને ક્યારનોય છોડી દીધો હતો, ને ભોળા બાપડા બ્હીકણ બે જણા વન દેવી જેવી ગંગાને પગે પ-

---

* नैनं छिन्दति शस्त्राणि इ.

કથા હતા ! આ વખતે અજીતને પોતાના રાજ્યનું, ને વનમાંજ પોતાને પોતાનું કંઈ ભાન થયું, અશ્વ ત્યાંજ રહ્યો, અને કોણ જાણે શો વિચાર આવેલો કે " માતા ! વન્દન કરું છું—ક્ષમા આપી ગઈ છે ! હવે બસ કરો. હું અજીત કુમાર નથી. પણ એ નામે હવે કોઈ બીજોજ બન્યો છું. " કહી રસ્તે પડ્યો. અહીં સલામત સર્વેએ ત્હેને ઉતાવળો જતો જોયો; ને ગયા પછી ગંગા રાણીએ રાજપૂત સરદારને પોતાની ઉંફમાં રાખી, પેલા બે જણને લગભગ અડધા કલાક સુધી ઉપદેશ આપ્યો. અને " સૌન્દર્યને પામવું હોય તો તે, ત્હેને વેડરી દેવામાં મળતું નથી, પણ પામતા પહેલાં પોતાને સૌન્દર્યવાન બનવું પડે છે. " આ સુત્ર પરિપૂર્ણ તેઓનાં હૃદયમાં ઠસાવી દીધું—ત્રણે તેને પગે પડ્યા, અને સાક્ષાત ઇશ્વરી માનવા લાગ્યા—ગમે તે રીતે પણ તેઓને તેમ કર્યા સિવાય સિદ્ધિ નહતી, કેમકે તેઓ સ્વરાજ્યથી તો વિમુખજ થયલા હતા, એટલે આ માર્ગમાં એમને સ્થાન મળ્યું તે ઉચિતજ હતું; તથા રાજપૂત ભાયાતે ગંગા રાણીના મ્હોઢે પોતાના કદરદાન રાજ્યની સઘળી કથા સંક્ષિપ્તમાં પણ સ્પષ્ટ શ્રવણ કરી, ને તેથી ત્હેનું શોણિત ઉછળવા લાગ્યું. અને ગૃહસ્થાશ્રમી હોઈ કેવળ સ્વાર્થી જીવન ગાળવા કરતાં જન્મ ઋણ વાળતાંજ યોગ્ય વૈભવ ભોગવવા એ વધુ વ્યાજબી લાગવાથી ગંગા જે સલાહ આપે તે સ્વીકારવાને કશોજ સંકોચ થયો નહિ; દરમિયાન ગંગાએ ત્રણેને તૈયાર બનાવી શિષ્યની પેઠ પેલા યોગ મઠમાં મોકલી દીધા. અશ્વપર પોતા રાજપૂતને આરૂઢ કર્યો, ને પેલા બે તેને પૂજ્ય માનતા ચાલવા લાગ્યા. અને પોતે ‘રાજ્ય’નું શું થયું હશે ! તે ચિન્તામાં આગળ ચાલ્યો.

---

(૮)

સરયૂ

"હા.. દૈવ! એ સ્વપ્નુ! એ સરદારો! એ રાજ્ય! એ
" અમાત્ય! અને આ સ્થિતિ!!! અહહ! શુષ્ક, સાંકડો અને ભયા
" નક આ સર્વ સમૂહ મને અચેતન બનાવી મૂકે છે! સ્વપ્નની
" વાત તો ક ના વિસરૂં–પ્રતિજ્ઞા પાળીશ, પણ મ્હારા દેશની ઉ-
" ન્નતિનું પગથિયું શી રીતે રચાવાનું! જેની મદદ માગવાની હતી,
" તેણે તો વળી તર્કટ રચી ફસાવાના યત્ન યોજ્યા! દુષ્ટ ચન્દેલ
" રાજા! ત્હને એ આખોનીજ શરમ પહોચી? ન્યાયની, દેવની
" ને ત્હારા મૂળ માલિકની નહિ? ત્હને ત્હારા કુલદિપક (ભીરૂ.
" જેવા કુળાગાર નહિ) આર્ય વીર પરત્વે જરા કે માન નહિ?
" તેના પવિત્ર ન્યાય નીચે વસનાર પ્રજા પ્રત્યે જરાકે લાગણી
" નહિ? ભલી બાપડી કોમ પ્રત્યે જરાયે પ્રેમ નહિ? અહહ!
" આ બધી કઠોરતા કેવળ સ્થૂળ યશ, માન કીર્તિ કે સુખને
" અર્થેજ!! તોબાહ! દૈવ! અમર કીર્તિનાજ મુમુક્ષુને જીવાડી,
" આવા સ્થૂલ સુખોથી ખરડાયલા અવિકસિત આત્મ બળીને કા
" વેળાસર ઉપાડી લેતા નથી? પુરૂષાર્થ ન હોય તેજ ક્ષણિક લા-
" લસાથી લલચાય છે, તો એવા પુરૂષાર્થહીન નામરદા પુરૂષોને
" વ્યંઢળ કા ન કહેવા? જુલમ છે–ગજબ છે જેવા જન્મ્યા એવાજ
" મરનાર મૂર્ખ મનુ જે માટીનો હતો એ માટીમા મળી જવાનો?
" જન્મ શા માટે? તેનું કશુજ સ્મરણ નહિ?

" હાથ નીચા પડે છે, હૈડું ફાટી જાય છે, છાતી ફૂટે છે,
" કશી દેશ દશા (દિશા) સુઝતી નથી. શું કરવું તે સમજાતું નથી!
" ક્યા જવું? હવે કોની ઓથ લેવી?

" અરેરે! આ વેરાન! ઉજ્જડ વેરાન—અહીં નથી જણાતું ઝાડ, પાણી, કોઈ પ્રાણી, કશો કોલાહલ કોઈની આવ જા કે કાંઇ
" પણ! ત્યાં એવા શૂન્ય અરણ્યમાં આ સરયૂ!!

" સરયૂ! તું રાજકુંવરી ફીટી હવે આરણ્યક બની છે!
" ખરેખર, જો ગણે તો ત્હારા માથે દુખના ઝાડ ઉગ્યાં છે-તું
" વિપત્તીનાં વાદળામા ચન્દ્રની પેઠે ઘેરાઇ ગઇ છે! દેવ! દેવ!
" (સરયૂનો કંઠ રૂંધાઇ ગયો) દેવ! દહાડા કૂહાડવા દોહલા લાગે
" છે! જુગ જેવી રાતો, (રત્રાઓ) ને કલ્પ જેવા દિવસો હવે
" આ ઉછરતી છોકરીથી ના–ના; નહિ નીકળે! હવે મારા ગાત્ર
" ભાગી ગયા છે. શિથિલ થયાં છે ભૂખે ને તરશે, તાપે ને ઉજાગરે
" નથી ચાલવાની કે બોલવાની શક્તિ હૂં અશક્ત કયા જઇને બોથ
" માગું? શી રીતે માગું?"

બોલતા બોલતાં છેક નિરાશ બની જઇને, ઉંડો નિશ્વાસ નાખીને ખાધા પીધા વગર આંખે અંધારાં આવતા હતા તેથી તાપથી તપ્ત થયેલી રેતાળ ભૂમિપર થાકી ગયેલા પગ વાળતાં તે દ્વારા બોલતા કકડાથી બમણી અસ્વસ્થ બનતી સરયૂ, માથુ નીચું નમાવીને કપાળે હાથ મૂકી બોલ્યા ચાલ્યા વગર બેશી રહી.

સ્વપ્ન પછીની સ્થિતિથી વાંચનાર ગયા પ્રકરણથી જ્ઞાત થયા છે કે અજીતના મોકલેલા બે સરદારોએ ત્યાં આવી પહોચી એને અર્ધ નિદ્રામાથી જાગૃત કરીને દુષ્ટ દૃષ્ટિ દર્શાવી હતી. અને તેઓ-નાથી મુક્ત થયા પછી સરયૂ, પોતાના પરવશ થયેલા દેશને સર કરવાના હેતુથી ચન્દેલનગરમા ત્યાના રાજાને મળી હતી, એ રાજા શિરમલનો મળતીઓ હોવાથી વિશ્વાસે ઉલટી સરયૂ ત્યાં ફસાઈ-અતિથિ તરીકે થોડાક દિવસ પોતાને ત્યાં રહેવાનું કહી

ભાનુ હીરમલના પુત્રને પંઝામાં સપડાયલા સરયૂ રૂપ શિકારની ભેટ આપવા તેડાવ્યો હતો ! તથાપિ અમાત્યની નજર બગડવાથી તેણે સરયૂને આ કાવતરાંની ખબર આપી પોતે ઉપકારના બદલામાં ત્હેના વ્હાલા થવાનું ઇચ્છેલું પરન્તુ તેનું પરિણામ ધાર્યાં કરતાં ઉલટું આવેલું વાચકને વિદિત છે. છેવટ લઢાઇથી ડરીને નહિ, પણ અમાત્યના બળાત્કારથી શિયળ સંરક્ષણાર્થ ત્હેણે ખુલ્લી બારીએથી 'પડતું મૂકેલું'-અગર જો કે તે એટલી બધી ઉપાધિયોથી અકળાઇ ગઇ હતી કે તે વખતે ત્હેણે આત્મઘાત કર્યો હત, તો સઘળા ગોટાળામાંથી મુક્ત હોઇ તે સુખી થાત ! પરતુ પિતૃ પ્રતિજ્ઞા અને દેવનું ઋણ (જન્મ સાર્થકતાનું) એ ઉભય એના એવા કાર્યમાં આડે આવેલાં:

બ્હારીએથી પડી, દૃષ્ટિએ જ્યા દોરી ત્યાં દોરવાયલી વીર બાલા અત્ર ઉજ્જડ વેરાનમાં આવી છે.

બ્હેલા મળસ્કે ઉઠીને કોઈ ફરવા જાવ, ને અજવાળી રાતે અંજાઇ જવાથી ભૂલા પડી આડા માર્ગે ખેતરો (ક્ષેત્રો)માં અથડાવ,—લાંબી રાત સુધી અથડાવ—પણ એકજ રાત સુધી ને પછી કહો કે ત્હમને કેવું દુઃખ થાય છે ? જીવ કેવો પડીકે બન્ધાય છે ? ને કંગાલપણે કેવા વિચારો આવે છે ? કોઇ રોકી શકશો ! તો રાતની રાતો વીતાવતી, ને ભૂખે ને તરસ્યે (તૃષાએ) દુઃખીઆરા દહાડાથી વિકટ વાટ વટાવતી એ રાજકૂંવરી સરયૂને શું નહિ થતું હોય ! એનું વીર હૃદયજ એટલો માર ઝીલી શકે, નહિ તો એકલાનિ અણુઓથે વગડાઉ વાટ કાપનાર કેટલીક સ્ત્રીઓ હોય છે ? કોઇ બતાવશો ? આપણા સંસારમાં અબળાનું જોર અર્જું હોય છે. ને એ વખતના રાજપુતોના સંસારમાં સબળાઓ શોભતી.

વાંચનાર ! તું ધનદ હો કે પામર હો, ગૃહસ્થ હો કે ગરીબ હો અને જોકે મૂર્ખ, ચોર કે ધુતારા જેવા શબ્દો કલમ વાપરી શકે નહિ પણ જે હો તે હો, ને તું ત્હારી તુચ્છમાં તુચ્છ ને દુ:ખીમાં દુ:ખી સ્થિતિ જેને ગણ્યુ હોય, તે સ્થિતિ સાથે આ રાજકુંવરીની આજની સ્થિતિ સરખાવી જોશે ? ને પછી જો, કે ત્હેના કરતાં તું કેટલો સુખી છે ? અત્યારે એને રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી, પીવા પાણી નથી, સુવા રજાઇ નથી, ફરવા યોગ્ય જગા નથી, વિ-નોદ કરવા બ્હાલા નથી, સગાં કે સંબધી નથી, કે નથી દુ:ખમાં દિલાસો દેનાર, ઉણપે આશ્વાસન આપનાર કે ઉદ્દ (કદ)માં રાખનારા જે કોઇ હોય તેમાં એ એકલીજ અને એનો દેવ—સર્વ વ્યાપક સ-ર્વનો પિતા પરમાત્મા !

તો પણ, તે કેટલી ધૈર્યવાળી, વીરત્વવાળી, નિસ્પૃહાવાળી, સત્યા-ચરણી ટેકી અને પવિત્ર દેખાય છે તે જો ! રાજ્ય, અમાત્ય કે સરદારો પ્રત્યેની ત્હેની વર્તણુંક—ત્હેની અડગ નિશ્ચયી વિવેકપૂર:સર વર્તણુંક વાચક ! ત્હને વિદિત છે, આટલા દુ:ખને અન્તે એણે જરા પણ મન ચળાવ્યુ નથી કેમકે ત્હેણે મનને માર્યું નહોતું, પણ જીતેલું હતું—ને છે.

અને તેથીજ ત્હને બોધ થશે કે કવચિત્ ત્હેના પ્રમાણમાં જેમ ત્હેને તેમ ત્હારા પ્રમાણમાં ત્હને આવી મુશીબતો અકસ્માત, કે ધારીને આવી પડે તો ત્હારે પણ તેમજ મનને જીતવાનું:

રહેવા ઘર ન મળે તો ઘરમાં રહેનાર પણ ભાડુતીજ છે. એમ સમજી અધ્યાત્મના યોગમાં મન પરોવવાનું, સુવા ન મળે તો મહાન શિલાઓ પાથરેલી ભૂમિપર બિછાવેલા લીલા ઘાસ રૂપ રજાઇ સમજી તૃપ્તિ પામવાનું, ખાવા પીવામાં મળે તેટલાથી (જેમ મહાત્મા ઋષિ

કંદિ પાદપ પરથી પક્વ થઇને ગરતાં ફળ ફૂલ આરોગી અભિ રાખતી તેમ) સંતોષ માની આનન્દ પામવાનું ને એકલા પડતાં પરમાત્મા સાથે સબંધ ધરાવી વાતો કરવાનું, અને સર્વસ્વ પરમાત્મામાંજ છે એમ સમજીઃ–

" त्वमसि ममभूषणं–त्वमसि मम जीवनं–त्वमसि मम
जलधि रत्नम ॥
भवतुभवतिह मयि सतत मनु रोधिनो तत्र मम हृदयमति
यत्नम् ॥ " *

આમ સમજવાનું સઘળુ રૂચિકર ત્હને થાય તો સુખની કાંઈ સીમા છે ?

સરયૂ–સુકુમાર સરયૂ ! લાડકોડમા ઉછરેલી, રાજ્ય વૈભવમાં રમનારી, હુકાર માત્રથી 'ખમા ખમા'ના ગર્જારવમાં ગાજનારી અને મનમાનતા લ્હાવ લેનારી અત્યારે કેવી હાલતમા છે ? ઉપવનમાં ફરનારી અત્યારે એ કૃત્રિમ વાડીઓ પર અભાવ હોઇ દેવના ખ્હોળા બાગ (વન) મા મધુરી પરિમલ લેતી કાળ ગુજારે છે–અને વનવાસી વનચર સાથે સગપણુ બાધવુ પડે છે ! ખચિત્ત, સરયૂ હવે સરયૂ નહતી, અનેક રાતોના ઉજાગરાનાં 'જાગરણ'ના વ્રત આદરીને, અનેક દિવસ ક્ષુધાતુર રહેતા એકાદશી પેઠે ઉપવાસના વ્રત કરીને, ને અનેક પ્રકારના તાપથી તપતા દુસહ્ય તપમા તન અને મન ધરીને સરયૂના લોહીનું પાણી થઇ ગયું હતુ અરે એ પાણી પણ સુકાઈ જાય એવા તાપ એને તપાવતા હતા—એક તાપ તો ગ્રિશ્મ ઋતુનોજ, બીજો તાપ ક્ષુધાનો, ત્રીજો તાપ ઉજાગરાનો, ચોથો તાપ

---

* પ્રશીર્ણ

પિતૃપ્રતિજ્ઞાનો, પાંચમો તાપ સ્વભૂમિની પરવશતા'નો. છઠો તાપ નીરાધાર પણાનો, ને સાતમો તાપ આ સર્વ તાપ કરતાં અતિ ઉષ્ણુ હતો ને તે મદન તાપ.

અદ્યાપિ પર્યંત એ માર્ગથી તદ્દન અજ્ઞાન વીરબાલાને પ્રથમ જ પેલા બે સરદારોએ કામદેવની (દુષ્ટ વાણીથી) આ ઝી ઝાંખી કરાવીજ હતી. બાલિકા—કિશોરીએ તે વખતે તો તેમના શબ્દો પર જોકે બરાબર ધ્યાન નહતું આપ્યું, પરન્તુ વિકસિત થતા બીજ ત્હેની યોગ્ય વયે બહાર તરી આવતા હતા અને તેનું ત્હેને-નિર્દોશ બાળાને ભાન નહતું, તે સરદારોએ ભાનજ કરાવ્યુ ! ને તેથી આવા માર્ગના નિયમ પ્રમાણે તેઓના ગયા બાદ એ એકલી બાળાને કૈં કૈં થવા માડયું; દરમિયાન ઉકળતા અગ્નિમા પેલા અમાત્યે ઘૃત હોમેલું તે સુવિદિતજ છે। પછી એવા સંજોગો અને વાતાવરણુ સાથે શક્તિનું ઉદ્દીપનપણુ એ બધું ભેગું મળેલુ એટલે હાડપિંજરથીજ હાલની ચાલતી સબળા પણુ અત્યારે અબળા દેખાતી સરયૂ આડા અવળા માર્ગે કદાચ ઘસડાય તો તેમાં તેનો શો દોશ ?

સરયૂને કામના પવને ચિન્તાગ્રહસ્ત કરી નાંખી હતા—કામ એને બાળતોજ હતો, તો પણુ તે ગણુકારતી નહતી, ઘડી વિચાર આવે, ને ઘડી પાછું મન—જીતેલું મન ત્યાંથી ખેંચી લે; પરન્તુ ખેંચીને ત્હેને રાખે કયાં ? કામના વિકાર ભણીથી વાળેલું મન પિતૃ પ્રતિજ્ઞા અને સ્વભૂમિની પરવશતા તરફ અનાયાસેજ વળતુ હતુ ! સરયૂ આ સર્વ વચ્ચે એક હિન્દોળાવત ઝોલાં ખાતી હતી, તે વળી વિચારવા લાગી:—

" મ્હારા રાજ્યની, મ્હારા પિતાની, મ્હારી પ્રજાની, કોઇ બીજા
" ની અને મ્હારી બધાની અધોગતિનું કારણુ હંજ છું—મ્હારામાં

" સૌન્દર્ય ન ત, તો કશુંજ થવાનું નહતું ! એક સૌન્દર્યને ખાતર
" આ સર્વ નાટક ભજવાય છે ને ! અરેરે ! હું પવિત્ર શાની !
" ઘણાએ મ્હારા સ્હામે કુદૃષ્ટિ કરી હશે, ને કરતા હશે, ઘણાના
" હૃદયમાં હું રમતી હઇશ, ને ઘણા હજુ મ્હારા માટે જીવ ગુમા-
" વશે ! અરેરે ! ત્યારે તો હુંજ ડાકીણી ! હુંજ પાપીણી—મને
" મરવા દો—હું અહિંજ મરી જાઉં ! ! ને તેથી સર્વત્ર શાન્તિ
" પ્રસરાશે (ઉંચી દૃષ્ટિ કરી હાથ જોડી) પિતા ! પૂજ્ય પિતા?
" સૂર્ય દેવ ! તમે બધા મ્હારા માથાપર છો, હું મરૂં છું, ને તે
" મારા દુઃખને ખાતર નહિ, પણ, લોકોના હિતને ખાતર જ; ત્હમે
" બધા સાક્ષીઃ—પણ (યાદ આવતુ હોય તેમ) પિતૃ પ્રતિજ્ઞાનુ
" શાપ—એ બોજો કોને સોંપવો ' રે દેવ ! આવડું દુઃખ ને આ-
" ટલી મુઝવણ મને શા માટે ? કોઇ માર્ગ નહિજ બતાવો ?
" અહહહહ ! સૂર્ય દેવ ! ત્હને પણ દયા નહિ આવવાની ? જ-
" રા ઓછો તપે તો ? પેલી વરસતી વાદળીઓ હવે ક્યાં ગઈ ?
" જરાક ઢાંકી દો ને એ સૂર્યને ! ! પ્રભુ ! પ્રભુ ! સાદ કોણ
" સાંભળે ! ઢગર ટગર બધા જોયાજ કરે છે. "

અતિ તાપથી તપ્ત થતી સરયૂ કોઇ છાંયા શોધવા ત્યાંથી ઉઠી આગળ ચાલવા લાગી, તાપમાંથી નીકળતી જ્વાળા તો જેણે જોઈ હોય તેજ જાણે, પણ સરયૂને તે વધુ દુઃખકારક નહોતી લાગતી, કેમકે એના પગ તપી તપીને ચાભઠાં જેવા કહો કે બેલા જેવા બની ગયા હતા, ને શરીરની ચામડી પણ એમજ; સરયૂ ઉઠી, ને ચાર ડગલા ચાલી. પણ આંખે અન્ધારાં આવ્યા, આગળ ચલાયું ના, લથડીઉં આવ્યું, ને પાછી ચતાપાટ ભાન વગરની થઈને તપતી ભૂમિપર પડી ! એને ઉઠાડનાર કને કોઇ હતું ના. અનાથ

વીરીને દીલાસો દેનાર આજ કોણ હતું ! ઘડીવાર આળોટી પાછી ઉઠી, જરા સ્વસ્થ થઇ; અને અલ્પકાળ સુધી બોલ્યા ચાલ્યા વગર ઢુંટિંચું વાળીને નીચું માથું નમાવીને બેશીજ રહી. બહારના તાપથી શરીરપર પરસેવા (સ્વેદ) નાં બિન્દુ ટપકતાં હતાં. ને તેતો ટપકવાજ દેતી હતી, પરન્તુ અંતરના તાપથી જાણે શેવાળ વગીને તે નયનદ્વારા ટપકતી હોય તેમ, નયનમાથી ટપકતાં મોતીની સેરની માફક સરતાં ચળકતા બિન્દુને તો પુહેરેલા—જૂના થઇ ગયેલા સાડીના પાલવમાં ઝીલતી હતી—ઝીલતાં ઝીલતાં પાછી હફાળી ઉઠી, ને ચાલવા લાગી, ચાલતાં ચાલતા એજ એજ કશું ગાવા લાગીઃ—

" બલા ! કોઇ પન્થ બતાવોને !
" દુઃખીણીનું દિલ પતાવોને !
" બતાવો ને તપાવો શે ? !
" ભૂંડા સાધુ ! સતાવો શે ? !

" બલા ! કોઇ પન્થ બતાવોને " એનું એ વાક્ય વારે વારે બોલતી બાલિકા આગળ ને આગળ ચાલવા લાગી. જ્યાં દૃષ્ટિ દોરે તે તરફ જવા લાગી—વળી ગાવા માંડયુંઃ—

" ડરૂં છું રે ! ડરૂં છું રે !
" બળું છું હા ! મરૂં છું હા !
" કરૂં શું રે ! કહું કેના !
" ન જાણું કે પળું છું ક્યાં ?

વળી પાછું " બલા ! કોઇ પન્થ બતાવો ને " વાળું વાક્ય શરૂ કર્યું, ને આગળ ચાલતાં ચાલતાં ગાવા માંડયું, ગાતાં ગાતાં પોતાના દેદાર સામું જોઇ જોઇ કહેવા માંડયુંઃ—

" નથી ચેતન છતાં ચેતન !
" બની બેશુદ્ધ બુદ્ધિ ના !
" હશે કાઇ દોરનારો ? ક્યાં !
" ભૂલ્યાં ને મારગે દોરે ? !

" ભૂલ્યાને માર્ગે દોરે' તથા 'હશે કોઈ દોરનારો" એમ બોલતાં આગળ ચાલતાં ચાલતા બે હાથ પ્હોળા કરી ચારે બાજૂ દૃષ્ટિ ફેરવી જાણે કોઈ માર્ગદર્શકને શોધતી હોય કે કોઇને કાંઇ પૂછતી હોય તેવા ચાળા કરતી બાળાએ આગળ બોલવા માંડ્યું—

" છતી આંખે ન નિહાળું !
" નિહાળુ નેત્રથી કાળું !
" નિહાળ્યું જગત્ ગોટાળું !
" સિવાયે કાંઇ ના ભાળું !

વળી ' એકી ટશે ' કહેવા માડ્યું,—

" ધણાએ દોરતા ગુલામ
" દિવો સાહી કરે બહુ ઠામ
" પવનથી તે બુઝાતાં કિન્તુ
" મુઝાતા આલિયા ગુલામ !
(૭૨) " મળ્યા એવા ધણા ગુરૂ
" લીધું એઓથી સુખ પૂરૂં
" હવે તો જોઇએ જૂદા
" અખંડિત જ્યોતિથી મુદ્દા !

આમ એક શ્વાસે બોલતાં બોલતા—શ્વાસે ભરાઇ ગયા છતાં, ને લથડીઆં ખાતાં ખાતાં પણ આગળ ચાલતા ચાલતાં વેરાનમાંના સુકાં લીલાં વૃક્ષો વગેરે સ્હામે જોતી બોલવા લાગીઃ—

" દીવો આ વ્યોમમાં દેખું
" ધરી એ ઉરમાં ક્રોધ
" હશે કો દોરનારા ? ક્યાં ?
" કહો વનવાસી વ્હાલુડા !

પ્રત્યુત્તરની રાહ જોવા જરાવાર બોલતી એકદમ બન્ધ થાય છે, પણ કોઈના તરફથી કશો ઉત્તર મળતો નથી, ચાલતા ચાલતાં એક ખંડિયેર વાવ આગળ તે આવી પુહોચી હતી, તેના ભાગના પગ થયા પર તેનો પગ હતો, પણ તેને તે ભાન ન હતુ કશો ઉત્તર ન મળવાથી વાવમ. પેસતાં પેસતા સરૂએ અગાડી ગાયું —

" પૂરી પણ હું ખરે ! પાગલ !
" ન મ્હારામા કશુ સ્વત્વ !
" અધૂરી હું ! અધૂરી હોય—
" અધીરી છે નગૂરી આ ! "

વાવમાં પેઠા પછી જ છેલ્લું વાક્ય બોલવાનું હોવાથી પ્રતિધ્વનિ મળ્યો તેમ તેમ સરૂને મળેલો, તથાપિ એ ગુહ્ય વાળાને તેનું કશું ભાન નહતું ! એ માળની વાવ હોવાથી અંદર શિતળતા લાગતી, પાણી જોકે પરાં પ્રમાણમા સ્વચ્છ ન હતું તો પણ તેના કિનારા ઉપર જાળાં ફૂટેલી નથી, વિવિધ પ્રકારના તાપથી તપેલી સરય—એ ગુહ્ય સરૂને અન્દરના શીતળ લહરીએ જરા આશ્વાસન આપ્યું, સરૂ એક શીલા પર શીલાની પેઠે પડી હતી, ત્યાં આગળ પવન જરા આખો હળાવી, અને એને નિદ્રા દેવીએ અંકમા લીધી થોડીવાર થઇ ન હતી એવામાં મનુષ્યની ગંધ જોતા એ કાળા સર્પ (નાગ) પાણીના રેલાની પેઠે તેના તરફ ધસી આવ્યા:

૯

" શામ દ્રેશ. "

વયોવૃદ્ધ રાણો ભીરમલ રાજકાજનો પૂરો 'ખાં' હતો, અગમચેતી હતો, દૃષ્ટિ એની દૂરદર્શી હતી, અને કોઇ પણ કાર્યના આરંભેજ તેનું ભવિષ્ય પરિણામ જે બાંધતો તે જ આગળ તરી આવતું !

આજ રંગભવનમાં રાણો એકલો છે, પ્રતિહારોને પોતાની પાસેથી દૂર કર્યા હતા. બેઠો હતો એ દિવાનખાનામાંના સર્વ દિવા પણ (બસ) હોલવી નંખાવ્યા હતા, ચામર નાખનારને પણ તેવીજ મનાઇ હતી ! દિલરબા જેવા સંભળાતાં સંગીત પણ બન્ધ કરાવ્યાં હતાં અને સર્વ વાતે શૂન્યકાર ભાસતો હતો, તેવી સ્થિતિમાં ભીરમલ અગિયાર વાગતા સુધી એટલે લગભગ મધ્યરાત સુધી એકલોજ દિવાનખાનામાં દિવાના માફક અન્ધારે બેઠો બેઠો બડબડતો હતો—કૈંક બડબડતો હતો અને તે સરયૂના સંબંધી જઃ—

સરયૂના નૂરથી, સરયૂના ચરથી, સરયૂના ઉરથી અને સરયૂના આત્મ પ્રભાવથી ભીરમલ લેશમાત્ર અજ્ઞાત ન હતો, છતાં મમતથી મરડાઇને મોહાન્ધ બનતાં દૂરદર્શીપણું, અગમચેતી પણું, અને ભવિષ્યવેત્તા પણ સર્વ ગુમાવીને ગુમાનમાં વ્હોરાયલી વસમી ઉપાધિથી હવે એ સ્વતંત્ર હોઇ સુખી બનેલો રાણો મહા મુઝવણમાં પડયો હતો. એ વખતે પ્રતિહારે આવીને ભોજન સામગ્રી લાવવાની આજ્ઞા માગી, રાણાએ ત્હેની પણ ના પાડી ! પાણી પીવાની પણ ના ! ને શયન કરવાની પણ ના !

વાહ સંસારી ! રાજવૈભવ પૂરતા છતાં ભવિષ્યમાં ત્હારી આ શી દશા ? લોકો પારકે ભાણે મ્હોટો લાડવો ભાળે છે, અને મોહ

પામે છે ! પણ કોઇકજ એવો તો ખ્યાલ કરતા હશે કે "વળીને એક ખીલો વાગે તો મોભને અનેક વાગે !" ખમા ખમાના પોકારે; ગજ, ઘોડા ને પાયદલ, નોકર ચાકર ને અન્ય વૈભવો, માન ખ્યાતિ અને રંગભવનો અને મનની કલ્પના પ્રમાણે મોજુદ વસ્તુ થાય એવી શક્તિ સત્તા સંપાદન છતાં રાજાને કયા આત્મ સુખ મળે છે ? ગણુ મણુ રૂની તળાઇનાં સુવા છતા અને મન્દ પવન નાખવા છતાં કયાં નિરાંતે નિદ્રા આવે છે ? સર્વ વૈભવો તજીને તેઓ ક્ષણમાત્રમાં વનચરની માફક રાનમાં રખડતા નથી ? તેઓનાં અકાળ મૃત્યુ નથી ? તેઓને ચિન્તા દેવી (જન્મથીજ) વરેલી નથી ? શું તેઓ પણ એક સંસારી નથી ? ત્યારે સુખ અને સુખી વળી સંસારીને માટે હોઇ શકે ? ખરેખર—

"ખરે સંસારીની સ્થિતિ, ઉજડ વેરાન સરખી"

"ન તેમાં છે કાંઇ રસ, મુખ પડગે ધૂલજ સમી"

ત્યારે સુખી તો સસારી નહિ પણ સંસાર યોગી જે હોય તે ! જે સમયે જે સ્થિતિમાં હોય, તે સમયે તેવી સ્થિતિમા સંતોષ માનનાર, સંસાર યોગી, અને એજ સુખી.

સરયૂ સુખી છે, સંપૂર્ણ સુખી છે, એને ગૃહવૈભવ તરફનું જરા પણ દુખ કે 'રોદણાં' રડતાં વાચનારે જોયા છે ? જો કંઇ પણ ક્લેશ થતો હોય, કે ગમગિની થતી હોય, તો ઋણમૂક્ત હોવા બદલ; અને સંસારયોગીને માટે તો તે યોગ્યજ છે—ઋણમૂક્ત હોઇ—દેવાના દાસ રીટી દેવના દાસ બનવુ એ કોની ફરજ નથી '

ત્યારે ભીરૂમલ આજ રાજભવનમાં છે, ને સરયૂ કામ વિકટ વનમાં છે, વનમાં છતાં પણ ખંડીઆર વાત્રના પત્થાર પર તે અત્યારે નિરાંતે નિદ્રાદેવીના અંકમાં છે, અને ભીરૂમલ રાજભવનમાં છતાં

ભય, ક્લેશ અને ગમગિનીની ઉંડી ખીણુમાં ઉતરેલો હોવાથી દેવાળિયા જેવો જાગે છે ! આ પણુ એક વિશ્વની વિચિત્રતા !

જાણે નિદ્રાદેવી પણુ ન્યાય તોળીને સત્યના પક્ષમાં ભળી હોય ! એવો ભાસ ન થાય ? જેવી મીઠી ગુનામી નિદ્રામાં બીરૂ—ભીરૂમલ્લ પોરનો હતો તેવીજ નિદ્રામાં—નાગની છ્યાથી અજાન સરયૂ અત્યારે ઉંઘે છે ! ખરેજ, દુષ્ટની દુષ્ટતાથી ત્હેને તજી દઇને સત્યાચરણી વીરબાલાને પીડાતી જોઇ, એને આશ્વાસન આપવા દેવી (નિદ્રા) ને દયા કેમ ન આવી હોય !

ભીરૂમલ્લ અત્યારે ભયમાં છે, તેમાંયે વળી મધ્યરાતનો સમો (સમય) ભયમાં ભાર—દબાણુ દેતો નો, એકલો એકલો એ અનેક તર્ક વિતર્કમાં ગર્ક થતો હતો—" ચન્દ્રેશ્વરાજ પણુ એક "મશ્કરીખોર નીકળ્યો ! પુત્ર અજીતસિંહ સરયૂની પાછળ પાગલ "બન્યો છે, સરયૂ હયાત છે એ તો ચોક્કસજ; હવે મ્હારી પાયમાલીની શી સિમા રહેવાની ? છતે પુત્રે પુત્રહીણો, અને છતી સ્વતંત્રતાએ શત્રુના ભયનો મહા અંકૂશ ! વૃક્ષને કાપી નાખી તે જગ્યાએ "બંગલો બન્ધાવી રહેનારને, મૂળના છેદન વગર શાન્તિ ક્યાથી થવાની ? "મૂળતો હજુ કાયમનું કાયમજ છે, ને તે શૂળ—સાલ મને બહુ સાલે "છે, બળિયા છતા બળહીન બની ગયો છૂ ! અસત્યથી લડાતી "લડાઇમાં સત્યની લડાઇવાળા પક્ષમાં બમણુંજ પ્રબળ "રહેવાય છે તે ખોટું નહિ હોય ! મને ભય રહે છે કે જો એ કાંટો "નીકળી નહિ જાય, તો મારૂં સર્વસ્વ વેડફી જવાનું ! હું પોતે "પણુ કશા ઠેકાણા વગરનો —તત્વ વગરનો—દમ વગરનો રહેવાનો ! "મ્હને ભય રહે છે કે એ કોઇ પણુ રજવાડાને કબજામાં લઇ "ઓચિંતો મ્હારા પર હુમલો કરી કાંઇ નહિતો છેવટ મ્હારો જાન

"હા ! અરે ! એની ઝાંખી તો મ્હને એના સ્મરણથીજ થાય છે ! ને તે
"હું સાંખી શકતો નથી ! આંખે કાળમૂર્તિ સરયૂને જોઇ શકતો નથી !
"હૃદય ધ્રૂજે છે ! હર ! હર ! હું મ્હારી જાતને સુખી માનનાર
"ખરેખર, ખરેખરો દુખીજ હિસુ છું, દુખ મુક્ત થવા હવે ક્યા
"દે ને આરા ?' હેર પણ સાચાના-સત્તા પેલી હાય છે !! ×

આવા રીતનો બડબડાટ અન્ધારી રાત અન્ધારાના થ ! કોઇ અકસ્માત્ આવાને જૂએ, તો ગાંડુના જેવા લ્ય, કઇંક નહિ ! ભીમમલ ગાડો તો ન હતો પણ ગાડાના ભાઇબંધ બન્યો હતા ! બનવા દો, હવે ત્હેની આગળનો પડદો ઉઘાડીએ.

" કડવી વેલકી કડવી તુમ્બડીયા સબ તિર્થ કર આઇરે "
" ગંગા ન્હાઇ યમૂના ન્હાઇ ત્હોય ન ગઇ કડવાઈરે " ૧

પેલા અજીતસિંહને ઉક્ત કાવ્ય બન્ધ બેસતુ છે, એણે ગંગાના વહનના શબ્દોનું પાન કર્યું, અને પોતે કંઇક પવિત્ર થયા જેવો જણાતો હતો, તથાપિ અંતર એનુ પુનિત ન હતુ; વાચકને વિદિત છે કે વગડાઉ વાટિકામાં ગંગનો ભેટો થય પછી અમુક પ્રકારનો વૈરાગ્ય ઉપજી આવવાથી ને ત્હેના અશ્વ સુદ્ધાંની ભાઇબંધી છોડી, અને ત્યાંથી અવાક્ ચાલ્યો ગયો છે ! અને અદ્યાપિ પર્યંત તે રાનમાંજ રઝળે છે; ન હતું રચતુ ઘર તરફ પાછા વળવાનું, કે ન હતો મળતો સરયૂનો પત્તો. સરયૂને મેં મ્હાતો હતો જ: ને સરયૂ એને મ્હાય છે કે નહિ ? તેનો તે ખ્યાલ પણ ન હતો આવતો.

× ચક્રવર્તી રાજાને બધી બાજુની હુંફ છતાં આટલો ભય, તે તેના દુરાચરણ અને કેવળ કપટી કાવતરા (કુદરતિ નિયમનો ભંગ) તેથીજ માત્ર તેનુ Conscience તેને ભડકાવે છે

૧ મીરાંબાઇ.

પરન્તુ ગાંગાના શબ્દો કર્ણગોચર થયા પછી તો અજીત. એવા એક જ નિશ્ચય પર આવી ગયો હતો "કે જો તે મળે, તો તેને તેનું રાજ્ય પાછું સોંપી દેવું, અને હૃદયની યાચના ન્હાવાના બદલામાં કરવી, જો તે અર્પે, તો ઠીક, ને નહિતો પછી ન્હાવાના શબ્દને–સ્નેહના નામનેજ તિલાંજલી આપી વનવાસી હોઇ અધૂરા દહાડા ભગવદ્ ભક્તિથી પૂરા કરવા." અજીતનો નિશ્ચય આ પ્રકારનો હતો, પરન્તુ તે નિશ્ચય, નિશ્ચય ન હતો કેમકે એણે એ નિશ્ચય, દુમો ભરાવાથી એક બાયલા મનથી કરેલો હતો–અજીત મનથી કરેલો હતો. અને જો મ્હારી ભૂલ ન થતી હોય તો આજકાલ ચાનતી Love matter ની પ્રથા જેવા જ વલણે તેનું સર્વાંગ જકડાઇ ગયુ હતું પછી તે સ્નેહ હૃદયના મીઠા ભાવોથી ઉતરેલો હો કે બહારના મોહક ભાવોથી બનેલો હો; જે તે કાંઇક એના પોતાના શબ્દો મનનકારને પ્રતીતિ કરી આપશે —

" જે કરજે ખરચે બહુ દામ નિરાતથી તે નવ ઊંઘી શકે
" રોગી દુઃખી વ્યસની જન તેમની રાત નિરાતથી ના નીકળે
" જે ચિત્ત, કટક કામની રૂપ સુવા થઇને, અટકે ખટકે,
" તે જનને અટકે ચટકા પટકે દિલ નિદ કહિ ન ટકે" [૧]

ઉપવનની બ્હાર લેનાર રાજકુમાર વનમા આ પ્રમાણે લવતો બવતો રખડે છે, ને જેમ ચોરા પગલા જોતો હોય તેમ સરયૂનાં પગલાંની શોધ કર્યાં જાય છે, હવે ઉપર દર્શાવ્યુ એ પ્રકારની લગની પર અનુમાન બાંધી વ્હાયના એને પ્રમઘેલો માનો, કામઘેલો માનો, કે મોહાન્ધ માનો વાચનારા સ્વ પ્રકૃતિ અનુસાર મત બાંધવાનો સ્વતંત્ર હક્ક સંપાયનોજ હોય છે વાસના એના કયા અને શામાં રહેલી છે? તે પણ તેના શબ્દો કહી આપશે —

---

૧. કાન્તા

" જો બુદ્ધિ આણું ગુરૂ દેવતાની "
" જો જીભ લાવું ફણિ શેષ જેવી;
" તોયે ન વર્ણી શકું રૂપ એનું,
" કળાય ના એ અકળીત એવું." ૧

આ એનું સતત સ્મરણ હતું. ને હૃદયની ગડમથલેય પણ, ને વાસના પણ વસમી જ .—ભાવાર્થ રૂપઃ—

" જેણે મળ્યા વિણ લીધું મુજ ચિત્ત ચોરી,
" તે શું ! નહિ ફરી મળે મુજને ચકોરી ?" ૨

જોનાર જોઇ શકશે કે એના વિદિન નિશ્ચય દરમિયાન—સતત મનનાં વહન કઇ દિશાએ વળેલાં છે; એટલે હવે લેખકને એની વૃત્તિ વિષયે હમણાં સ્પષ્ટ ક્‌હેવાનુ નિષ્પ્રયોજનીત લાગવાથી અમે તો એટલુંજ કહી શું કેઃ—તેના પિતાએ અજીતને ઠરવેલ પાગલને કોઇ કામાતુર ક્‌હેશે કોઇ મોહાન્ધ માનશે, કે કોઈ પ્રેમ ઘેલો ક્‌હેશે, પણ લેખક તો ત્હેને સરયૂ ઘેલો કહીને હમણા વાંચનારનું લક્ષ બીજી દિશામા દોરવા લલચાય છે -તે પૂર્વે એકાદ સુત્રનુ સ્મરણઃ—

દીપકથી અંજાઇ, પતંગ દોડે ભેટવા "
પાંખ આંખ સહુ ખોઇ દીપકમાંજ બળી મરે " ૩

હવે એક બાબત બાકી રહે છે, ને તે ચન્દ્રેલરાજ સંબંધી.

સુખી સંસારી પોતાના સુખમય—શાન્તિથી પસાર થતા સંસારમાં કેવી રીતે ઉપાધિયોને ખેંચી લાવી હાથે કરી ચક્ર પર ચઢવા પામે છે તે ચન્દ્રેલરાજના દ્દષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. યદિ એણે સરયૂને સપડાવવાનો યત્ન (લોકકીર્તિને ખાતર) ન કર્યો હત તો તેને અત્યારે કશીજ ઉપાધિ ન હત, પરન્તુ તે પરભાર્યો બાર પોતાને

---

૧. ૨. ૩. પ્રો૰ મણિભાઇ

હસ્તગત કરી હવે અણુધાર્યોજ હડકાયલા કુતરાનો અવતાર ભોગવે છે, એટલે કે પંઝામાંથી છૂટેલી સરયૂને ન્હાય તેમ કરીને કબજે લીધા પછી ભાઇમલના પોતાના પરથી ઉડી ગયેલો પતીત બેસાડીને પતીતપણામાંથી મુક્ત થવાનો એ ખંડીઆ રાણાને મમત ભરાયો હતો, અને મમતનો માર્યો સરયૂની શોધ પાછળ, આવે એટલો ભાર વહન—અહન કરવા કમર કસીને સજ્જ થયો હતો.

ચન્દેલરાજે સરયૂના ન્હાસી ગયાના સમાચાર સાંભળ્યા પછી તરતજ અજીતના અપમાન ભર્યાં અને ક્રોધ યુક્ત ભાષણથી ઉશ્કેરાઇને ત્હેની શોધનાર્થ પોતાનાં કેટલાક માણસો મોકલી દીધાં છે અને વરસાદની રાહે મયૂર મુખ વિકાસી બેસી રહ્યો હોય એમ એ અખંડ રાહ જોયા કરે છે. ને ત્રણ પૈસાના (નોકર) તરકડાની પેઠે નથી જોતો દહાડો કે નથી જોતો રાત, નથી જોતો રાજકાજ કે નથી જોતો ગૃહના ષટરાગ—"સરયૂ કયરે મળશે? કોણ ખબર લાવવાના? ક્યારે લાવશે?" નિરંતર એની એજ વાત ને એના એજ વિચાર.

મૂર્ખ મનુ! બીચારો ખંડણી ભરીને નિરાતે ઉત્તમ પ્રકારના વિનોદમા કાળ નિર્ગમન કરતો હતો, તેને વળી વગર મહેનતના કીર્તિ અને ખોટાં માન ખાટવાનો ક્યાથી ભાવ થયો? કે જે ભાવનું પરિણામ આવા પ્રાપચિક જીવનમા ગળાટુ (અધમ) જોવા વારો આવ્યો!! (નિર્દોશ બાપડી સરયૂની યે દશાસ્તો!)

પરન્તુ ચન્દેલરાજના જેવી પ્રકૃતિની આપણા સંસારમાં ક્યાં કમી છે? ઘણા યે આવી રીતે વગર વિચાર્યાં માથા મારી ચકડોળના ચાકરે ચઢી કિનારે બેઠેલાને નવનવીન અનુભવ અવલોકાવે છે!! અને એ પણ ઉચિત છે કે જો આવી રીતના લીલા ન ભજવાયતો નાટકનો રંગ બરાબર જામે પણ શી રીતે? પછી વિરંચી ઉપરાંત વિષ્ણુ કે શંકરની અગત્ય પણ ન રહે!!

(૧૦)
" સોનું ને સુગંધ. "

" બાળા કુન્દનની કણી હીરો રાજવી બાળ;
" કુન્દનમાં હીરો જડયો શોભાનો શો પાર ! " ૧

સરજૂના શયનવાળી વાવ, સૂરગ્રામ નામના નગરના સિમાડામાંની હતી, અને ત્યાંના ઠાકોરનુ નામ સૂરસિંહ હતું, સૂરસિંહની વય લગભગ વીસ વર્ષની ને બાંધો મજબુત પણ જરા પાતળો હતો, તેનું સર્વાંગ રાજપૂત કુળ દીપક તાજા શોણિતથી પ્રપૂર્ણ હોઇ, તેના પુલક પુલકે છલકાતો વીરરસ કોઈ નબળા પ્રમાદી કે ભીરૂને પણ બળવાન બનાવતો ! અને એના નૂરમાં જોનારની આંખો અંજાયા સિવાય રૂહેતી નહિ.

રાજ્યારૂઢ થયે સૂરસિંહને સાતેક વર્ષ થયાં હતાં, તથાપિ તેટલામાં તો ત્હેની પૃથા અને વીરત્વમય કથા દેશાન્તરોમાં એવી ફેલાઇ ગઇ હતી કે, એ પણ બીજાની પેઠે એક ખંડીઓ રાજા છતાં ઘણી બાબતો અને વાતોમાં અન્ય ઠાકોર તેને નમ્યુ આપતા, અને સરયૂ સાથે વિરોધ થયા પછી ભીરૂમલને જો કોઇનો ભય રહ્યો હોય તો આ સૂરસિંહનોજ.

ત્હેના ન્યાયી કારોબાર નીચે વસતી સુખી પ્રજા સૂરસિંહને બદલે કોઇ કોઇ વાર કેસરીસિંહ કહીને ખુશી થતી ! લોકપ્રિય સૂરસિંહ પ્રજાના માનનો અનાદર કરતો નહિ, એટલુંજ નહિ પણ પ્રજાને પુત્રની પેઠે પાળતો-પોષતો, રક્ષતો, અને ઉછેરતો.

સૂરગ્રામ, એ પહાડી પ્રદેશ હતો અને પૂરતા પ્રમાણમાં ત્યાં ઉજળી વસ્તી નહતી; ભીલ વગેરેની વસ્તી તરી આવતી અગર જોકે

---

૧ વસન્ત માલિની

તે લોકો ઘણા માયાળુ સ્વભાવના અને ધાર્યું કામ પાર પાડી આપી ઇચ્છીત્ લ્હાવા લેવરાવી શકતા તો પણ 'કલદાર' શ્હેર નીવાસીને (Cityzens) તો આવો પ્રદેશ રળિયામણો ક્વચિત્ ન લાગે, પરન્તુ સૃષ્ટિસૌન્દર્યના શોખીન હૃદયીને મન તો રસાલજ.

પ્રસ્તુત પ્રદેશ પરત્વે આગળનાં પ્રકરણોમાં વિદિત થવાનું છેજ, એટલે અત્રે માત્ર ઓળખાણ પૂરતું જ જાણી મૂળ વિષય લઇએ.

ગ્રિશ્મઋતુના દિવસોમા સ્હવારનો પ્હોર ફરવા જનાર કેવો અલૌકિક માધુર્ય અને અનેરી પરિમલની લહરિયોથી ભરેલો અનુભવે છે! અને એવોજ શોખ સૂરસિંહને બચપણથી હતો; અને રોજના નિયમ પ્રમાણે આજ પણ એ ફરવા ગયો હતો, સાદો અને સરલ સ્વભાવનો શાન્ત સૂરસિંહ આ'વી બાબતમાં પાસે કોઇ પટાવાળો પણ રાખતો નહતો! પૂહો ફાટયો નહતો, અરૂણોદય થવાને પણ વાર હતી, તે વખતે આછા ઘેરા અન્ધારા અજવાળામા ભેટની મન્દ મન્દ અનિલની મીઠી પરિમલ મયલહરીથી પ્રફુલ્લ થતા હૃદયે સર્વત્ર ફેલાયલી શાન્તિ અનુભવતો સૂરસિંહ, વૃક્ષોની ગાઢ ગુફાઓ જોતો, ત્હેના પર ડોકીઆ કરી રહેલા મૉર જોતો અને વૃક્ષો વિષયે વિચારો ચલાવતો લગભગ (ગામથી) ત્રણેક માઇલ દૂર નીકળી ગયો હશે; ત્યાર પછી ત્હેને આછી કુંકુમ પિયળવાળી ઉષાનાં દર્શ થયાં, અને હ્રદયેથી બોલી ગયો—ઉષા! રમ્ય ઉષા! ત્હારી આછી કુંકુમની પિયલમાંથીજ દિવસના પ્રાકટયનું પગરણ મંડાય છે!" વળી પાછો વૃક્ષોના વિચાર કરતો આગળ ચાલવા લાગ્યો—" વૃક્ષો! દેવના લાડીલા! અને મ્હને વ્હાલાં એવાં આદર્શ 'વૃક્ષો' ત્હમે મ્હને હસ્ત હલાવી આમ ત્રોછો પણ મ્હને તો ફરવા-

+ ડાળીયો હાલે તે.

"આજ મઝા પડે છે ! મ્હને હજુ આગળને આગળ જવાદો. જેમ
"જેમ જઉંછું તેમ તેમ કૈંક નવું નત્રુ જોઉંછું. નવું નવું અનુભવુંછું,
"ને નવો બનુંછું ! તમારૂ નવપલ્લવથી સજીત કુદરતી કુટુમ્બ
"મને કોઇ અભિનવ શિક્ષણ આપે છે ! ને તે મૂગું મૂગું-મૂગા હૃદ-
"યનેજ: તરૂઓ ! અહા ! તરૂવરો ! સન્ત હૃદયમાં ત્હમે શુ શું કરી
"રહ્યા છો ? મૂર્ખ મનુ તેથી જ્ઞાત હશે ? સંસારી-સંસારી:—

"ઘડી છોડી દેને ધડમચલ ત્હારા જગતની
જરા જા આજે તો નિરજન મહા જંગલમહીં
તરૂ, પક્ષી માંથી જરૂર મળશે કાંઇ કિમીઆ
જશે અન્ધાપો આ તુજ હૃદયનો ત્યાં વિહરતાં +

"ઋણિ બાપડો સંસારી ! 'મ્હારા ત્હારા'ના વ્યવહારમાં આવાં મૂગાં
"મળતા આત્મ શિક્ષણ મેળવવા ક્યારે ભાગ્યશાળી થવાના ? પાદપો!
"પારમાર્થિક પાઠ તો ખરેજ, તમેજ પઢાવો છો ! એક જંજાળી જીવ,
"જડતાહીન ચેતન અને વાચા બુદ્ધિ આદિથી યુક્ત છતાં જે હિત
"નથી જાળવતા, તે બદ્દકે તેઓનાથી અધિક તમે જાળવોછો ! અને
"આમ જોઇનેજ મ્હને કેટલીક વાર મ્હારા રાજ્યની રૈયત પર અભાવ
"આવતો હશે ? કુંફાળ વૃક્ષો ! હેતાળ વૃક્ષો ! સહૃદય વૃક્ષો ! ત્હમે
"જનહિત જાળવવા શુ કરવામાં બાકી રાખો છો ? તાપથી તપેલાને
"વિસામો આપી ત્હેની ઉકળતી આંતરડી ઠારોછો ! વળી તે ક્ષુધાતુર
"હોય તો ફળથી નીચાં લચી પોતાનો નમ્ર સ્વભાવ દર્શાવતાં
"વૃક્ષો ! ત્હમે ત્હેને ફ્ગ ફૂલ ખાવા બક્ષોછોજ ! અને જેમ ફળથી
"મનુષ્યને, તેમ પર્ણથી પશુવર્ગને: વારૂ, વરૂ વ્યાઘ્રાદિના ભયથી ત્રાસી
"જો કોઇ ત્હમારે શરણે આવે, તો ત્હેને ત્હમે અંકમાં લેતાં ક્યાં

+ સ્વ. કલાપી.

"વિલંબ કરોછો ! અચિત્ તે વખતે તો જનેતાના જેવાં વ્હાલ જણા-
"વોછો ! કિન્તુ આ બધું તો પ્રથમ અને મધ્યમાવસ્થામાં; ત્યારે
"વૃદ્ધાવસ્થામાં પણ તેવાજ તૈયાર હશો ! સકાયવાં વૃક્ષો ! કાચા
"અન્નને પકવવાર્થે ત્હમારો દેહ દહન કરો " ને તે મનુષ્ય ઉપયો-
"ગાર્થેજ ! અને બળી ગયા પછી યે પણ ? બાકીની વિભૂતી (ભસ્મ)
"રહી? તેનાથી કાચના વાસણ કેવા રળિઆમણા કરવામાં ઉપયોગી
"છો ? મનુષ્ય જાત આમ મરતાં સુધી કે મરી ગયા પછી પણ
"પરહિતાર્થ સતત્ મથશે ? નહિ; મરી ગયા પછી સવ (શબ) ની
"રાખતો માટી ભેગીજ મળવાની ? તો તેમનાથી કેટલાં પગલાં તમે
"આગળ વધેલાં છો ! તરુવરો ! ખચીત્ત તમારામાંથી કોઇ ચમત્કા-
"રિક અને જાદુઇ કિમીઆજ મળી શકે છે ! તે માટેજ મ્હને
"આગળ ચાલવા દો હજુ."

કુદરત કને વાતો કરનારા બારે દહાડા લોકડિયાંને મન ઘેલછા વાળા ગણાય છે, ને તેમજ જો કોઇ સૂરસિંહ માટે એવો મત બાંધે તો એ આડકતરી રીતે અવ્યાવહારિક નથી !

સૂરસિંહે વિચારમાં આજ ચાર માઇલથી યે લાંબી વાટ કાપી નાંખી હતી, અને તેથી અંગે શ્વેદ બિન્દુ ફૂટવા લાગ્યાં, તેનું તેજો-મય ભવ્ય લલાટ શ્વેદના મોતી શાં બિન્દુથી અતિ મનોહર દેખાતું હતુ. સૂરસિંહે એ વેળાએ કે ક બેસીને ઘડીવાર વિસામો લેવાનો વિચાર કર્યો, અને કને વાવ હતી, તે તરફ વળ્યો.

"તાપ વેઠયા પછીની શીતળતા દ્વિગુણી સુખકારી છે." સૂર-સિંહ વાવમાં પ્રવેશ કરતાં બડબડયો ને તેનું પણ કારણ હતું; અડગ પગે ચાલ્યાં કરવાથી લાગેલો તાપ, ને તેથી વળેલા પરસેવા પર વાવમાંના જળને ભેટીને વરસતો શીતળ સમીર એને અતિ

ગુંદગાદ લાગતો હતો; સૂરસિંહ વાવમાં પેઠા ખરો, પણ અન્દર ઉતર્યો ન હતો. તે શવ વન્ પહેલી સરયૂએ ઉતરાવ્યો !

વાવમાં પેસતાંજ મનુષ્યનો ગણુસારો (ઇસારો) સાંભળીને, સરયૂને છાયા કરી રહેલા બે મણિધર આવ્યા હતા એ માર્ગે તરત પાછા વળી ગયા ! ને તે સર્વ સૂરસિંહે જોયું, સરયૂપર નાગની છાયાનાં મંગલ સૂચક ચિન્હે સૂરસિંહને સુતેલી સરયૂ તરફ આકર્ષ્યો, અને પોચા પગલે સઆશ્ચર્ય વિચાર કરતો ત્હેની સન્નિધાન ગયો, એક હસ્ત ફ્હેંડે, ને બીજે દાઢીએ દઇને અલ્પ સમય અનિમિષ ત્હેની સ્હામે જોવાંજ કર્યું સરયૂ શુદ્ધિમાં ન હતી, પણ શાન્ત હતી, વદન એવું પ્રફુલ્લ હતું અને ઢળાયલા નયનમાં દયા, તથા ક્ષમાનો ભાવ ભરેલો ભાસતો હતો, અને એની દયા, ક્ષમા તથા શાન્તિનાં કિરણોએ સૂરસિંહના હૃદયમાં પ્રવેશ કરી સ્નેહનું બીજ વિકસાવ્યું.

" કોણ હશે આ ? આખી રાત આમજ વિતાવી હશે ? કોઇ વીર તનયા જેવી જણાય છે, કયાંથી આવતી હશે એ ?" વગેરે વિવિધ શંકાઓ ને સૂરસિંહના મનમાં સ્થાન મળ્યું; થોડી વારે સરયૂના હોઠ ફફડ્યા —

" બિચારી ભૂમિ ! :—

" ત્હારી આંખ અજાણી કુડ દુઃખથી રે'તી સદાએ હસી

" તું ઝાઝા પતિ ભૂપ ને વરી તથા નિત્યે કુમારી રહી;

" તે તુ આજ ઉપાડી કેશ રડતી રે તાત કેરે જવે

" ફાટે હિય રડી રડી પણ કહે છાની ખમા કો હવે ?" ૧

---

૧ કાન્તા.

ભાગ્યા તૂટ્યા શબ્દોએ આવા ભાવાર્થવાળું વાક્ય સૂરસિં-હના ઉઘાડા હૃદયમાં ભરાઇ ગયુ અને તેની સાથેજ તે ચમક્યો, સહજ સ્તબ્ધ થયો અને લવી ગયો—રે ! મ્હારા વિચારને મળતી આ દેવી ! ભૂમિ પ્રિય વીર પુત્રી ! ! ..." પાછો ત્હેના સ્હામું જોઇ રહ્યો; આ વખતે સરયૂનું વદન જાણે કશી યાચના કરતું હોય એવુ લાગતું હતું. વિચારશીલ સૂરસિંહે બધે દૃષ્ટિ ફેરવી પછી એણે વાવમાં ઉત-રવા વિચાર કર્યો—ઉતર્યો, અને કમરે બાધેલ અસિવાળો રૂમાલ પાણીમા પલાળ્યો, અને તે દદડતો રૂમાલ ઉતાવળે દોડતો ઉપર આવી સરયૂને જરાક તે છાંટયો, આખો પર ભીનો રૂમાલ મૂકયો—સાથે ત્હેનું દ્રવતું હૃદય પણ સરયૂના પથરાયલા આત્મામાં પધરાવ્યું જ હતું.

સરયૂએ થોડી વારે પાસૂ બદલ્યુ અને દુખાર્દ્ર રવે બોલી—"ઓ બાપા!"

"ત્હમને શું થાય છે ?" જાણે શુદ્ધિમાજ આવી ગઇ હોય તેમ ધારી સન્નિધાન બેઠેલા સૂરસિંહે મૃદુ ભાવે પૂછ્યુ.

પાસુ ફેરવવાથી મુખ પરનો રૂમાલ નીચે પડી ગયો હતો, તે પાછો ધીમે રહીને ત્હેના પર મૂકવા સૂરસિંહે હાથમાં લીધો અને પુનઃ મૂકતો હતો તે વખતે પાછૂ ગીત સાભળ્યુ—

"ભલા ! કોઇ પન્થ બતાવોને"

સરયૂ પાછી બોલતી બન્ધ થઇ, ગીત પણ અટકયુ, ને એટ-લાજ ધ્વનિને મૃદુ મૃદુ વરસતો અનિલ આકાશમા ઉપાડી ગયો; સાથે સાથે સૂરસિહના આન્તરનેય પણ:

આકાશ તરફ દૃષ્ટિ કરી તે ઉંડા વિચારમાં પડયો હતો. "આજનો દિવસ તો કાઇ અવનવો ! આટલે દૂર મ્હારે આજ "ફરવા આવવુ શું ! વાવમા આવવું શું ? અને આ લીલા શી જોવી !" વિચારનું કેન્દ્ર સ્થાન આ પ્રશ્નોમાજ હતું. ને તેના પ્રબળમાં

તે એટલો તણાયો કે ઝાઝા વિચાર વંટોળિયાંએ જીવ એનો બ્રહ્માં-ડમાં ચઢી ગયો, અને બેઠો હતો ત્યાને ત્યાંજ દીવાલ પર ટેકો દઇ આડો પડી, ઉંચું ભાળી, અદબ વાળી રહી અને મીચેલાં ચક્ષુથી પાષાણુની પ્રતિમા જેવો તે એમને એમ ત્યા સ્થિર થઇ રહ્યો.

પૂહો ફાટયો હતો અને ભગવાન ભાસ્કર દેવના દર્શન થતાં હતાં, ધીમે ધીમે તેમનાં કિરણ પોલાણુમા થઇને વાવમા ઉતરતાં હતાં, તે વખતે સરયૂ કૈંક શુદ્ધિમા આવી (શું ? જળ એ ઉત્તમો-ત્તમ રસ—અમૃત નથી) અને એને લાગ્યું કે મુખ પર કશુંક છે ! હવે એને હાલવા ચાલવામા કોઇની મદદ જોઇએ તેમ નહતું એટલે, હાથ વડે મ્હોઢા પરનો રૂમાલ લઇ લીધો અને બીડાયલાં કમલ જેમ સૂર્યનાં કિરણથી ખૂલે—તેમ તેનાં લોચન ઉઘડયાં ને જોયું તો સ્હામેજ કોઇ પુરૂષ પ્રતિમાવત પડેલો જણાયો !

"સરયૂ હફાળી ઉઠી, અને આજુ બાજૂ જોઇ જરાવાર વિચાર માં પડી વાવમા કોણ લાવ્યું હશે ? એ વીચારનું બીજ રોપાયું, અને તેનું પ્રાધા—" પેલા પુરૂષ—સૂરસિંહ પર ઢળ્યું .એને ઓળ-ખવા સરયૂ ઉત્કંઠિત થઇ, અંતે કૈંક દયાથી, કૈંક સ્નેહથી તથા લાગણીથી તેની નિકટ ગઇ; ગઇ એટલુંજ નહિ પણ વગર સંકોચે તેનો હાથ પકડી—હલાવીને આર્દ્ર હૃદયે જાગૃતિમાં આણુવા લાગી. ત્હેને વળી વિચાર થયોઃ—"કોણ જાણે કેમ મ્હને આજ આ'ને જોઇને સ્નેહ ભાવ સ્ફૂરે છે ! મ્હને એ સ્નેહની પ્રતિમા જેવો કેમ દેખાતો હશે !" વિચાર પૂરો થવાની તૈયારીમાં તો ઉંડા વિચારમાંથી ભંગ થયેલો સૂરસિંહ સ્વસ્થ થતો જણાયો; સરયૂ જરા દૂર ખસી અને પહેરેલી સાડીનો પાલવ મ્હોં આગળ રાખી, સોડીયું વાળી સ્હામીજ બેઠી.

સૂરસિંહ હવે સ્વસ્થ હતો, ને સરયૂ પણ:

સૂરસિંહ ટટાર થયો કંઈક બોલવા કે પૂછવા જતો હતો, પણ મુખની હિમ્મત ચાલીના, મૂગા હૃદયે પહેલ કરી, સરયૂ તે સમજી અને વગર સંકોચે કે વગર શરમે ઝટ લઈને બોલી ગઈ:— "મ્હને અહીં આપ લાવેલા ? કેમ બોલતા નથી ' શા વિચ રમાં છો!"

એકશ્વાસે ઉપરા ઉપરી ઉભગો કાઢી નાખ્યો, સૂરસિંહ જરા શરમાયો, એટલુંજ નહિ પણ બોલનારના હૃદયને ધન્યવાદ આપવા લાગ્યો તે બોલ્યો:—"તહમને અહીં લાવનાર હું નથી; બાળા—પવિત્રબાળા! ધ્રૂજે છે કેમ ? બોલ! શું કહેવું છે! નીડર રહે, તું પવિત્ર છે, ને પવિત્રજ રહેશે"

"હું ધ્રૂજતી નથી—હૃદય ધ્રૂજે છે." આપ કોણ હશો ?"

"પાસેના સુરગામનો ઠાકોર; ફરવા નીકળ્યો હતો, અને અહીં વિસામો લેવા આવતા બાળા! બેભાન અવસ્થા જોઈ તમને ધર્મ ભગિની ગણી, સ્પર્શી યોગ્ય ઉપચાર કરતો હતો."

"ધર્મ ભગિની કે ભાગીની!" હું પાગલ છું મને ક્ષમા બક્ષશો રાજન!

"ધર્મ ભગિની કે ધર્મ ભાગીની" શબ્દની પછીજ ઉભય વચ્ચે તાર મૈત્રિક થઈ રહ્યું હતું અને તે મોહમય કે કામાતુરી નહીં, પણ કેવળ સ્નેહનુંજ હતું *

---

* સાધારણ રીતે વાંચતા વાચનારને, અત્રેથી શરૂ થતા સ્નેહના પ્રકરણમા સ્વાભાવિક શંકા થશે કે વગર પરિચયે, ને વગર સંબંધે એકદમ પ્રેમ—ગાઢ પ્રેમ બન્ધાય એ શું ? અને એવી શંકાથી એ વિશુધ્ધ સ્નેહને કદાચિત્ મોહના સ્થાનમા ઘટાવી દે! અને તેની દેશાતથી સ્પષ્ટીકરણ કરવું ઉચિત છે કે:—સ્નેહના સ્વરૂપની સાખી કરનાર લખે છે કે આ પ્રસં-

શૂરસેન; એકાએક છૂટથી થતી વાતચીતનો પ્રસંગ મ્હને પણ કૈંક આંજી નાખે છે; સ્નેહનો સંકૂચિત માર્ગ આજ મોકળો મૂકાયલો જોઇ, બાળા !—નામ ?

"સરયૂ"

"સરયૂ ! એ મોકળો માર્ગ મને ખુબ ખેંચે છે. ને એકદમ નથી કળી શકતો કે હું કયે માર્ગે વળું છું, ધર્મ ભગિનીની કલ્પના, એ ફરજને અંગે મન મારીનેજ; જીતીને નહિ, જીતનાં પૂર્વેજ ધર્મભાગિની બને તો ?' આવો ક્ષણવાર વિદ્યુતના ચમકારની પેઠે ચમકારો થઇ ગયેલો ! પણ ત્હેના પર મેં દુર્લક્ષ રાખ્યું હતું. નિષ્પ્રયોજન આવી લાગણી કેમ જન્મ પામી તે તો સરયૂ ! ત્હમે ત્હમારી લાગણીથી સમજાવો ત્યારે; હું મ્હારી મેળે સમજી શકતો નથી.

રના સ્નેહમા વિકારનો અંશ પણ હોતો નથી, અને તેથી ઇશ્વર નિયમા ધિન કહેવાય છે; અંગ્રેજ કવિ આ સ્નેહને Love at first sight. કહે છે; ને તેજ અધિક સ્થિરતા પામે છે, દૃષ્ટાંત તરીકે આપણે એકાદ બે અવતરણ લઈ વિષયને વધારે મજબૂત બનાવીએ તો, જૂઓ કાદમ્બરી પૃષ્ઠ ૨૩૧ ચન્દ્રાપીડને જોતા કાદમ્બરીની સ્થિતિઃ તથા તેજ પ્રમાણે સ્વ૦ સ્નેહી કવિ કલાપી કહે છે કે.—

" ન લાગે કૈં વેળા, પ્રણયી પ્રણયીથી મળી જતાં,
" રહેના કૈં બીવિ, રતિરસ તણું ઐક્ય બનતાં;
વળી—" ભલે પ્રીતિ પૂહેલા, પરિચય કદિ લેશ નવ હો,
" ભલે પૂહેલી દૃષ્ટિ, પ્રણય કરવાનો સમય હો,

અને એજ પ્રમાણે એક અંગ્રેજ કવિને સરખાવો.—

" Suddenly across the gaze of Porceivel St. John there fleshed a face that woke him

" જાણુવા છતાં ન સમજાય, અને અકસ્માત—ચમત્કારીક રીતે ચમત્કૃતિ ઉપજે એ લક્ષણુ કોવિદો સ્નેહનું કહે છે કે જે પ્રથિ બન્ધાવાની ખબર પડતી નથી–મારા પિતાશ્રી આમજ ક્હેતા હતા. "

" અને હવે તો ત્યારે હું એક તરફ ધર્મ, અને બીજી તરફ પ્રેમ એ ઉભય વચ્ચે હિન્દોળો બની રહ્યો છું.–

(" પ્રેમ ને ધર્મ વચ્ચે હિન્દોળો હું બની રહયો. ")

' અને એ હિન્દોળામા–પ્રેમ, અને ધર્મ વચ્ચે રાખી–હિન્દોળામા આ સરજૂને પધરાવવામા સંકોચ શા માટે ? મ્હારે મ્હોડેજ ક્હેવરાવવા ચ્હાતા હો–ને તેથી તમને અધિક આનન્દ મલે તેમ હોય તો ક્યો હુજ કહેવા માંડુ કે–કર્મનો ભોગ આપો, તો પછી પ્રેમ, અને ધર્મ એ બે ભિન્ન છે ? પરસ્પર એકમેક નથી ?

---

from his abstraction, as a light awakes the sleeper, * * It was not the mere beauty of that face (and beautiful it was that arrested his eye and made his heart beat more quickly.) it was rather that nameless and inexplicable sympathy which constitutes love at first sight, a sort of impulse and instinct fancy * * *

Whatever of love sinks the deepest is felt at first sight, it streams on us abrupt from the cloud, a lightening flash a destin revealed to us face to face.

Sir E. B. Lytion's Lucretia.

Vol I. P. 330

" પ્રેમને ધર્મ જૂદા ના ફરજ એમ પ્રેમ છે. " ઉભય વચ્ચે પુનઃ તારામૈત્રિક થઇ રહ્યું, અને નયનનો દોર આત્મામાં ઉતર્યો, ત્હેના પ્રાબલ્યે બન્નેને બોલવાની શક્તિ સ્ફુરી.

" કોણ જાણે આજ ઘણા દહાડાની ભૂખીને તરશી છતાં કેમ આટલી બધી શાન્ત, સુખી ને સ્વસ્થ થઇ હઇશ વારૂં ? રાજન ! કંઇ કહોને ? "

" કહેવામાં "કૈંક" હતું તે કહેવાઈ ગયું છે, બાકી હશે તે હૃદયે હૃદય સમજી લેશે આપણે હવે એ વાત ઘડી વાર ભૂલી જઇએ "

" ભૂલી જઇએ ! ભૂલવી ભૂલાય ખરી ? "

" ન ભૂલાય માટેજ "ભૂલી જઇએ"એમ કહીને શબ્દથી બળાત્કાર ભાવ સૂચવું છું–સરયૂ ! શબ્દોની મારામારી મૂકી મ્હને કહેશો !—

" ભાવ, હેતુ, ને રહસ્ય શબ્દોમાંજ નથી શું ? " જૂઓ ત્હમારો "કહેશો," શબ્દ મ્હને પાછો કેવો ભડકાવે છે ! "

સૂરસિંહ જરા હસ્યો. સરયૂએ કટાક્ષ કર્યું–ખેંચી લીધું સૂર૦ બોલ્યો.

" ત્હમારો ઇતિહાસ "

" કહીશ, વ્હાલા ! સંક્ષિપ્તમાં કહીશ, પણ સ્પષ્ટ કહીશ, ત્હમે ન પૂછ્યું હત તોયે કહેવાની હતી. કેમકે હૃદય હવે મ્હારૂં નથી. મ્હને જીવતદાન આપનારનું–તમારૂં છે—"

બોલતા બોલતા સરયૂનો કંઠ ભરાઇ ગયો–" હું દુઃખી છું મ્હારા દિલના દેવ ! હું દુઃખી છું–વખાની મારી અબળા."

(૧૧)
એજ બાલૂ

" સવળું તે અવળું પળમાં બને
" જગતમાં વિધિની ગતિ છે જુદી
" દુખ પછી દુખને દુખ આવશે
" શીરી શકાય શુ આભ ગયુ ફૂટી ? " ૧

ખરૂં કહે છે દેવા ! પણ હવે અકળાવું એ કર્તવ્ય ત્હારું નથી પ્રતિકૂળતાનો પ્રલય કરનારી દૈવી શક્તિ—જાણુ કે ત્હારી સાથે છે. કહે મને ! શુ દુખ છે ? ત્હારી બેભાન સ્થિતિ, અને એ સ્થિતિનાં લવી જવાયલું કરૂણ વાક્ય વિજળીની પેઠે મ્હારા અન્તઃકરણમાં ઉતરી ગયેલુ, ત્યારથીજ ત્હને દુખી રીતે કલ્પતો હતો પણ હજુ એનું મૂળ મળ્યું નથી."

" શું કહું ! નાથ ! કહેતાં તો પાછો તાદો અનળ ફૂંકીને પ્રોજ્વળ કરવા જેવું બને છે ! હા...દેવ !—હું પીડાઉં છું—આંખે અન્ધારાં આવે છે.

" ચાલે ભ્માડાં ભ્રમણ શિરમાં ચક્ર આવેજ આંખે
" રૈંસાયે છે ધસી ધસી રહ્યું કાળજું કાં ન ફાટે ?
" અંગે અંગો જડ થઇ જતાં છેક છૂ શક્તિ હિન,
" ત્હોયે મ્હારા દુઃખ રસિક આ પાપી ના જાય પ્રાણુ ! ×

છાતી પડતી સરૂને પ્રાણે—સૂરસિંહે આડો હસ્ત પાથરી બચાવી લીધી, પરસેવાથી ભીજાયલા ત્હેના લલાટપર હાથ ફેરવ્યો, અને જે રૂમાલ મૂકતા ધર્મભગિનીના ભાવ હતા, તેજ રૂમાલ અત્યારે

૧: × મન્દા

ધર્મ ભાગીનીના ભાવે દુઃખી સરયૂનાં અશ્રુ લુસવા ઉપયોગમાં લીધો.

હૃદયના વ્હાલાના વ્હાલ ભર્યાં કરના હાથે સરયૂનો દુમો સમ.યો. તે પાછી સ્વસ્થ થઇ અને સ્હામે બેશી વાતોમાં ગુંથાઇ.

" પેલીના બેશુદ્ધિમાંના બબડાટમાં શું સાંભળેલું ? "

" સ્વભૂમિ પ્રત્યે હૃદયની ઉંડી લાગણી; ખરૂં છે કે સાધુ હૃદય ગમે તે સ્થિતિમાં હોય તો પણ તે પોતાનું કેન્દ્રસ્થ ન વિસ્મૃત થાય નહિ; દેવી! ત્હમને પણ હું તેવાજ માનું છું–ને ત્હમને એ મણિધર છત્ર કરી રહ્યા હતા. "

સરયૂએ આ સમ્પૂર્ણ સાંભળ્યું, સાંભળીને જાણે હિમ્મત આવી હોય તેવી થઈ અગાડી કહેવા લાગીઃ-

" ભીમમલને આપ ઓળખતા હશો. "

સૂરસિંહે કરડાકીમાં કહ્યું—"હા"

સરયૂ તે સમજી શકી-ત્હેણે પ્રશ્ન કર્યો-

" કેમ એમ ? "

" મ્હને લાગે છે , ત્હમે તેમનાં સગાં હશો ;

" હા -"

" ને તેમ ધારીનેજ હવે ભય રહે છે કે..." •

" અધીરી ના બનાવશો—ઓહો પ્રાણ ! ! કહી દો શું ?"

" એના વિરૂદ્ધ વાત કહેતાં પાછી અત્ર શા કાઓ સ્થાન લેઉં"

" શા માટે;હું પણ એમની વિરૂદ્ધ છું ; વ્હાલા ? મ્હારા એ સગા નથી, પણ પિતાના સબંધી હતા, દુષ્ટે કપટથી પિતાનો અન્ત આણ્યો ;—— "

" અને તમે એજ સરયૂ ! ! આતે સાચું કે સપનું !

" સ્વપ્ન નહિ સાચું; મને હજી ત્હમેં શું જાણો છો ?

" ન્યાયીનાં પગરખાં વાંસે વસવું, ઉત્તમ છે, પણ અન્‌સ્વર્ગીય વૈભવો વચ્ચે વસવું વિષ્ટાથી પણ વિકળ છે ! એ દુષ્ટ ભૂપતિના દગાની વાત સર્વત્ર ફેલાઇ ગઇ છે, મ્હારે કાને જ્યારથી અન્યાયથી કેર વરતાવાની બાતમી આવેલી, ત્યારથી હું ઘડીઓ પણ સત્યનિષ્ટ ઠાકોર સત્યાગ્રહનું ખડ ઉઠાવવા ક્યારનો તલપી રહ્યો છું–મ્હારો પ્રશ્નજ એ છે કે એણે બળાત્કારે કોઇની દીકરી લેવાનો કાયદો ક્યારનો દાખલ કરેલો છે ? અને વગર વાંકે કોઇને કારાગ્રહમાં નાખવાનો કે દંડવાનો:"

" વારી જાઉં છું વ્હાલા ! ત્હને"

" મ્હને કહી નાખવાદે; મ્હારો આ જુસ્સો ઘાઝાના દબાવવા છતાં શાન્ત થયો નહિ, અને—

" આત્મશ્રદ્ધાજ એ છે. "

હા; મને મરણનો ડર નથી, રાજ્યની પરવા નથી, વૈભવનો "શોખ નથી–જો સત્ય તત્વથી વિમુખ થવાના બચાય તો. ને તેથીજ, "મ્હારો આ અડગ નિશ્ચય જોઈ આજુબાજૂના રજવાડાઓએ મ્હને "ઘણી ના હિમ્મત બનાવવા જેવી છાપો મારી, પરન્તુ તમામને મ્હારી "એકજ નોટીસ હતી કે સત્યાગ્રહથી લઢનારને બહારનાં કારગ્રો બિલ- "કુલ ખલેલ પહોંચાડી શકશે નહિ–શકતાં નથા, દુનિયા મ્હારા રાજ્યનો "પરાજ્ય થયેલો ગણશે–તે મને પદભ્રષ્ટ કરશે, તો તે તો કશુ વિસાત "વગરનુંજ મારા મનથી છે, હું જોઈશ કે તે આવી લઢાઇમા કેટલા " પર કેર વર્તાવે છે ? ને કેર વર્તાવા છતા કોણ ક્ષત્રી જાયાને " ઝનૂન પ્રકટયા સિવાય રહે છે ? મારૂં હૃદય મ્હને એમજ હિમ્મત " આપે છે કે મ્હારા આરભ પછી મધ્યમાં કવચિત્ હું અસ્વસ્થ " મતિયે પહોચીશ, પણ તે પછી કોઇ અણુધારી અને અજીત મદદ

" મળી આવશે. તદ ઉપરાંત મ્હારૂં એક અન્ય સૂત્ર પણ એ છે કે
" આ લડાઇમાં જે પોતે હાર્યો નથી, તે બીજાની હારથી હારેલો
" નથી-હાર્યો ગણાતો નથી. સત્યનો આગ્રહ એ આત્મબળનું
" કાર્ય છે ને તેના આગળ શરીર બળના ઓછા વધારેના પ્રમાણનો
" કશો ખ્યાલ પણ થતો નથી–આત્મબળ આગળ શરીર ધૂળ ફાકે
" છે। 'એકજવાર મરવું છે' એમ ખચીત્ત કરી એટલા વીરપુત્ર
" મોહક માયામાં લલચાયા નથી તો લલચાશે પણ કેમ?"

" આજ મને સોનાનો સૂરજ ઉગ્યો દિસે છે દેવ! અક્ષરશઃ
" આપના આત્મ પ્રભાવને છાજતુ જ આપ ધારી રહ્યા છો.
" સત્યનું શુદ્ધ સ્વરૂપ જે ઓળખી રહ્યા છો, એજ એની લડાઈમાં
" ઉતરી શકે ને તે કોઇની બલાત્કારથી નહિ, કે નહિ ફરજથી."

" હં હં; ફરજથી થતાં કામ તો દૈવી! શુષ્ક, ક્ષણિક મઝાનાં
" ને અધૂરા; એમાં વિજયી થવાય તો પણ શું! ખરા કર્તવ્ય તો જેને
" ફરજનો ખ્યાલ સરખો યે ન હોય, ને કેવળ ઉત્સાહથી ને પ્રેમથી
" આદરે છે એજ; ને એમાંજ ઉંડી મીઠાશ ને ઉચ્ચ વિજયની
" પ્રાપ્તિ છે."

" મ્હને પણ હવેજ વિજયની આશા બન્ધાય છે, નાથ!
જાણો છો? અન્ત વખતે પિતાએ મને પ્રતિજ્ઞા કરી છે કે એ ભીમ-
મલને મ્હારી આ અસિથીજ મ્હારે મારવો."

" ને તે ઋણથી તું છૂટશે."

" ત્હમારો કેટલો ઉપકાર! કેટલી પ્રીત! પ્રાણ!"

" નીમિતભૂત કારણોને ગૌણ રાખી પ્રાધાન્ય પ્રભુને બક્ષવું
" ઘટે છે."

" વાહ; આપની આ લડાઇમાં કોઇ સામેલ છે કે!"

"શ્રીમન્નાજ માણસો–બાહાદુર નામથી પંકાયલા પેલા બે "સગ્દારો."

"હે ! એ મને વાટમાં મળ્યા હતા પણ તે ફુલ્યા તો."...

"તુને મળ્યા પછી તેઓની મતિ ફરી ગઇ છે, યોગ મઠના જતી તૈયારીમા તેઓ ભાગ લેછે. મને બાતમી મળેલી, ને તે ચોક્કસ હતી."

"યોગમઠ–ગોગાનંદનો ?" હું આ શું સાંભળું છું ! સ્વામી ! ખરેજ, આજ સ્વર્ગના ડોલ્યું ! તાપમાં ક ’મક તપી. પણ હવે તાઢ વળેછે"

"તાપ તપે ત્યારે વરસાદની આશા રખાય છે વ્હાલી !

---

(૧૨)

"આશા"

"કંઇ લાખો નિરાશામાં
અમર આશા છૂપાઇ છે."+

સ્નેહી યુગ્મ અત્યારે વાવમાં નથી, સૂરગ્રામમાં છે. અને સુખી છે. ક્ષુધા, તૃષા ને નિદ્રા, તાપ, વાયુ અને વિવિધ વ્યાધિઓથી સરયૂ હવે મુક્ત છે, અને એનો ચ્હેરો પૂર્વવત્ આનન્દી છે ભવ્ય લલાટ તેજસ્વી છે તથા સર્વાંગે સૌન્દર્યનું ઓજસ રમતું દિસેછે.

અહીંની ઉજળી નહિ પણ જાડી વસ્તી આગળ સરયૂ જાણી પડી જતી, બધા, એને દેવનો અવતાર માનતા, રાણા સૂરસિંહને ઘેર દેવી પરોણા તરીકે પધારેલા સમજતા.

ભલા ને ભોળા ભાયાનો બીચોની આવી માન્યતાથી મોહ પામી વારી સરયૂ મનમાં ગર્વ લાવતી ના, પણ એઓના પર પુષ્કળ

---

* પ્રૉ૦ મણિલાલ

સ્નેહ વરસાવતી; સુરગ્રામનું ઉપનામ પાર્વતિય પ્રદેશ હતું, સરજૂને એની રચના અવલોકવાની અપેક્ષા થઈ, અને રાજાજીએ એક પટા-વાળા કામઠી (ભીલ) ને કને રાખી ગામ બહાર તે ફરવા નીકળી.

ગામ તે ગામજ હતું, નગર કે શહેર નહતું, જો કંઈ પણ ઉજાળામણુ જોવામાં આવતી તો તે કુદરતી રચનાની, મનુષ્ય દ્વારા ચિતરા-લાં ચિત્રો તો કોઈ ગણ્યાગાંઠયાં.

ગ્રામ અને ગ્રામ્ય સંરક્ષણાર્થ અતિ ઉંડા નહિ ઉતરેલા એવા ભીલ શું નમૂનાદાર સારૂં સારૂં કરી પણ શકે ? એઓનું કામ તો પ્રભુએજ ઉપાડી લીધેલું; અર્થાત્ ગામની ચારે બાજૂ કીલાની ગરજ સારે એવા પર્વતો તેણે પાડી રાખ્યા હતા, ને પાણીના નળને સ્થાને તેમાંથી જ અખંડ નિર્મળ ઝરણાં વહેવરાવી મૂક્યાં હતાં, દવાદારૂને માટે ખીલી રહેલી લીલી-વિવિધ વનસ્પતિ રઢ લાગે એમ પથરાયલી રહેતી, અને સંગીત માટે વાદિત્રોને સ્થાને કીર કલાપી કે કોકિલા જેવા તેનાં વહાલાં પારેવડાંને પ્રસંગોપાત ત્યાં રમવા-ગાવાને ખેલવા મોકલતો. સુખી અને નિર્દોષ પ્રજા એ બધું યથામતિ અનુભવતિ અને મગ્ન રહેતી.

આ લોકનાં હૃદય વિષય શબ્દથી પણ દૂર રહેતાં.

કોઈ સ્ત્રીને અને વિશેષે કરીને જે સ્ત્રીના જેમ વધુ સૌન્દર્યને ભાળે, તેમ તેમની દૃષ્ટિમાં પોતાની ન્હાની લાડકી ભગિની જેવો નિર્મળ સ્નેહ ઉભરાઈ જતો; હૃદય એમનાં ભક્તિ, દયા, સ્નેહ અને વિવેકથી ભરેલાં રહેતાં-અખંડ ભરેલાં: પરોણાગતમાં પ્રવીણતા તો એમનીજ: એમની આંખમાંથી તિરસ્કાર ક્રોધ કે ઈર્ષ્યા ને બદલે કેવળ અમિજ ઝરતી, એમનો માયાળુ સ્વભાવ, હેતભરી રીતભાત, લાગણીવાળાં વચન, કાલીઘેલી આગતા સ્વાગતા, એ સહુ મન [illegible] પ્રાપ્ત હતું અને

અનુકરણીયે પણ એમની દેવ પરની આસ્થા, ધર્મ પ્રત્યે પૂજ્ય ભાવ અને એકમેક ભ્રાતૃભાવ એ ગુણુતો જન્મથીજ ઉતરી આવેલા કહેવાતા; ખામી માત્ર એટલી કહીશુ કે એઓનાં આવાં સ્નેહાલ, રસિક અને માર્દવ ભર્યા હૃદયોને ઉચ્ચ શિક્ષણ પામ્યા ન હતાં—નહિતો કશી મણા પણ ન રહત ! ત્યારે એટલી ખામીને લીધેજ સરયૂને બધા જગદંબાનો અવતાર માનતા ! ને કંઇ અનહદ સેવા કરતા :

સેવા એટલે પૂજન અર્ચન ને માળા જપવી તે નહિ; ભીલ ભાયાતો સદા ત્હેની સહે ટોળું વળીને બેસતા, કાલુંઘેલું બોલી સરયૂનો ઉપદેશ સાભળવાની આજીજી દર્શાવતા, કદિ કદિ ફળફુલ લાવે તે તેને આરોગવા આપતા, ને કદિ કદિ એઓનાં જાડાં વાદિંત્રોના બેસૂરી તાલ બજાવતાં કઢંગી પણ સ્નેહ રંગી ધમાલ મચાવતા—મચાવી તૃપ્ત થતા ·

સમયે સરયૂ એમને સ્વરાજ સંબંધી સદ્ઉપદેશ સંભળાવતી, સત્યાગ્રહ શિખવતી અને પાત્રની યોગ્યતા પ્રમાણે તૈયાર પણ બનાવતી.

આમ છતાં યે સરયૂનું અન્તર તો દાઝતુંજ રહેલું, કેમકે માથે પિતૃપ્રતિજ્ઞાનો બોજો હતો, સ્વભૂમિથી વિમુખ હતી અને ગંગા મૈયાનો વિયોગ હતો.

સૂરસિંહ તેને શાન્તવન દેતો, સ્વામીના આશા ભર્યા સ્વર્ગીય સન્દેશને આદેશથી વીરી શાન્ત થતી અને પેટા ભાગમા અત્રેની પ્રજા વચ્ચે પ્રમુખ રૂપ હોઇ અસરકારક—હૃદયભેદક અને શૂર ઉત્પન્ન કરે એવું વીરત્વ શક્તિમય ભાષણ આપતી; આ ભાષણે લોકોના હૃદયમા કોઈ નવો રસ રેડાયો, સરયૂના મનમાં સુભાશાનો જન્મ પામ્યો અને પરિણામની રાહ જોવાઇ.

દિવસ કેટલાક વહી ગયા છે, સરયૂ જગદંબા રૂપ ધીરે ધીરે

ખ્યાતિમ આવે છે પૃથા પૃથ્વિમાં પ્રસરાવા લાગી, અને ગામેગામથી લ્હેનો સદ્ઉપદેશ સાભળવા, તો કોઈ લ્હેને જોવા અને કોઇ, કોઇ આશાએ સૂરગ્રામમાં આવવા લાગ્યા—સૂરસિંહે તે બદલ છૂટ રાખી હતી. અને એ છૂટ સત્યનિષ્ઠ હૃદયીઓને આગળ અન્તરાય ભૂત નીવડવાની :

---

(૧૩)

" ભીખારણ "

એક દિશામાં જગદબાને નામે સરયૂની ખ્યાતી, તો બીજી દિશામાં એવીજ એક ભીખારણ પંકાતી ! વિકસિત હૃદયના ગભિર ભાવોમાં પરસ્પર સ્પર્ધામા ઉતરી શકે—અલબત ! તફાવત માત્ર એટલો કે એક દેવી રૂપ, ને બીજી ભીખારણ.

તો વાચનાર કળી જશે કે આ ભીખારણ આપણા દેશમાં ગવાતા બાવન લાખ સાધુઓમાંની નહિજ અને તે કોઇ જૂદીજ હતી. એની ભિક્ષા પણ ભિન્ન, એની બોલચાલમાં પણ બે રીતિ, અને એની કૃતિ પણ પૃથક.

ઘણા આગળ તે ઘેલામાં લેખાવાનો ડોળ કરતી, અને કોઇ ના આગળ દેવી શો દમામ દર્શાવતી, કંઠ એનો કોકિલ શો હતો, ને તેથી એ ખૂબ ગીતો ગાતી, પણ તે સ્થળ, સમય અને પાત્ર જોઇને સીમામાજ.

ગરીબડીનું ગાણું સાંભળવા લોકો બહુ લલચાતા. કાલાવાલા કરીને કે ખાવાનું આપવાની લાલચો બતાવી ગીત ગવરાવવા તેની પાછળ પડયા રહેતા, ભિખારણ તે ગણુગારતી ના. અગર જો કે તેથી તેને ગર્વ હતો એમ માનવાનું નથી.

માન, વિત્ત કે કશાની ભિખારણુ સ્પૃહા નહતી રાખતી. ને ગાણું એનું અતિ આકર્ષક હતું, તેથી ઘણા જણુ શંકા આણુતા કે આ'વા મીઠા સુરવાળી મધુરાં સંગીત શીખેલી સ્ત્રી ઘેર બેઠા પણું કમાઇ શકે જ્યાં ભિખારણુ માફક કેમ ફરતી હશે ? કોઇ કોઇ તો પૂછતું'યે ખરૂં—ભિખારણુ ત્હેને રોકડો જવાબ આપતી કે ઘેર બેઠાં હું કમાઉં તે ખરૂં, પણુ મ્હારાં ગીતની પૂરી કિમ્મત તો મળે જ ના, ને તેથી અપૂરી કિમ્મતે કિમ્મતી ચીજ આપવી એ મારા મનથી હલકું માનુ છું જેને મ્હારાં ગીતની કદર છે તે મ્હને જાણુતા હશે. " વગેરે માર્મિક શબ્દો મૂઢ લોક સમજી શકતા નહિ, કોઇકને વિચાર થતા પણુ ખરો.

ગામે ગામ ફરતાં ફરતાં તે ઘણી ખ્યાતિમાં આવી ગઇ હતી, અને પ્રત્યેક ગામમાં તે ત્રણુ દિવસથી ઝાઝું રહેતી ના, ભીખારણુ પ્રતિ સર્વનો ભાવ નિર્મળ થઇ જતો એવું એનામાં કંઇક જાદુઇ તત્વ હતું. લોકો ત્હેને મ્હોં માગ્યું આપ્યા જતા એટલુંજ નહિ પણુ અતિશય આપતા, ને પોતાને ખાવા ઉપરાંત વધે તે સઘળું અનાથ અપંગ કે લૂલાં લંગડાંને ખવરાવી દેતી, ને આથી લોકોનું ખેંચાણુ એના તરફ ભાર ભર્યું રહેતું.

ભીખારણુનું ગાણું પણુ ગભિર હતું; અને તેથી ત્રિગુણાત્મક શક્તિ અનુસાર લોકોને ભિન્ન ભિન્ન મત બાંધવાનું મળી આવતું એના ગીતનો એની રીતનો ને એના સમ્બન્ધનો ભાવાર્થ કળી જનાર કોઇજ નહતું—એમ નહિ, એક ઘર એવું નીકળ્યું હતું.

ભીખારણુ ચન્દ્રેલરાજમાં એટલે સૂરઆમની લગભગ હદમાં છે અને ચન્દ્રેલરાજમાંજ એના હૃદયને ઝીલનાર પાત્ર તરી આવ્યું, અને તેણે ધૈર્ય, હિમ્મત તથા નિખાલસ મન પૂર્વક ભિખારણુને પોતાની

પાસે તેડાવીને પૂછ્યું:—"મ્હને પણ ત્હમારી કોટિનો માની બેશો!"

ભીખારણે સ્વલ્પકાળ ત્હેના સામું જોઇ રહી અને વિચારની અન્તે જવાબ વાળ્યો:

" મારી કોટિના માનવાનું કાર્ય મ્હારૂં નથી "

" તો ? "

" કરવાનૂં છે. "

" શિષ્ય તૈયાર થાય ત્યારે ગુરૂ દર્શન દે છે જ ને ? "

" શકય છે. "

હૂં તૈયાર લાગું છૂં ? "

" ડર મ્હને દેવ સિવાય કોઇનો નથી, હવે તમે અને હું સ્પષ્ટતાથી વાતો કરીએ; બોલો શું છે તમારે ? "

" અસત્યાચરણી ભિરમલની જડ, મૂળથીજ ઉખેડી નાખેલી જોવા હું ક્યારનો આતુર છૂ.

" મને વિશ્વાસ બેઠેલો છે-બોલતાં ખમચાશોના. "

" તો પહેલાં સરયૂને મળવું; પછી યોગાનંદને. "

" સરયૂ ક્યાં હોવી જોઇએ ?"

" તે ખબર નથી, પણ પાસેના સૂરગ્રામમાં કોઇ જગદંબા જેવી દેવી કેંકથી આવી છે ને તેની કથાવાર્તામાં લોક તલ્લીન બની જાય છે. દેશપરદેશથી લોકો અખંડ આવજા કરે છે, ને તેથી મને અનુમાન થાય છે કે કદાચ એજ સરયૂ હોય. "

' તો !"

" આપણે સત્વર કૂચ કરવી જોઇએ, અને પાછળ પડેલા ભીરમલ ઉપરાંત આ રાજ્યના શત્રુથી એનો બચાવ કરી આપણી ધારણા પાર પાડવી. "

"આ રાજ્યને શું ?"

માણુસે સરયૂ સંબંધી બનેલી પૂર્વ હકીકત પ્રતિપાદન કરી.

"પણ મ્હને તો ત્હમે કોઇ મેલા મનના હવે જણાવ છો."

"જણાતો હોઉં તો બાઈ સાહેબ ! આપની દ્રષ્ટિમાં અખંડ રહેતા તમંચાથી મ્હારો પ્રાણ લ્યો, કાતો જ્યારે જણાઉં ત્યારે સેજે સિર આપના અંકમા મૂકું છૂ"

"એમ નહિ; પણ સ્વાભાવિક જ ખ્યાલ થાય છે કે ત્હમે ત્હમારા રાજાની રૈયત છતાં નિમકહરામ-કાયદા પ્રમાણે બની ફરજ ભ્રષ્ટ થતા નથી ! ને ભય રહે છે કે તેમજ અમારા માટે કવચિત્ બને."

"હું રાજાજ્ઞા લોપનાર કુબાન્ડિક નથી, કે નથી લૂણહરામી હોઇ દુનિયામા ખોટું દ્રષ્ટાંત બેસાડું એવો, મ્હને ઓળખો-બરાબર મ્હારી ચિકિત્સા કરો, ને પછી કહો કે હું કોના રાજ્યની પ્રજા ને કોનો તાબેદાર છૂ સેવક આતો પૂરપાલશ્રી જયમલ્લસિંહનો ! સરયૂ બાને કારાગૃહમાં ફાનસ લઇને દોરનારો !!"

ગંગાએ એને ઓળખ્યો, અને છૂપા કાવતરાની બાતમી મેળવવા પ્રસ્તુત નગરમાં થોડાક દહાડાથી તે રહ્યો હતો તે વગેરે ની પરસ્પર વાતચીત થઇ ગઇ, તેમ સરયૂ પર શક પડયાના સમાચાર ભીરૂમલને અને અત્રેના મમતીલા ચન્દેલરાજને મળ્યા છે. અને મળતાં ત્હેને સપડાવવાના યત્નો યોજે છે એ સઘળુ તે જાણતો હતો તેટલું નિવેદન કર્યું; અને બન્ને જણ અણીનો સમો જાણી ત્યાંથી સૂરગામ તરફ પૃથક્ રૂપે વળ્યાં.

(૧૪)

' ફરજ '

ફરજ ચઢયું ફરજે છૂટે ગરજી ગોથાં ખાય;
ધર્મ, દયા ને લાગણી ફરજમાંજ સમાય.

સરયૂઃ—

" મુખડું ક્યા દેખું દરપનમેં,
" મુખડું ક્યા દેખું દરપનમેં;
" અબતો દર્પન હયે મુજ મનમેં—મુખડા.
" અબતો નહિ રહેના ભવ રનમે—મુખડા.
" અબતો જાના સુર સદનમેં—મુખડા. "

યુદ્ધમાં ઉતરવાના શણગાર સજીને છેલ્લું છેલ્લું દર્પણમાં વદન વિલોકતી સરયૂ ઉપરનું ગીત હોંશ ભેર ગાતી હતી—પાછી તે વસ્ખત બોલી.—" સરયૂ ! તું રૂપાળી દેખાય છે, એટલે બીજા " આભૂષણની અગત્ય નથી, આભૂષણ વળી રૂપને ઢાંકી દે; માટે હવે " તો એટલુંજ-પિતાની પાસે રૂપાળા વેશેજ જવાનું; જા " બ્હેન જા; વેળાસરૂ કેસરીઆં કર. આજ તો ત્હારે સ્વર્ગમાં " જવાનુ છે, આજ અત્યારે તું અહીં છે. કાલે સ્વર્ગમાં હશે. " સરયૂને ઝરઝરીયાં આવી ગયાં, તે પિતા પ્રત્યેના સ્નેહના ? કે શોકનાં ? કે વીરત્વ અગનાં ! તે વાંચનારને સોંપું.

સૃષ્ટિના જીવનરૂપ સૂર્ય નારાયણના અસ્ત પછી રાત પડી ગઈ હતી તે જાણે શ્યામતાને લીધે સરયૂને શોક સૂચક ચિહ્નવત લાગતી, ચન્દ્ર જાણે પોતે એકલી શુ કરી શકવાની છે ? એમ ધારી મશ્કરીમાં ડાકીયું કરી રહ્યો હોય—સરયૂને એવો ભાસ થતો ! આ-

હસ્ય અને અણુધારી ભેટતી પવનની લહરીઓ સરયૂના શરીરમાં તણખા નાખતી ! વળી તે શું જોતી હતી ! હળી મળીને વસેલાં વૃક્ષોમાંના પર્ણને નારની પેઠે એમનામાં પવન પ્રવેશી (હાલનાં પાંદડાં) જાણે પરસ્પર લઢાવતો હોય ! તેવી કલ્પના થતી ! વૃક્ષો પરનાં પક્વ ફળ તે નીરાંતે ઝૂલી રહ્યાં હતાં તેને છપ્પાંથી ડોક મરડી નીચે પવન પાડતો હોય એમ ધારી સરયૂ ત્હેનાપર રોષે ભરાતી. અને આમ સરયૂની આજની સ્થિતિ કાંઇ વિચિત્ર પ્રકારની હતી. વળી તે બોલીઃ—" હવે વિલંબ શા માટે ? રાહ કોની જોવાની ? હુંજ પોતે તે દુષ્ટોના સ્હામી જાઉં—ને મરૂં, મરૂં કે મારૂં એટલે પત્યું ઋણથી છૂટતાં સંસારથી છૂટાશે તો બધી ઉપાધિયોથીયે છૂટાશેજ; ચાલ ત્યારે. "

સરયૂ તૈયાર હતી તેણે રાજભવનમાંથી બહાર નીકળવા પગલાં ભર્યાં ત્હેની સાથે દૂનિ આવ્યો—" સબુર ! સરયૂ ! ત્હારૂં આ સાહસ વાસ્તવિક નથી " સરયૂ ચમકી—સ્તબ્ધ થઇ અને હતી ત્યાંજ ઉભી રહી અને બોલી જવાયું—" ત્યારે ! "

" દુષ્ટોને બિરમલના માણસો ધારે છે, તે તેના નથી પણ બીજાજ છે, ને તેથી ત્હારી પ્રતિજ્ઞા પૂરી થવાની ધારણા વ્યર્થ છે; એ દુષ્ટોમાં તું સપડાઇ જઇશ, ને પ્રતિજ્ઞા પૂરી થશે નહિ "

" ત્યારે ! " મ્હોમાં આંગળી ઘાલી ચિડવાયલી સરયૂએ સઆશ્ચર્ય ક્રોધીત ઉચ્ચાર કર્યો—પ્રત્યુત્તરમાં દૂનિ સંભળાયો.

" પિતૃપ્રતિજ્ઞા પાળવી હોય તો ત્વર જ્યાં દષ્ટિદોરે ત્યાં ચાલી જા "

" એટલે ? "

" મહાત્મા યોગાનંદના ...... જા "

" ત્હમે ક્યાં છો ? કોણ છો ? કહેશો ? ક્યાં રહેશો ? "

" ઢુંઢામાં × દેવવાણી છે–બસ ચાલી જા; "

સ્વપ્ન પછી દેવ પરની તાજી રહેલી શ્રદ્ધાએજ સરયૂની વૃત્તિ ફેરવી[1] અને મનની મનમાં રાખી પાછલી બ્હારીએ પલાયન થઇ ગઇ અને અવાજ કરનાર ગંગા રાજભવનમા સોડ તાણી સુઇ ગઇ.

હકીકત એવી હતી કે જગદંબાના નામે નામાંકિત થયેલી સરયૂની પૂજા, પવન વેગે સર્વસ્થળે પસરાઇ, અને તે રીતે ચંન્દ્રેશરાજ કે જે એની શોધમાંજ રમતો હતો તેને કાને પણ એ વાત ગઇ ને શક પડયો હતો કે એજ સરયૂ હોય ! શક પડતી વાતજ ભીકમલને મોકલી દીધી, અને ત્યાથી તાબડતોબ સન્દેશો પણ પાછો ફર્યો કે સરયૂજ હોય તો હવે એને પુત્ર વધુ બનાવવાની આશા એ હવાઇ કીલ્લો બાંધવા જેવું લાગેલુ હોવાથી ઠાર કરી દેવી બસ; એ સિવાય નિરાંત વાળવાનો અન્ય ઉપાજ નથી અને એ ઉપરાંત પોતાની સ્વામી પણ ત્યાંજ (સૂરગામમાં) આવવાની જણાવેલી; આ પ્રમાણે ઠાવનું મડાયા પછી ચન્દ્રેશરાજ પોતે પોતાના માણસ સહ સૂરગામ જાય, તે અગાઉ તે પ્રપંચી રાણાએ એવું તરકટ રચ્યું હતું કે સૂરસિંહને ત્હેની ઉપાડી પડેલી સત્યાગ્રહની ચલવળને અનુમોદન આપવાની મિશે ચન્દ્રેશ નગર બોલાવ્યો અને એના દ્વારા કેટલીક ચોકસ પણ પોતાની ધારણામાં ટેકા મળે એવી બાતમી મેળવી લઇ ધારણા સફળ પડવાની આશાએ એને ફસાવ્યો–કારાગ્રહમાં નાખ્યો અને સત્યાગ્રહનો સવાલ એટલેથીજ અટકવા પામ્યો:

× બેશક ગંગાને દેવેજ જેમ બુધ્ધિ આપી, તેમ તેણે કહ્યું; એની માન્યતાથી તે આમ બોલી હતી એટલે એમાં જાદુ નથી.

[1] જુઓ પ્રકરણ પાંચમું

દરમિયાન ચન્દ્રલરાજ સૂરગામ માણુસો સાથે આવી ચઢ્યો અને ભીરૂમલને આવવાની રાહ જોતો રાજભવન ઘેરી ત્યાંજ પડાવ નાખ્યો.

આ અરસામાં ગંગા અને ત્હેનો નિમકહલાલ નોકર ત્યાં આવી પહોંચ્યા, અને બન્નેએ ભીરૂમલના મોકલેલ માણસ તરીકે ઓળખાણ આપી છૂપી વાત, મમતમાં મરડાયલા ચન્દ્રલરાજ કનેથી કાઢી લીધી. અર્થાત્ સરયૂને ઠાર કરવાના સબ્દો સાંભળી લીધા. ને ત્યાર પછી ગંગાએ લાકડાના દેવને ખાસડાની પૂજાની પેઠે યત્ન આદર્યો.

તે એવી રીતે કે "ભીરૂમલ પાછળ આવે છે, અને જો સરયૂ માને તો હજુ વળી મનાવવી એમ કહી અમને બન્નેને આગળ મોકલ્યાં છે. અને એમના આવ્યા સિવાય તમારે કાંઇ પણ ન કરવાનું કહાવ્યું છે," આમ કહી નોકરને તપાસનાર્થ ત્યાંજ રાખી ચન્દ્રલરાજની આજ્ઞા મેળવી ગંગા રાજભવનમાં દાખલ થઇ હતી. જતાં જતાંજ ત્હેને ભીરૂમલનાં માણસોને આવવાનું ચિહ્ન માલુમ પડ્યું હતું ને તે ખરૂં હતું.

આ તરફ સ્વામીને ગયે બે ત્રણ દિવસ થઈ ગયા છતાં તે પાછા નહિ ફરવાથી સરયૂને પણ સન્દેહ ઉપજ્યો હતો, ને તે સન્દેહ સાચો પડાવનાર ચન્દ્રલરાજના માણસો બીજે દહાડે તો રાજભવન ઘેરી બેઠેલા તેણે જોયાં હતાં તથાપિ તે ભિરૂમલનાં માણસ જાણતી હતી ને તેથી કાળા કર્મ કરનાર, કુકર્મીની સ્હામે થઇ, અતિ અન્તરાયોથી આકુળવ્યાકુળ બનેલી વીરબાળા હવે મારવા કે મરવા સજ્જ થઇ હતી.

આ બધું નાટક ભજવાયા પછી ભીરૂમલની સ્વારી આવી પહોંચી અને તે વખતે ચન્દ્રલને તે મળ્યો અને તેના તરફથી મોક-

લેલા સ્ત્રી અને એક આદમીની વાત કરતાં તે ચમક્યો અને દગો છે, એમ સમજી સત્વર રાતના વખત વાળા દિવસે ભીરૂમલ રાજભવનમાં પ્રવેશવા તૈયાર થયો. પ્રવેશની વખતે ભલા ભીલ ભાયાતો એ બને તેટલું કર્યું. અને ઘણાએ રાજ ફરજ પાછળ પ્રાણ છોડયા પણ બે રાજના માણસ આગળ તેમનું ઝાઝું ટકી ર'વાનું ગજું નહતું; આ ધમાલમાજ ગંગાનો નોકર ઉઘાડો પડયો કેમકે એનાથી આવી કઠોરતા ખમી રહેવાઈ નહીં, ને ભારમલ પોતાના માણસ સાથે રાજભવનમાં પ્રવેશ્યો તે વખતે ત્હેણે આ નવું નાટક ઉભું કરનાર મમતીલા ચન્દેલરાજના પેટમાં પોતાની કમરે ખોસેલો બે ધારી છરો ઘોચી મોટો કોળાહળ ઉભો કર્યો; આ તરફ સોડ તાણીને સૂતેલી નવી સરયૂને, અતિ ક્રોધમાં આવેલા ભીરમલે માણસને ઠાર કરવાના હુકમ પ્રમાણે અસિના ઘાથી બે ભાગ કર્યા. ગંગા તે ખમી અને સ્વર્ગે ગઇ. દુષ્ટ ભીરૂમલ એમ જાણતો હતો કે સરયૂ ઉંઘમાં છે ને તેને જાગૃત કરીશું તો વળી પિતૃ, પ્રતિજ્ઞા પાળવાને મથશે ને તેથીજ ઉંઘતાં મારવાની ભીરૂતા ભરી આજ્ઞા કરી હતી. દુષ્ટને એટલોએ ખ્યાલ નહતો આવ્યો કે 'આટલા ઘેઘાટમા વીર હૃદય નિરાંતે નિદ્રા લઇ શકે ! આમ ગંગાનું મૃત્યુ થતાં વિજય મેળવ્યો જાણી ભીરમલ નીચે ઉતરીને જૂવે છે તો ચન્દેલની પણ તેજ સ્થિતિ અને ચન્દેલની એવી સ્થિતિ કરનાર (નોકર) પોતે પણ જીવવાની આશા રાખવી એ વ્યર્થ માની પોતાની મેળે ફરજને અન્તે મરી ગયેલો પડયો હતો.

ભારમલને આથી જો કે જરા ગમગિની થઇ, પણ સરયૂની ફાંસ ગયેલીના ઉમંગ આગળ ચન્દેલનું મૃત્યુ કે દગા બગાની વાત વિશેષવાર લક્ષમાં રહી નહીં.

ચન્દ્રેશ્વરાજની અવસ્થા થોડા કાળ પછી ઉતારવાના હેતુવાળો બોરમલ સહર્ષે—ફુલાતો ને ફુલીને ફાળકો બનતો પૂર તરફ પાછો વળ્યો.

ભલા બાયાનોએ ગંગાની લાશને એમને એમજ બાળવી રાખી કેમકે પોતાનો પૂરપાલ પુન મળવાની તમન આશા હતી મરતાં મચ્ચેલા બાપડા ! બાલ ! હોશ કાશ ઉડા ગયેલા દેદારે " રાણો શું કહેશે ? અને શુ મોઢું બતાવશુ ?" એ ચિન્તામા ગળી જતા હતા.

ગંગાની ધારણા એવી હતી કે સરયૂને સ્થાને જો પોતે પ્રાણ ન આપત, તે બન્ને નાસી છૂટત, તો પાછળજ થતુ પડત, ને કદાચિત પકડી પાડત, આ કરતાં તે પોતાને સરયૂ માની, મરી ગયેલો માની તૃપ્તિ પામે તો સરયૂની શોધનો વાત વિલય પામે અને તેથી તે સુખરૂપ યોગમઠમા પહોચી જાય, આ પ્રમાણે ફરજ બજાવીને છેલ્લીવારનં સરયૂનુ મુખ જોઈ ગંગાએ સ્વર્ગના ગમન કર્યું વન્દન મેયા ત્હને—ભારત ભૂમિને પણ ત્હારા જેવી કર્તવ્યનિષ્ઠ રમણીઓજ જોઇએ છીયે.

---

(૧૫)

" છેલ્લો નિશ્ચય "

" પ્રભૂએ પાંખો બક્ષી હત તો ક્યારનીયે ક્યાંની ક્યા ઉડત ! આત્માની પાંખ તો સંકૂચિત છે "

ગુપ્ત દૂનિના વિશ્વાસે, તેને દેવવાણી જાણીને આજ્ઞાનુસાર સરયૂ યોગમઠમાં જવાના રસ્તામાં આવું આવું બડબડતી હતી.

અમે તર કપાય છે, ખાણું એ ઉગે છે, અહિ હીણું થાય છે. પુન: જ્યી જે એ રીતે મહન્ત હસ્તી કષ્ટ વખતે કદિ ગભરાશે નહિ અને સ્વકર્તવ્યમાં સતત્ મગ્ન રહેશે—આવેલાં અન્તરાયને ભેદવાનાં સાધન સર્જન કરશે; ખરૂં છે કે ચન્દનકાષ્ટ જેમ ઘસાય, તેમ તેમાંથી પરિમલ વધુને વધુજ ફેલાવાની; અને એજ નિયમ ઉચ્ચ હસ્તીને લાગુ પાડશો તો પ્રતીતિ થશે કે એઓનાં સંકટ સમયે હૃદયથી, ઝરનાર અગ્નિ એવી હોય છે કે તેનું યથાર્થ-પાત્ર પાનકરનાર મર્ત્ય ભાવના ભૂલી જઇ ક્વચિત્ અમર્ત્ય જીવનની ઝાંખી કરી શકે છે। બેશક, મહાન હસ્તી માટે તો એમ પણ કહેવાય છે કે એમની શક્તિઓનો વિકાસ વિપત્તિ વખતેજ દુનિયાને દૃષ્ટિગત થાય છે અને લોકો ત્યારેજ અનુકરણ કરવા કે પૂજ્ય દૃષ્ટિથી જોવા આકર્ષાય છે; ત્યારે જો આ સર્વમાન્ય હોય તો વીરબાળા સરયૂ માટે પણ એમજ.

યદિ માનીએ તો એ રાજકુંવરીને માથે દુઃખના દેખીતાં ઝાડ ઉગવાનાં બાકી રહ્યા છે તો પણ તેણે હેના અડગ નિશ્ચયોને ફેરવ્યા નથી, કે પવિત્રત્વમા પાપનો અંશ સ્પર્શ્યો નથી સરયૂ પાછી હતી એની એ સ્થિતિએ આવી પહોચી છે। યોગમઠમાં જવા માટેનો કંટક માર્ગ તો એણે કાપી નાખ્યો છે કાપતાં વિતી હોય તે વિટંબણાનું વારંવાર વર્ણન આપવા કરતાં વાચનાર પોતાની મેળે ખ્યાલમાં આણશે; હવે યોગમઠવાળો ડુંગરો નજીક આવ્યો, તે વખતે સરયૂ ડુંગરાની નીચે ઉભી રહી ઉંચુ જોવા લાગી-સઘળી બાજૂએ નિરિક્ષણ કર્યું અને ઉપર ચઢવાનો વિચાર કર્યો-પછી કછોટો વાળ્યો, અને કતરાને માર્ગે, કાંટા ભાગતી, ઝરડાં ઝાંખરાંમાં ભરાતી, ભેખડો, નાળાં ને ખાઇઓ ઓળંગતી પોતાના પિતાના પ્રિયગુરુ શ્રી યોગાનંદના 'દર્શનાર્થ-કહો કે 'દેવવાણીનો 'ખુલાસો મેળવવા ચાલી.

સરયૂ આ વખતે પૂર્ણ ખીલી હતી અને પૂર્ણ સબળ હતી ! જેમ જેમ તે ઉંચે ચઢતી ગઈ તેમ તેમ તેને બહુ મઝા પડવા લાગી. હમણાંજ શિખરે પહોંચવાની તૈયારીમાં હતી, તે વખતે મીઠો પ્રભાતનો પહોર હોવાથી પ્રભાકરની પ્રભા પડતા પહાડના ઉદરમાંથી નીકળી ઉંચે ચઢતા ધુમસ, તથા નીચી દૃષ્ટિ નાખતાં નીચેની સઘળી વસ્તુઓ પરથી સ્ફુરતા નવીન ભાવમાં વારી ગરકાવ થવા લાગી ઈશ્વરની અનૂપમ લીલા જોઇ ત્હેનાપર અતિ અનુરાગી હોવા લાગી અને ઘડીવાર સંસારની લડાઇઓ અને પટરાગ વિસરી જઇ કંઇક આવાં ગીત ગાવા લાગી.

ભલો ભાસે ભાનુ કિરણ નિજ નાખે ભૂમિ પરે
અને તેથી આ શું ! 'રૂ' ઢગ સમ વ્યોમે ભૂખા ચડે
ન હોયે રૂપાનો રસ, ધૂમસ કિન્તુ વરસતો
અને સાથે સાથે અનિલ પુર ઘુસ્વાટ કરતો
ગિરિ ગૂહા ઝાડી શિખર પર થોભી નિરખતાં
ન પહોંચે દૃષ્ટિ કે મન ગહન ને ભિન્ન બનતાં
વિભૂ ! લીલા ત્હારી અકળિત અને લોક અરથે
ભલું એ ભાસે અહીં સુહૃદ બનતા તર્ક કરતા !
અને હોયે કોઇ મૂઢ હૃદયના માત્ર ઢિમ્મતી
શું જાણે તત્વોને ? શું ફળ શ્રમ કીધાનું વળતી !

*   *   *   *

*   *   *   *

ચઢી જોઇ પહાડે શિખર પર બને હિમ્મતથી,
પડી'તી ત્યારે તો કુદરત મહાઃ કિન્તુ પછીથી
અરે જે કંઇ શાંન્ત પરમ મુદઃ તેવા [illegible]

મણુ વાચ્યું એ હું અટલ મુજને ઉચ્ચ શિખરે.
ચઢેલાં કષ્ટો સહી પરમ સુખં લીલા અનુભવે
અને સંસારીના વિવિધ અળપાતા ભવ જુવે.
કસોટી પૂરી છે મહત્વું ઉચ્ચ તેમાં હૃદયની
યથા બાકી સ્નેહ ચઢી ઉતરવું એ "નીસરણી!!"

"ચઢેલાં કષ્ટો સહી," વાળા ચરણથી શરૂ થતી કવિતાના સૂક્ષ્મ ભાવે ઉપરનાં ચરણનું દિગ્દર્શન કરાવતી સરયૂ પૂર્ણ પ્રફુલ્લ હતી ભાન હતી અને એનું મ્હોઢું તો હસી રહ્યું હતું પલકે પલકે પલકતું!

સહી સલામત એ યોગમઠમાં આવી અને ચોકમાં પણ પેઠી. પરન્તુ પગ ધીમો પડયો—પાછો પડયો સરયૂના હસતા વદન પર ગ્લાની—અને ગમગિની ફરી વળી!

કેમકે મઠમાં સર્વત્ર અન્ધકાર હતું કોઇજ નહતું!

સરયૂ આ જોઇને હતી ત્યાંની ત્યાં પાષાણના પુતળા જેવી સ્તબ્ધ થઇ રહી. અને પછી અનેક વિચારને અંતે એક આ વિચાર પણ વિકસવા પામેલો:—" માતાએ તો છેક ઉછરતી વયમાં છોડી દીધી, પિતાએ ઉછેરીને છોડી દીધી! પછી ગંગા માએ પોષીને હડસેલી મૂકી! પછી અનાથ બની, અનાથ ને નાથ મળ્યો તે પણ તજીને ચાલ્યો ગયો, પછી સાધુને શરણે આવી પણ શરણાગતની લાજ..... દેવ ત્હારાજ હાથમાં હવે તો,—માત ખોવાણી, તાત ખોવાણો, માશી ખોવાણી; નાથ ખોવાણો મહન્ત ખોવાણો ને આખા સંસારથી નીરાળી—એકલી નીરાધાર ને અનાથ આ પામર જીવડાનો એકલો તો બાપ! મહાન પિતા! હવે તું જ—હર! હરિ! દેવ પાણીમાં પણ કંપ કેમ!!

હવે મારે કરવું શું ! ગંગાને ગોતું ! નાથને શોધું ! કે શત્રુને સંહારું ! જે પૂછેલું તે પૂછેલું, ને પછી તે પછી એમ અનુક્રમેજ હવે તો પિતાના શબ્દો પ્રમાણે મરણિયાં થઈ કામ કાઢી લેવું. ત્યારે તો હાય ! ધડકે છે કાં ! ચાલ ! ત્વરા થવી જોઈએ.

ભગવી કફનીઓ માળામાં બે ત્રણ જૂની પડી રહી હતી, તેમાંથી એક ઉપાડી અને રજ વસ્ત્ર બદલી તે પરિધાન કરી, ખૂણામાં તુંબીનું કમંડળ ને પાવડીઓ પણ પડેલી જોઈ ! વાનો પોતાને ઉપયોગી સમજી તે પણ વગર સંકોચે ઉપાડી લીધું.

જ્યાં ને યોગિણી થઈને યોગ બાળા પાછી ચઢી હતી તેમ નીચે ઉતરી ભીરમલનાજ પ્રદેશ તરફ પર્યટન કરવા લાગી જતાં જતાં કંઈક આવું આવું ગાતી હતી—

" અમે તો જોગીઓનાં બાળ;
" ગેરૂ ધરીને ધરાવશું
" પીને પાઈ દઈશું કાળ—[1] અમે તો

* * *

(૧૯.)

" પાગલ. "

" ડગલે ડગલે ડુંગરા,............

બુંદેલખંડ—પ્રદેશના કિલ્લાની બહાર ફરતા પેલા સરજૂ ઘેલા પાગલે [અજીત] એક, દિશા તરફથી ઉપરનું સંગીત સાંભળ્યું; તેના કાન એક થયા, હૃદયના તાર સર્વ તે દિશામાં પહોંચ્યા અને ઊભો હતો ત્યાંજ સ્થિર થઈને સાંભળવા લાગ્યો.

............વિકટ પ્રેમનો પન્થ. "

---

૧ કવિ નાનાલાલ.

પાગલ એકદમ ઉછળ્યો અને બ્હાવરો બની બધે જોવા લાગ્યો. વળી લહરી આવી:—અને વળી એકાદ ‘ચરણુ બોલાયલું’ તે લહરી ભેગું સમાઇ ગયું, પણ પાગલ શંકા અને વિચારમાં રોકાયલો હોવાથી તે સાંભળી શક્યો ના. તે વિચારતો હતો:—

મને બન્ધ બેસતું કોણ ગાય છે આ ? અત્યારે કાળી અન્ધારી રાતે ક્યાંથી આવો મીઠો ને કાળજાને વિંધી નાખે એવો વીણા શો ઝીણો સૂર આવે છે ! મરી ગયલી સરયૂ તો સ્વર્ગે રહી નાદ ના કરતી હોય ! ” પાગલે ઉંચું ભાળ્યું—તો ઝળુકતા તારા જાણે ત્હેની હાંસી કરતા હોય ! એવો એને ખ્યાલ થયો, પાગલે પુનઃ સાંભળ્યું:—

....“ સન્ત પામતા અંત ! ”

ખોટું ! “ પાગલ બોલ્યો, સન્ત જો અન્ત પામતા હત, તો હું પણ સરયૂને સારી રીતે ચ્હાતો હતો ને સન્ત એટલે એની વાંસે બાવો બન્યો છું ત્હોય મ્હને તે મળી ના; બોલનાર મ્હારી કને આવે તો ત્હેની કને આ’નો ખુલાસો માગું. અથવા પુનઃ એકવાર આનાર ! એકવાર પુનઃ ગાય તો સૂત્ર તાકી (સમજી) હું જ તે તરફ વળું ને તેને મળું. ” પાગલ રાહ જોતો વિસ્મિત ચિત્તે ઉભો રહ્યો; ગાન લલકારાયું:—

“ દીવાને દરકાર નહિ, બળી બળી મરે પતંગ;
એવો જીવડા જાણ તું અજબ પ્રેમનો રંગ. ”

પાગલે સૂર પકડી લીધો ને સૂરવાળા માર્ગે વળ્યો—જતાં જતાં નિશ્વાસો નાખીને લવતો હતો હું અત્યારે મરવાજ નીકળ્યો હતો કોઇને કહ્યા વગર મરવાજ નીકળ્યો હતો. સરયૂ મેળવવાની આશા—તેના મરણે ધૂળમાં મળી, તો હવે જીવીને શું સુખ મળ-

વાણું હતું ! ને હવે મને, આ ગાનાર મારા મતમાં ટેકો આપે છે. પ્રેમનો રંગ તો એવોજ—ખરેજ.

પતંગીઉં બળી જાય, ને તેની દીવાને કશી તમા નહિ ! પણ, મરવું બહેતર છે. હું પણ, પતંગીયાની પેઠે, સરયૂની વાંસે પ્રાણ છોડું તોજ ખરો ચ્હાનાર ઠરૂં, ને એક રીતે હવે જીવીને શું સુખ છે ? લોકોએ મને પાગલ ઠરવી દીધો છે.

મારી શક્તિ સઘળી નષ્ટ થઇ છે, મારી આબરૂપર પાણી ફરી વળ્યું છે, મારૂં કશું વજન પણ નથી......

ચાલતાં ચાલતાં પાગલે યોગીણીની છાયા જોઇ ને હવે એનો પગ ઉતાવળે ઉપડયો. યોગીણીએ એને જોયો નહતો, કેમકે યોગી-ણીની પૂઠ હતી. પુન. તેણે લલકાર્યું.

"કેદી બા ન કોચી શકે કોમળ કમલનુ પાન;
બોભ કઠણ પણ કોચશે જો એ પ્રેમ નિશાન "

પાગલે યોગીણીનો પાછળથી આવીને હાથ પકડયો, યોગી-ણીએ પાછું વાળીને જોયું, તેણે અજીતને ઓળખ્યો, પણ કશું બોલી ના.

"મધ્યરાને આપ આ શુ ગાઓ છો ને ક્યાં જાવ છો ? સુ-ણ્ર કરો ને મને થોડુંક સંભળાવો." પાગલ બોલ્યો.

"હાથ મૂકી દો.—અમ યોગી લોકની કને સંસારિયાંને આ વાતું છાજતુ નથી, કોણ હશો તમે ?"

"સરયૂઘેલો—સરયૂના મરણે મરવા પડેલો, ને મરવા તૈ-યાર થયલો. આ બુંદેલખંડના રાજા ભીરૂમલનો પુત્ર અજીત ! દેવી, મરતાં તમેજ ગીત ગાઇને બચાવ્યો છે. ' તો હવે કંઇક ખુલાસો કરોઃ—વિકટ પ્રેમનો પન્થ, ને સત પામતા અન્ત !" એ બરા-

નાર ઉમળ્યા.”

“ ખરેખર પાગલ છો. મને હવે સમજાય છે કે મારા યોગીન-ના અંતે ખુશી રીને તું કશું લવતો હતો; ને તે તારાજ [illegible] હતા. પાગલ ! પ્રેમને નામે મોહાન્ધ બનેલા મૂર્ખ મનુ ! તું પ્રેમને નહિ કળી શકે, તેના દૈવી સ્વરૂપના ઝાંખી ત્હારા ચર્મચક્ષુથી નહિ થઇ શકે. આ ત્હારો સ્થૂળ આત્મા ત્હેને નહિ ભેટી શકે.—સરયૂને મરેલી માનનાર ભ્રમિત ચિત્તના અજીત ! તે જીવતી છે.

પાગલ વજ્રપ્રહાર સહી શક્યો ના—જીવતી સરયૂને જોવા તે અતિ આતુર બન્યો— યોગીનીએ ઉત્તર વાળ્યો.

“ તું એને જોઇને શું કરીશ ? એ ત્હને ચ્હાય છે ?

“ ચ્હાવી જોઇએ, કેમકે હું એને ચ્હાઉં છું.”

“ તું ચ્હાય છે ? સાચું કહે—ચ્હાય છે ?

પાગલે ખોસેલું ખંજર ક્હાડ્યું ને બોલ્યો—આ મ્હોઢાના શબ્દોપર વિશ્વાસ ન હોય, તો હવે હૃદય ચીરીને બતાવું કે ચ્હાય છે કે નહીં ! જ્યારથી મ્હેં એને યુદ્ધમાં ઉતરતી વખતે જોઇ ત્યારથી તેના રૂપે મ્હને ચ્હાવાનું શિખવ્યું છે. હું ચ્હાતાં ને તેને અંગે સ્હેતાં તદ્દન બળી ગયો છું. યોગીજન ! બળેલાને ઝાઝું બાળો માં મને એ બતાવો.

એના રૂપની, એના શબ્દની, ને એના સર્વાંગની મને એક જ વાર પુનઃ ઝાંખી થાય તો હું મરતો બચું.”

“ આ શબ્દોજ સાક્ષી પૂરે છે કે તું એને ચ્હાતો નથી, પણ એના બાહ્ય મોહક અંશને ચ્હાય છે.”

“ હું ચાહું છું—લ્યો આ ખંજરને જોઇ લ્યો. જે રીતથી પરીક્ષા કરવી હોય તે કરીલ્યો. યોગીણીએ ખંજર લીધું ના, તે બોલી.”

હું તારા શબ્દોપર ધ્યાન દઇ રહ્યો છું કે તે મ્હાલ છે જ. અને ધારો કે અજીતસિંહ! તમે ચાહો એ તો—એ વ્હાલ છે તો ભૂલી જાવ.

" ભૂલી જાઉં શી રીતે ? "

" ભૂલવાની રીતે; કેમકે એ રીતો એવી હોય; તેને ભૂલી જાવ, તો તેને બતાવી શકું."

" ભૂલ્યો છું યોગીજન! બતાવો ભૂલ્યો છું."

" તો હું જ સરયૂ છું! આ ભગવો વેશ ત્હારા પિતાને આ તરફથી અસિથી ઠાર કરી પિતૃપ્રતિજ્ઞા પાળવા ધર્યો છે, નહિતો હું સરયૂ પોતે જ છું મને જોઇશે, નિશંક જોઇશે તને જોઇ મને દયા આવે છે ને તેથી કહું છું કે હવે છેલ્લીવાર આ સરયૂને જોવા માત્રથી જેટલી તૃપ્તી મળે તેટલી મેળવી લે ને પછી મને ભૂલી જા"

પાગલ તેને વળગવા જતો હતો. સરયૂ દૂર ખસી— " દૂર! મ્હને ભૂલી જા! તું મ્હારો સ્નેહ જીરવી શકે તેમ નથી કેમકે તને માત્ર મ્હારી મોહિની લાગી છે—સ્નેહની લગની લાગી નથી.

" ભૂલી જવાનું..."

" હા; ભૂલી જવાનું કેમકે સરયૂએ એને યોગ્ય વીરપુરૂષને હૃદય અર્પી દીધું છે."

" તો હું ત્રિશંકુ ! મને મરવાદે, હાય સંસાર પ્રેમ "—"હા હા રાજકુમાર!" પણ સરયૂના બોલતા કે અટકાવવા પહેલાં તો તેના પેટમાં ખંજર પેસી ગયું હતું તેના ખોળાંઆમાં પ્રાણ ન હતો "

(૧૭)

" અવધિ "

પોતાના મનથી સરયૂનો વધ થયેલો માનનાર ભીમમલ,તાબાના આખુસો સહ સુરઆમથી પાછો ફરીને પુર (બુંદેલખંડ) તરફ જતો હતો, એજ માર્ગમાં મહાત્મા યોગાનંદના મઠવાળો ડુંગર હતો, અને તેથી સરયૂના કાળ મરણની અફવા મઠમાં પહોંચે એ સંભવિત હતું:

પરન્તુ એ અશુભ સમાચાર યોગમઠમાં વિલંબે મળવાથી તેઓ ('નવા' સાધુઓ) પોતાની ધારણા બરાબર બર લાવી શક્યા નહિ; અગર જોકે તૈયાર સઘળા સરદારો સાથે સ્વામી યોગાનંદ હવે રણયજ્ઞનો આરંભ કરવા મઠમાંથી બ્હાર નીકળી ચૂક્યાજ; અને તેઓ પ્રથમ તો સૂરઆમ ભણી ચોક્કસ તપાસ મેળવવા મચ્યા હતા.

આ તરફ ભીમમલને એનો પાગલ બનેલો પુત્ર અજીતસિંહનો વગડાઉ વાટેજ મેળાપ થયો, અને એને જોરએળે સાથે સાથે બુંદેલખંડમાં આણ્યો હતો. દરમિયાન તેના પરિણામથી તો વાંચક વાકેફ છે.

નિષ્કંટક રાજ્ય માનતો ભીમમલ નગરમાં પ્રવેશી પ્રજાનો સત્કાર પામ્યો ના ! જાણીજોતી રીતે નિર્દોષ સરયૂના વધની વાત સાંભળી અગાઉ થયેલા એજ પ્રમાણેના એના પિતાના મૃત્યુનું સ્મરણ થઇ આવ્યું અને સઘળી પ્રજા ભીમમલ પર ક્રોધ, દ્વેષ અને તિરસ્કારની દ્રષ્ટિએ જોવા લાગી; અને આથી ભીમમલનું હાથ ભીમ બન્યું તેમજ માર્ગમાં એને આવનવા જે વિચારો આવ્યા હતા તે પર પાણી ફરી વળતું પોતે અનુભવવા લાગ્યો.

સ્વર્ગસદન જેવા પોતાના શયનભવનમાં મધ્ય રાત સુધી જાગતો પડી રહેલો શ્રીરમલ દીવાનખાનામાં પોતાનાં કાળાં કર્મને લઇ બેઠક સ્વંદષ્ટિએ વિશ્રાંજ દેખી રહ્યો હતો.'

જેના પર રાજ્યનો અમલ કરી રાજા તરીકે રહેવાનું તે પ્રજા તો હેના સ્હામી થઇ છે, જેના માટે મહા નાટક ભજવાયું તે સરયૂને પોતે પ્રાપ્ત કરી શકયો ના– અને મરી ગયેલી મનાઇ છે અને જેના પર ઝઝુમવાનું, તે પુત્ર તો પાગલ બની ગયો છે, ત્યારે હવે વિત્ત વૈભવ શા કામના !'

શ્રીરમલને આ વિચારોએ ઉંડા ખાડામાં ઉતારી પાડયો હતો, અને સઘળે સ્થળેથી તે હવે ભયનેજ માત્ર જોતો હતો.

સરયૂ–યોગીણી વેશે તે કાળે તેના દિવાનખાનામાં દાખલ થઇ; સરયૂ અત્યારે સરયૂ નહતી પણ કાળ સમોવડી હતી. નિડરપણે વગર સંકોચે અને માત્ર મરવું કે મારવું એજ નિશ્ચયે વીરી સડસડાટ ઉઘાડી–ચળકતી અને તરસી અસિને તૈયાર રાખી શ્રીરમલની છાતી આગળ ઉભી રહી.

શ્રીરમલ ચોકયો, ગભરાયો અને છેક દુર્બળ બનેલો તથા ઉક્ત પ્રતિપાદિત વિચારનાં વમળને અંતે જેનાં ગાત્ર શિથિલ થયાં હતાં એવો શ્રીરમલ પિપળાનાં પાન પવનથી હાલે તેમ ધ્રૂજવા લાગ્યો. ધ્રૂજતાં ધ્રૂજતાં ત્હેણે પૂછ્યું–" મારા ભવનમાં ચંડિકા–જેવાં આપ કોણ છો અત્યારે ! "

" સરયૂ ત્હારા લોહીની તરસી આ અસિને તૃપ્ત કરતાં–જિંદ પ્રતિજ્ઞાના બંધુથી આજ અત્યારે રે આ પહેલ મુકત થતા તૈયાર બનેલી 'હું પવિત્ર નારી ' બે હાથમાં સમશેર, ને ઘણ ના સ્હામો ધુણીને

" સરયૂ ! સરયૂ તો સ્વર્ગમાં......"

"નહિ, આ બાળિકાનું મુખ જ્યોતિ ધરાવે છે. સ્વર્ગમાં તો ત્યાંથી પાગલ પુત્ર શિખાવ્યો છે. ને મેં આ એનું ધડ રાખી મૂકી નાખ્યાં."

"આ હું શું જોઉં છું! સરયૂ હજી જીવતી છે! ને ખરેખર એના એક દીકરાનું તેં મોત આપ્યું! રે છે કોઈ હાજર!"

"હાજરમાં હું અને તું બે-બસ આજીજી બાવળા સ્વાર્થી!

સ્વામીનું, સરયૂની તરસી અગ્નિએ શિર છેદ્યું, અને રુધિર પણ પીધું. સરયૂ હવે ઋણથી પણ છૂટી છે.

ભીમબલનો વધ કરી પાછી વળતાં નગરના દરવાજા આગળ જ એને પોતાના પ્રાણાધાર સૂરસિંહના દર્શન થયાં!! મધ્યરાતેજ.

યોગાનંદ સહ સઘળા સરદારો સૂરગ્રામમાં જઈ ત્યાં બીજા બાંધાતોને મળ્યા હતા, અને તેઓ દ્વારા મળી તેટલી બાતમી મેળવી લીધી હતી, તપાસ કરતાં સરયૂને બદલે ગંગાનું શબ માલુમ પડ્યું ને તેથી સર્વને હિમ્મત આવી. ગંગાના શબને સાચવી રાખવાનું બીજાને સૂચન થયું; સરયૂના અસ્તિત્વનું દરેકનામાં નવું બળ આવ્યું, અને નિરાશા, આશાના રૂપમાં પલટાઈ ગઈ.

સુભાષાથી સંતુષ્ટ થયેલા સઘળા સરદારો ત્યાંથી ભીલોના કહેવા પ્રમાણે ચન્દ્રવનગરમાં સૂરસિંહ હોવાનું અનુમાન ચોક્કસ કરવા ગયા, અને ત્યાં તેને કારાગૃહમાં પડેલો જોયો. સર્વ નગરની પ્રજાને પોતાને ઘેર કરી સૂરસિંહને બન્ધન મુક્ત કરી તેને પોતાના પાસે લીધો અને બધા મળી બુંદેલખંડ પ્રદેશ તરફ વળ્યા હતા.

મધ્ય રાત્રી પછીજ સઘળા સરદારો બુંદેલખંડના કિલ્લા આગળ આવી પહોંચ્યા હતા, અને ત્યાં પડાવ નાંખી સર્વ પડ્યા હતા, સૂરસિંહ એકલો સર્વનો રખવાળ (રક્ષક) કેપ્ટન બન્યો હતો.

આગળ વિદિત કીધા પ્રમાણે સરયૂને સૂરસિંહનો અકસ્માત સમાગમ થયો અને ઉભય સત્ય કે સ્વપ્નની શંકામાં પડયાં; થોડું એક પછી તો યોગાનંદ વગેરેનો મેળાપ થયો, પરસ્પર સઘળાં મળ્યાં બાકી ગંગા હતી, તેના સમાચાર સાંભળતાં સરયૂ દુઃખ પામી, તેમ બીજી રીતે ગંગાની અપ્રતિમ સાહસિક ફરજ જોઇ તેને ધન્યવાદ આપવા પામી, તેમજ ફરજથી છૂટેલી ગંગામૈયા નો સ્વર્ગમાં જ છે
રીતે સરયૂનાં મનનું મહાત્મા યોગાનંદે સમાધાન કીધું.

પ્રાત સમય થતાંજ લડાઇની તૈયારીયો થઇ તથાપિ લડાઇ કરવાની કોની હને ? રાણો મરણ પામ્યો હતો, અને પ્રજા સરયૂને જોઇ ગાંડી ઘેલી બની હતી.

સરયૂના સ્વામી સૂરસિંહને બુંદેલખંડની ગાદી યોગાનંદ હસ્તે અર્પાઇ, સરયૂ તેની હને રામસીતાના યુગલ પ્રમાણે સોહાઇ અને વસિષ્ટની આશિષ પ્રમાણે મહાત્મા યોગાનંદની શુભાશિષની વૃષ્ટિ થઇ; નિમકહલાલ નોકરોને મન માનતાં ઇનામો મળ્યાં; દરમિયાન ગંગાના શબને અત્ર આણી તેની યોગ્ય રીતે દફનક્રિયા થઇ, નગરના મધ્યસ્થળે મોટા ખરચે તેનું પુતળુ (બાવલું) ગોઠવાયું, બુન્દેલનગર અને સૂરગ્રામના રજવાડાઓ માટે પણ યોગ્ય વ્યવસ્થા ઉતરી અને જે વખતે પાંચ વર્ષની બાળકી સરયૂ જેવા લ્હાવ લેતી હતી તે પ્રમાણે એટલે આદિ પ્રમાણે મધ્યમાના વિકટ વાવાઝોડાને વિદારવાથી અન્તે પાછી એજ-એવાજ બલ્કે તેથીયે ઉત્તમ લ્હાવ લેવા ભાગ્યશાળી બનેલી.

(પૂર્ણ)

સમાપ્ત.

ડાક્તરનું અમૃતબિન્દુ

અજીર્ણ, ખેંચ, શૂળ, ઝાડા, મરડો, અતિસાર, ૨ અ
કાતરો, નબળાઈના ઉલટી, દમ ખાંસી, સળેખમ, અધાશિ
શી, સાધારણ માથાનો દુખાવો, માથાના સણકા, આંખ
દરદો, દાંતનું કળતર દાંતમાંથી લોહી નીકળવું, અવાજ
બેસવો, કાનમાં દુખાવો, સળકા પરનું બળવું, દાદર, ખસ,
ખરજવું, સાંધાના સંધીવા નામર્દી, નબળાઈ, હરસ, પ્રમેહ, વા
તાવ, મોં આવવું શરીરની ચામડી ફાટવી, લૂ લાગવી
પાણીથી ચામડીનું વહેવું ઘા પાકવો, ઘામાં જીવ પડવા, ગરમી
દુખાવા ગળાનું ફાટવું, બેચેની સુસ્તી, અરોગ્ય ગ.હે, અ ડ-
બુદ્ધિ અન્તરોગ, સરદી વાયુનો ગોળો, તીવ્ર, નળબંધ વાયુ,
શરીરના કોઈપણ ભાગનો દુખાવો, વીંછી ભમરી મધમાખ,
કાનખ, માકડ, મચ્છર વિગેરેના ડંખની પીડા, વિગેરે એક
અનેક દરદોના એકજ ખરી ખાત્રીની દવા

ડાક્તરનું અમૃતબિન્દુ છે.

દર મહીને તેની હજારે શીશી ખપે છે ડાક્તરનું અમૃત
બિંદુ ખરેખર મીત્ર હોય છે તો તેની દરેક શીશી ઉપર સરકારી
રજીસ્ટર્ડ નં ૮૨૧-૧૦ હોય છે તે તપાસીને શીશી ખરીદ
કરજો તે શિવાયનો માલ ખોટો બનાવટી અને નકલી સમજવો.

બળતા નામો, એક સરખી ચળકાટનો અને એક સરખા
દેખાવોથી ઠગાઈ જતા નહીં ડાક્તરનું અમૃતબિંદુજ લેજો
બીજો તેના જેવા કે તેનાથી સરસ કહી કોઈ વેપારી તમોને
ફસાવે નહિ, જાય તે માટે સાવચેત રહેજો

વિલાયતી દવાની બધી દુકાને વેચાય છે